# (૧) એક પ્રગટ્યો તેજ સિતારો....

પાટણ ! એક એવું કોડિયું ! જ્યાં વૈરાગ્યના ઘી થી અને જ્ઞાનની દિવેટથી સતત પ્રભાવકોની જ્યોત પ્રજ્વલિત રહે છે !

પાટણ ! એક એવી ધર્મનગરી ! જ્યાં દુકાનોની ઊભી શ્રેણીની જેમ જિનાલયોની શ્રેણીઓ છે.

જ્યાં ઠેર-ઠેર મનોરંજન કરતાં નાટ્યગૃહો અને કલાગૃહોની જેમ આરાધનાગૃહો-ઉપાશ્રયો છે.

જ્યાં રાજમાર્ગમાં અંધકારને નિવારતી સ્ટ્રીટ લાઈટની જેમ મોક્ષમાર્ગમાં કુમતિ-અંધારને હટાવતાં જ્ઞાનાલયો છે.

**જિનાલયો, ઉપાશ્રયો અને જ્ઞાનાલયોના ત્રિભેટે શોભતું નગર એટલે પાટણ !**

પાટણ ! એક એવો ભવ્ય પ્રદેશ ! જેણે ધનની સાથે ધર્મને ય સાચવ્યો છે, જેણે સંસ્કારની સાથે સંસ્કૃતિને ય જાળવી છે. જેણે રાજ્યધુરાની સાથે ધર્મધુરાને ય વહન કરી છે.

આજના સ્વર્ણિમ ગુજરાતનું એક સમયનું સ્વર્ણિમ પાટનગર એટલે પાટણ !

જ્યાં એક-એક શેરીએ, એક-એક પોળે એકથી અધિક જિનાલયો છે તો એક-એક જિનાલયે એકથી વધુ જિનબિંબો છે.

ચાલો, તેવા ધનસમૃદ્ધ અને ધર્મસુંદર પાટનગર પાટણની સફરે.

એક એવી પોળ અને એક એવો પરિવાર, જેમાં વદ-૨ની મધ્યરાત્રિએ ઉદયમાન ચાંદ પ્રગટ્યો !

કેશુભાઈની પોળમાં અને માઁ કાન્તાબેન, પિતા મફતભાઈના ગૃહગગનમાં- આજથી બરાબર ૭૫ વર્ષ પહેલાં એટલે કે વિ.સં. ૧૯૯૨ અષાઢ વદ-૨ની રાત્રિએ એક મીઠી ચાંદની રેલાવતો ચાંદ ઉગ્યો !

વદ-૨ના દિવસે ઉગેલા આ ચાંદની નિરંતર વધતી ચાંદની જોઈને જાણે આકાશનો ચાંદ ઈર્ષ્યાથી બળતો તે જ દિવસથી ક્ષીણ થતો ચાલ્યો.

જ્યારે આ અવનીનો ચાંદ ! ભલે એ પ્રગટ્યો વદ-૨ના, પણ સુદ-૨ના ચન્દ્રની જેમ વૃદ્ધિ પામતો આજે માત્ર સોળ જ નહિ, કિંતુ અનન્તકળાએ ખીલી ઉઠ્યો છે.

આ ચાંદ એટલે બીજો કોઈ નહિ, જવાહરથી નિરંતર વૃદ્ધિ પામીને પૂર્ણ બનેલ **પૂ. ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા!** અનંતકળામાંથી માત્ર ૭૫ કળાનું દર્શન એટલે જ પ્રસ્તુત પુસ્તકનું અવલોકન!

▮

## (૨) ટીકિટ વગરની મુસાફરી

અષાઢ વદ-૨ ના દિવસે માઁ કાંતાએ એ 'કાંત'ને (પ્રિય) જન્મ આપ્યો.

જાણે કે હવે જગતને ઉત્તમ ભેટ આપવાનું સ્વકૃત્ય પૂર્ણ થઈ ગયું હોય તેમ કૃતકૃત્ય થઈ માઁ કાંતા માત્ર નવ વર્ષના જવાહરને મૂકી પરમલોકને પામવા પરલોકમાં ચાલી નીકળ્યા.

અગ્નિદાહના સમયે જ પિતા મફતભાઈએ આજીવન બ્રહ્મવ્રતનો સ્વીકાર કર્યો ત્યારે કોને ખબર હતી કે આ નિયમમાત્રથી શાસનને કેવા રત્નની પ્રાપ્તિ થવાની છે ?

બાલ જવાહરનો ઉછેર મુંબઈમાં માસીના ઘરે થવા લાગ્યો. માસી તે સમયના એટલે કે આજથી ૬૦ વર્ષ પહેલા ૫૦ લાખના આસામી

હતા. કબાટ ખોલવાનું, ૧૦-૧૦ રૂપિયાના નોટોની થપ્પી પડી હોય; બે-ચાર-પાંચ જેટલી નોટ જોઈએ તેટલી લઈ લેવાની અને માસીને દેખાડી મુંબઈ દર્શન કરવા ચાલી નીકળવાનું.

એ સમયે ૫૦ વર્ષ પહેલાં નવ વર્ષનો બાળક હાથમાં ૫૦ રૂપિયા લઈને શું કરતો હશે ? જાણવાનું મન સહેજે થઈ જાય. (આજના ૫૦૦ બરાબર ૫૦ રૂપિયા નાંખતા ક્યાં હશે ?) તો જણાવી દઉં :

''બસ પકડવાની, મુંબઈના ચારે દિશાના કોલાબા, વાલકેશ્વર, અગાસી અને ઠાણાના દેરાસરમાં દર્શન કરવાના અને ખાવામાં માત્ર કેળા અને આઈસ્ક્રિમ !

ક્યારેક ટ્રેનમાં ફરવાનું. ફરવાનું એકદમ વિચિત્ર પદ્ધતિએ. કદાચ તમારા માનવામાં ય નહિ આવે પણ હકીકત કહું છું કે ટ્રેનમાં સેકન્ડ કલાસની ટીકિટ લેવાની, પણ બેસવાનું ફસ્ટ કલાસમાં ! આટલે સુધી તો સમજ્યા કે બરાબર છે પણ સ્ટેશન આવે ત્યારે ટ્રેનમાંથી ઉતરી સામે ચાલીને ટી.સી. પાસે જઈને ટીકિટ દેખાડીને કહે : જૂઓ આ ટીકિટ. એ છે સેકન્ડ કલાસની. પણ હું ફર્યો છું ફસ્ટ કલાસમાં. હવે દંડના જેટલા રૂપિયા લાગે તેટલા લઈ લ્યો.''

બસ, આ રીતે ૫૦ રૂપિયાનું પાણી કરીને ઢળતી સાંજે બેક ટુ હોમ !

કદાચ આવો વિચિત્ર (!) છોકરો જોઈને ટી.સી. પણ અચરજમાં પડ્યો હશે અને મનમાં વિચારતો હશે કે ''આખી જિંદગીમાં આવો છોકરો ક્યારેય મળ્યો નથી.''

આજે આ શબ્દો સહુના છે કે ''આખી જિંદગીમાં આવું વ્યક્તિત્વ ક્યારેય નિહાળ્યું નથી.''

■

## (૩) ઝૂઝવા રૂપ જવાહરના ....

'પુત્રના લક્ષણ પારણામાં' કહેવત જવાહરના જીવનમાં ખોટી ઠરી હતી.

કારણ કે એનું નિર્માણ જ કંઈ ઓર માટીમાંથી થયું હતું ને ! પારણમાં જે લક્ષણો હતાં તેનાથી સંપૂર્ણ વિપરીત તેમનું જીવન છે.

લાકડાના પગથિયાવાળા લાલબાગના ઉપાશ્રયમાં 'ધબ્ ધબ્' અવાજ આવે ને સાધુઓ સમજી જાય કે આ પગ પછાડી આવતો કમીશ્નર (!) **બીજો કોઈ નહિ પણ જવાહર જ છે.**

પાત્રા, તરપણી ને ચેતનામાંથી ચોકલેટ નીકળે ને સાધુઓને ખ્યાલ આવી જાય કે એટમબોમ્બની જેમ ચોકલેટના ગોળા નાખી

જનારો રશિયન આર્મીનો નવજવાન (!) **બીજો કોઈ નહિ પણ જવાહર જ છે.**

લાલબાગના ઉપાશ્રયમાં ઉપરના ગોચરી હોલની વેન્ટીલેશન બારીઓ બહારની બાજુથી ખૂલતી દેખાય ને સાધુઓને જ્ઞાત થઈ જાય કે દેરાસરના ઉપલા માળેથી ઉપાશ્રયની બારી પર લટકી વેન્ટીલેશનના કાચ ખોલી ગોચરી માંડલીની છૂપી માહિતિ મેળવતો ગુપ્તચર (!) **બીજો કોઈ નહિ પણ જવાહર જ છે.**

ઉપાશ્રયના ખુણામાં બેસેલ સામાયિક કરતાં કોઈ મહાનુભાવની તીખી ચીસ સંભળાય અને સાધુઓ નિર્વિકલ્પપણે સમજી જાય કે પાછળથી દબાતે પગે આવી ખભાના મસલ્સને જોરથી દબાવીને ભાગી જનાર આતંકવાદી (!!) **બીજો કોઈ નહિ પણ જવાહર જ છે.**

અહાહાહા કેટલા તોફાનો ! કેટકેટલી મસ્તીઓ !

ખરેખર, મુનિ ભાનુ વિજયના સ્થાને કદાચ મુનિ રત્નભાનુ (!) હોત તો આ બાળક પર પ્રતિબંધ લાગુ કરી દીધો હોત ઉપાશ્રયના કમ્પાઉન્ડમાં પગ મુકવાનો !

પણ આ ગુરુદેવ તો વાત્સલ્યના સાગર અને કુશળ ઝવેરી, કૃપાનો ધોધ એવો વરસાવ્યો કે પારણાના લક્ષણો કે અપલક્ષણો જે ગણો તે, બધા સફાઈ કરી જવાહરના અંતરદ્વાર ખોલી તેના જીવનગૃહના કાંકરે કાંકરે ફેલાઈ ગયા. જીવનનું શિર્ષાસન કરી દીધું.

તોફાનથી ઉચ્છૃંખલ જવાહર આજે ગંભીરતાનો સાગર છે.

મસ્તીમાં માહિર જવાહર આજે પરમ શાંતતાનું ધામ છે.

ગંભીરતા અને પરમશાંતતાનું એક સ્થાન બનેલ જવાહર એટલે જ **ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા.**

■

## (૪) મસ્તીમાં ભક્તિ કે ભક્તિમાં મસ્તી ?

કહેવતનો ઉત્તરાર્ધ છે ''વહુના લક્ષણ બારણામાં.''

સહેવાગ જ્યારે બેટીંગમાં જામી જાય ત્યારે રહ્યું સહ્યું બધું પુરું કરે છે તેમાં નવાઈ નહિ.

જવાહરે 'પુત્રના લક્ષણ પારણમાં'ની સાથે સાથે 'વહુના (સાધુના) લક્ષણ બારણામાં' ને ય ખોટું સાબીત કરી દીધું!

શું તમે એમ માનો છે કે જવાહરમાંથી તેઓ જ્યારે 'જયઘોષ' બન્યા ત્યારે સંસારના કેશ અને વેષની સાથે પેલા તોફાન અને મસ્તીઓય શમી ગયા હશે?

શું તમે એમ માનો છે કે જવાહરમાંથી તેઓ જ્યારે જયઘોષ બન્યા ત્યારે સંસારના મિત્રો સાથેની મિત્રતા (સંબંધો) તૂટતાં તોફાન-મસ્તી સાથેની ય મિત્રતા તેઓએ તોડી દીધી હશે?

હા, તેમાં ફરક પડ્યો. તેમના રાગ અને દ્વેષ અપ્રશસ્ત મટીને પ્રશસ્ત બની ગયા. પેલા તોફાન અને મસ્તી ભક્તિમાં ટ્રાન્સફર થઈ ગયા.

સાધુઓ પાઠ લેતાં હોય ત્યારે પાછળથી આવી છૂપી રીતે તેમનો ઓઘો બાંધી લેવાનો, પછી ઓઘો પાછો મૂકતાં કહી દેવાનું 'તમારો ઓઘો બંધાઈ ગયો છે !'

સાધુ ક્યાંક ગયા હોય ત્યારે તેમના આસન-કપડા લઈને કાપ કાઢી દેવાનો!

પાત્રામાં ચોકલેટ નાખતો જવાહર ૧૫માં વર્ષે ગોચરી જઈને સાધુઓના પાત્રામાં મિષ્ટાન્નના ટૂકડા નાખતો થઈ ગયો !

ટૂંકમાં, તોફાન તો એવા ને એવા જ રહ્યા, પણ તોફાનમાં આવતી 'હેરાનગતિ' એ 'સહાય'ગતિ થઈ ગઈ ! ન ભણવાનું ન ગણવાનું (અને ન રખડવાનું) બસ, આમને આમ મસ્તીની ભક્તિ કે ભક્તિની મસ્તી જે ગણો તે જોત જોતામાં ૩ વર્ષના વહાણાં વીતી ગયા.

■

## (૫) દીક્ષાયુગનો પ્રારંભ : જયઘોષ કે સાથ...

વિ. સં.૨૦૦૫ની સાલ જૈનશાસન માટે સુવર્ણ સાલ. દાદા આદીશ્વરજીને જુહારી સિદ્ધગિરિ પરથી નીચે ઉતરતાં દાદા ગુરુ પ્રેમ સૂરીશ્વરજી મહારાજાએ પં. ભાનુ વિજયજીને પોતાની આંતરિક ઈચ્છા દર્શાવી.

સાર એટલો કે ''ભાનુ વિજય ! તું સમર્થ છે. શાસનના અભ્યુદય કાજે તારી શક્તિ ફોરવ. જા મુંબઈ, માંડી દે યજ્ઞ દીક્ષાદાનનો. ફતેહ નિશ્ચિત છે. મારા તને આશિષ છે. બસ, માંડ કદમ મહામોહમયી નગરી તરફ !''

શંખેશ્વર તીર્થમાં સંકલ્પપૂર્વક અઠ્ઠમનો તપ કરી ગુરુદેવ મુંબઈ પધાર્યા. એ વરદ વર્ષ હતું વિ.સં. ૨૦૦૫નું. વૈરાગ્ય વાણીની ઝંઝાવાતી બોલિંગ ચાલુ કરી. વિ.સં.૨૦૦૫નું ચાતુર્માસ લાલબાગ કર્યું. ઓવર 'મેઈડન' !

આ બાજુ ધર્મપત્નીના અગ્નિદાહ સાથે અબ્રહ્મને દાહ દેનાર મફતભાઈ પાટણ છોડી મુંબઈ લાલબાગ સ્થિત થયા અને 'સુગુરુ' ની શોધ પ્રારંભી.

વૈરાગ્ય ભરપૂર પ્રવચનોએ એક બાજુ વૈરાગ્ય અને જ્ઞાનના બીજને અંકુરિત કર્યું તો વિશુદ્ધ સંયમ ચર્ચાએ તેમની શ્રદ્ધાને મજબૂત કરી. મન ઠરી ગયું. શોધ કરવા ક્યાંય જવું ન પડ્યું. ઘરે જ ગંગા આવી પહોંચી !

દીક્ષાની રજા આપવા હજી પરિવાર વર્ગ સંમત ન'તો. **ત્યાં તો મફતભાઈએ કાર્તિક પૂર્ણિમાના દિવસે સંકલ્પ જાહેર કર્યો ''જો ૬ મહિનામાં દીક્ષા ન થાય તો છએ રસના 'મૂલ' કહેવાતાં મીઠું-લવણનો ત્યાગ.''**

પ્રતિજ્ઞાએ ચારિત્રમોહનીયના આવરણોને મારી હટાવ્યા. પણ જવાહરનું શું? બસ, તે તો માનતો હતો કે પિતાજી જે કરે તે સારું જ કરે. માટે મારે ય તે કરી લેવાનું !

(આવો ભાવ પણ શું પૂર્વભવ કૃત જબરજસ્ત આરાધનના સૂચક નથી?)

વિ.સં.૨૦૦૬ની વૈશાખ વદ-૬ના દિવસે ભાયખલા મુકામે ૩ ભાઈઓની દીક્ષા થઈ. નામ પડ્યા (૧) મુનિ ધર્મઘોષ વિજય, (૨) મુનિ મેઘ વિજય, (૩) મુનિ જયઘોષ વિજય.

ગિરિરાજ અને ગુરુરાજ (પ્રેમ સૂરિ મ.)ને ભેટવા આ નૂતનમુનિઓને ભારે તપસ્યા કરવી પડી. દીક્ષાના પહેલાં વર્ષે નહિ પણ પહેલાં જ મહિને વૈશાખ અને જેઠની ગરમીમાં મુંબઈથી પાલિતાણાનો ૭૦૦ કિ.મિ.નો ઉગ્રવિહાર થયો.

**જયઘોષ કે સાથ દીક્ષા યુગનો પ્રારંભ થયો !**

■

# (૬) સિદ્ધિની સાધિકા : ગુરુકૃપા

જિનશાસનમાં આશ્ચર્યની વાત એવી છે કે આ શાસનમાં પ્રવેશેલો કોઈ પણ જીવ કોઈ પણ યોગની આરાધનાથી મોક્ષ પામી શકે છે.

અહીં અનંતા આત્માઓ કાજો લેતાં લેતાં મોક્ષે ગયા છે તો અનંતા આત્માઓ ગોચરી વાપરતાં વાપરતાં ય કૈવલ્યલક્ષ્મી પામીને પરમગતિ પામ્યા છે.

એક અપેક્ષાએ, જો આ બધા યોગોમાં 'રાજમાર્ગ'નું જેને નામ આપી શકાય તેવા યોગ હોય તો તે છે (૧) જ્ઞાનયોગ, (૨) ભક્તિયોગ.

***'ज्ञान-क्रियाभ्यां मोक्षः'*** વચનાનુસારે, આખરે ભક્તિ પણ ક્રિયાત્મક જ છે ને !

જ્ઞાનથી જૈનદર્શનના આચાર અને પાયાના સિદ્ધાંત 'અનેકાંત'નો સ્પષ્ટ બોધ થાય છે. જેથી અધિગમ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન વધુ નિર્મળ બને છે, સ્થિર થાય છે.

જ્યારે ભક્તિથી દરેક યોગમાં પ્રાણ પૂરાય છે. નાનામાં નાનો દેખાતો યોગ, જો ભક્તિભાવથી સંજીવિત બને તો તે જ અખૂટ નિર્જરાનો હેતુ બને છે.

બાલમુનિ જયઘોષ વિજયજી ભક્તિનો યોગ તો જન્મથી જ લઈને આવ્યા હતાં પણ જ્ઞાનયોગ તો સ્વયં કેળવવાનો હતો ને ! ના, જરા ભૂલ્યો ! તે યોગ પણ ગુરુકૃપાએ જ ખીલવવાનો હતો !

દીક્ષાના પ્રારંભિક ૩ વર્ષમાં ૭-૭ વખત સંસ્કૃતનો અભ્યાસ ચાલું તો કર્યો પણ પ્રત્યેક વખતે કમનસીબ કબ્બડીના ખેલાડીની જેમ બોર્ડરને ટચ કર્યા વિના આઉટ થઈ ગયા !

બસ, હવે ગુરુકૃપા પોતાનો ચમત્કાર દેખાડે છે. **જે સીમાડા પર પુરુષાર્થ હારે છે ત્યાં ગુરુકૃપા સિદ્ધિ મેળવી આપે છે.**

**અલબત્ત, એ સિદ્ધિની પ્રાપ્તિમાં ગુરુકૃપા પર શ્રદ્ધા અને ધીરજ પણ તેટલા જ જરૂરી છે.**

હજી જ્યાં સંસ્કૃત બુકના ઠેકાણા નથી ત્યાં દાદા ગુરુરાજે ***'रायप्पसेणी'*** ગ્રંથ વાંચવા આપ્યો.

અહીં બાલમુનિની શ્રદ્ધા અને ધીરજની કસોટી થઈ. રીઝલ્ટ ૨૪ કેરેટ શુદ્ધ ! ગ્રંથ વાંચવાનો પ્રારંભ કર્યો તે શ્રદ્ધાને જણાવે છે. તો અર્થબોધ કાંઈ જ ન હોવા છતાં સંપૂર્ણ ગ્રંથ વાંચ્યો તે ધીરજનો સૂચક છે. ખુદ સાહેબના શબ્દોમાં કહું તો 'તે સંપૂર્ણ ગ્રંથને 'કાળા અક્ષર ભેંસ બરાબર' વાંચી ગયો'.

હવે કૃપાફળની પ્રાપ્તિ ચાલું થઈ

'***रायप्पसेणी*** ' - **'રાજપ્રશ્નીય' - પ્રશ્નગ્રંથથી પ્રારંભાયેલ જ્ઞાનયોગ દ્વારા આજે તે બાલમુનિ અપૂર્વ સમાધાન આપવા સમર્થ છે.**

# (७) अर्थ स्वाध्याय

તીર્થની સ્થાપના થયા બાદ તીર્થંકરો અર્થ દાન કરે છે અને તે થકી ગણધરો સૂત્રની રચના કરે છે.

વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે :

**''अत्थं भासइ अरहा,**

**सुत्तं गुंथंति गणाहरा निउणा''**

**'उप्पन्नेइ वा विगमेइ वा, धुवइ वा'** ત્રિપદી આપવા દ્વારા અરિહંતો 'અર્થ' ને ભાખે છે અને ગણધર ભગવંતો તેના પર સૂત્ર રૂપી માળા ગુંથે છે.

આમ, સર્જનની રીત આવી હતી : પહેલાં અર્થ પછી સૂત્ર.

હવે પઠનની રીત જોઈએ તો સહુ પહેલાં સૂત્રપોરિસી પછી અર્થપોરિસી. પહેલા બાર વર્ષ સૂત્રગ્રહણ, બીજા બાર વર્ષ અર્થગ્રહણ. એટલે કે પહેલાં સૂત્ર પછી અર્થ.

કોણ જાણે કેમ પણ આ પઠન પદ્ધતિ બાલમુનિ પર નાકામિયાબ નિવડી. ૩ વર્ષના દીક્ષા પર્યાયમાં દરરોજની એક ગાથા લેખે હજાર ગાથાનો પણ સ્ટોક ન થઈ શક્યો !

આ બાજુ ગુરુદેવે મુંબઈમાં 'દીક્ષાયુગ' પ્રારંભી દીધો હતો. ઉપરા-છાપરી મોટા મોટા ધુંવાધાર બેટ્સમેનોની વિકેટ પડી રહી હતી.

૨૦૦૮ની સાલમાં શેરબજાર કિંગ જીવતલાલ પ્રતાપશીના ભત્રીજા ઈન્દ્રવદનની દીક્ષા થઈ તે સાથે કુલ ૮ દીક્ષા હતી. એક મુમુક્ષુ બેનના પિતાજી જ્યોતિષ શાસ્ત્રના સારા એવા જાણકાર હતાં.

પૂ. પ્રેમસૂરિ મ.ને ભાવના જાગી કે એકવાર આ બાલમુનિની કુંડલી બતાવી તો જોઉં !

જ્યોતિર્વિદ્ને બોલાવ્યા અને કુંડલી દેખાડી. ગ્રહોના યોગો જોઈને બીજા બધા તો ફળાદેશ કર્યા જ હશે પણ તેમણે એક અજાયબ ફળાદેશ કર્યો. કોણ જાણે કેવી રીતેના ગ્રહોના યોગો જોયા ? અને કઈ પદ્ધતિ અપનાવી ? પણ તેમણે ભાખ્યું કે **''બાલમુનિને સૂત્રસ્વાધ્યાય કરતાં અર્થ સ્વાધ્યાય કરાવો. તેમાં તેમની જલ્દીથી માસ્ટરી આવી જશે.''**

પૂ. પ્રેમસૂરિ મ. હવે નવો દાવ અપનાવ્યો : પહેલા અર્થ પછી સૂત્ર. ઉપાય સફળ !

■

# (૮) સિદ્ધિના શિખરની તળેટી

શ્રુતદાનની વિધિ છે પહેલા સૂત્રદાન પછી અર્થદાન.

પરંતુ જેમ V.I.P. વ્યક્તિ માટે જનરલ નિયમ લાગુ ન પડે, વિશેષ વ્યવસ્થાનું પ્રબંધન થાય. તેમ આ બાલમુનિને શ્રુતદાનની વિધિમાં એક ફેસેલીટી આપવામાં આવી.

પહેલા અર્થદાન પછી સૂત્રદાન.

પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની ભાવના હતી કે કર્મપ્રકૃતિના પદાર્થો પર નવસર્જન થાય. તે ભાવનાને લક્ષીને જ પરમગુરુદેવે સાધુઓને પાયાનો અભ્યાસ (સંસ્કૃત વગેરે) થયા બાદ કર્મગ્રન્થના

પદાર્થોનો પાઠ આપવાનો ચાલું કર્યો.

જયઘોષ વિજયજીને ચલતી ગાડીમાં ચઢાવી દીધા. કર્મગ્રન્થના પાઠમાં બેસાડી દીધા. મનમાં હશે કે દાળ ભેગી ઢોકળી ઉકળી ગઈ તો ઠીક.

''પહેલા અર્થદાન પછી સૂત્રદાન'' આ તો નવતર પ્રયોગ હતો. પરમ ગુરુદેવના મનમાં હશે કે 'લાગ્યું તો તીર, નહિ તો તુક્કો !'

પણ ખુદ દાદા ગુરુદેવ નિશાન તાકે પછી ''તુક્કો'' હોય જ શી રીતે ? જયઘોષ વિજય પદાર્થો બરાબર સમજવા લાગ્યા. કારણ કે તેમાં ગાથાની જેમ શબ્દોની ગોખણપટ્ટી ન'તી ને !

વધારામાં રાતના સમયે મુનિશ્રી ધનપાલ વિજયજી 'શ્રુતં હન્તિ પાપાનિ' કરતાં હતાં અર્થાત્ બાલમુનિ રાતના બધો જ પાઠ સંભળાવી દેતાં હતાં.

સ્કુલમાં જેમ વચમાં એક્ઝામ આવી જાય તેમ પાઠમાં વચમાં પરીક્ષા આવી ગઈ. બધાને હતું કે જયઘોષ વિજયજી પાસિંગ માર્કે પાસ થાય તો ઘણું!

પણ આ બાલમુનિના બાલમાનસની કોને ખબર હતી ? પરમગુરુદેવના પરમાશીષની કોને ખબર હતી ? અને 'કર્મસાહિત્ય નવસર્જનમાં આપણા સૂત્રધાર આ જ બનશે' તેની કોને પણ ખબર હતી ?

રીઝલ્ટ આવ્યું. **પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થઈને સહુને અચંબામાં પાડી દેનારા સાધુ હતાં 'બાલમુનિ જયઘોષવિજયજી' !**

■

# (૯) જપાત્ સિદ્ધિ

જયઘોષમાં સાચા જવાહરને નિહાળી અને જિનશાસનના જયઘોષના રણકારને સાંભળી પૂ. પ્રેમ સૂ. મ. ખુદે વિશેષ લક્ષ આપીને બાલમુનિના અધ્યયનને 'પુશ' કર્યું.

આ અરસામાં જૈનશાસ્ત્રના સારા જાણકાર પંડિત ધીરજભાઈ ટોકરશી પૂજ્યપાદ પ્રેમ સૂરીશ્વરજી મ.ને વંદનાર્થે આવ્યા. પરમગુરુદેવની અનુજ્ઞાપૂર્વક સાધુ સમક્ષ તેમનું એક વક્તવ્ય ગોઠવાયું. વિષય હતો 'જાપ'. જાપમાં વિશેષ મંત્ર હતો: **'નમો જિણાણં જિઅભયાણં.'**

આ મંત્રના ફળનું તેઓએ વિશદ વર્ણન કર્યું. જે ફળ સાચે જ ભવિષ્યમાં બાલમુનિ જયઘોષમાં ફલિત થવાનું હતું !

ચાતુર્માસની પૂર્ણાહૂતિ થઈ. સાધુ તો ચલતાં ભલા ! પ્રેમ સૂ.મ. પરિવાર સાથે વિહાર કર્યો. એક સ્થાનથી બીજા સ્થાને જવું તેનું નામ 'વિહાર'. સંસ્કૃતના ***वि+हृ*** ધાતુ પરથી બનેલો આ શબ્દ.

સાધુઓનો વિહાર થઈ ચૂક્યો પણ બાલમુનિના મનમાંથી પેલી જાપની વાત હટવાનું નામ ન'તી લેતી.

પરમગુરુના આશિર્વાદ સાથે આખરે બાલમુનિએ આયંબિલનો તપ કરી 'નમો જિણાણં જિઅભયાણં' નો સાડાબાર હજાર જાપ કર્યો.

ઘણી વાર એવું બનતું હોય છે કે અધિષ્ઠાયક દેવોને સિદ્ધિ આપવાની ઈચ્છા હોય જ છે, જરૂરત છે આપણા માત્ર એક કદમની !

હેમચન્દ્રાચાર્યજીએ કદમ માંડ્યા ને સિદ્ધિ સામેથી જઈ વરી. જયઘોષ વિજયજીએ જાપ કર્યો સિદ્ધિ આવી મળી.

**રાતના સમયે સ્વપ્નમાં દૈવી સંકેત મળ્યો, સંકેતમાં ૩ વાત હતી.**

**(૧) ગુરુથી કોઈ વાત છુપાવવી નહિ, ગુરુની ઈચ્છાનુસારે વર્તવું.**

**(૨) સાધુ સેવાના અવસરે બીજા બધા અભ્યાસાદિ કાર્યો ગૌણ કરવા.**

**(૩) બીજા ફાલતું કાર્યમાંથી મુક્ત થઈ સ્વાધ્યાયમાં તલ્લીન થવું.**

સંકેત તો થયો, પણ આવા જ ચોક્કસ પ્રકારના સંકેતની પાછળનું રહસ્ય શું ? (આપણી દૃષ્ટિએ જોઈએ તો મામૂલી ગણાતાં) આવા સંકેતમાં સિદ્ધિ આપવાની શું તાકાત ? તેનો ફળાદેશ ખુદ સાહેબના શબ્દોમાં જ જણાવું?

(૧) ગુરુથી કોઈ વાત છુપાવવી નહિં અને તદ્દનુસારે વર્તવું. જેના દ્વારા ગુરુના પ્રેમનું-વિશ્વાસનું સંપાદન થાય.

(૨) બીજા કાર્યો ગૌણ કરી સાધુ સેવા કરવાથી સાધુઓનો પ્રેમ મળે.

(૩) ગુરુ + સાધુની પ્રેમ પ્રાપ્તિ થયા બાદ ત્રીજા નંબરની વાતનું પાલન કરવાથી આરાધનામાં તન્મય બની શકાય, સંયમમાં સ્થિરતા આવે.

**''આ ત્રણેય વાતોનું જે કોઈ પણ પાલન કરશે તે પણ આખરે આંતરિક સમૃદ્ધિની ટોચ તો આંબી જ શકશે.''**

તમારા અને અમારા, વિશેષે મારા માટેની તે સ્વર્ણિમ રાત્રી હતી વિ.સં.૨૦૦૮, વદ ૮ ની. સ્થળ હતું, જ્યાં ૧૨૨૪ સિદ્ધિતપની સિદ્ધિ હાંસલ થઈ તે મુલુંડ-ઝવેર રોડનું.

■

# (૧૦) સંયમનો ખોરાક : ગુણાનુરાગ

જીવ જ્યારે એક શરીર બનાવે છે અને ટકાવે છે ત્યારે તેને જો કોઈની મુખ્ય જરૂરત પડતી હોય તો તે છે ખોરાક.

ખોરાક વિના શરીર બનતું પણ નથી અને ટકતું પણ નથી. શરીરના નિર્માણમાં અને વિકાસમાં મહત્તમ ફાળો ખોરાકનો છે.

અપેક્ષાએ એમ પણ કહી શકાય કે ખોરાક જ જીવન છે.

લૌકિક શાસન ભલે એમ કહે કે 'પાણી જીવન છે'. પણ લોકોત્તર શાસનમાં લોજીકલી રીતે વિચારીએ તો ખોરાક જ જીવન છે. લોજીક ? સીધું જ છે :

વિગ્રહ ગતિને છોડીને જ્યાં લગી જીવ આ સંસારમાં છે તેમાંનો એકેય 'સમય' એવો નથી જેમાં જીવે ખોરાકને (આહાર પુદ્ગલો) ગ્રહણ ન કર્યો હોય ! પાણી (જલના પુદ્ગલો) ની અહીં કશી વાત જ નથી.

તો શરીરને ટકવવા જેમ ખોરાક જરૂરી છે તો સંયમ ટકવવા જરૂરી શું? સંયમના વિકાસમાં ઉપયોગી ખોરાક શું ?

એક જ : 'ગુરુભક્તિ.' ઉપલક્ષણથી સાધુભક્તિ યાવત્ સંઘભક્તિ.

વર્તમાન ગચ્છાધિપતિશ્રીનું ૬૦ વર્ષથી નિરાબાધ ચાલતુ સંયમ શરીર શું વગર ખોરાકે જ ઉભું હશે ? નિરાબાધ સંયમ ભક્તિ વિના સંભવે જ નહિ. કારણ ? **શરીરને આપેલો પૂરતો ખોરાક રોગપ્રતિકારક શક્તિ ઉભી કરે છે. સંયમને આપેલો પૂરતાં પ્રમાણનો ખોરાક કર્મપ્રતિકારક શક્તિ પેદા કરે છે.**

સ્વાધ્યાય વગેરે બધા જ ગુણો હજી પ્રતિપાતી બની શકે છે માત્ર ભક્તિ (વૈયાવચ્ચ) ગુણ જ કાયમ અપ્રતિપાતી હોય છે.

**સંસારના પ્રત્યેક સમયે ગ્રહણ થાય તેને જ 'ખોરાક' કહેવાય તો સંયમના કોઈ પણ સમયે પોતાની 'સત્તા' સંભાળી રાખે તેને જ 'ખોરાક' કહેવાય. આ ખોરાકનું વિશેષણ અપ્રતિપાતી 'ભક્તિ'ને છોડી કોને આપી શકાય ?**

માત્ર એક જ દ્રષ્ટાંત આપું-

ઠાણા નગરમાં એ સમયે પરમગુરુદેવ લગભગ ૫૦ ઠાણા સાથે બિરાજમાન હતાં.

પં. ભાનુવિજયજી મ. ને ઓળીનું પારણું હતું. આરોગ્યાદિ કારણે માત્ર દૂધનું જ સેવન કરવાનું હતું. તે સમયે ઠાણામાં ઉપાશ્રયની આજુ-બાજુમાં ઘરોની સંખ્યા અલ્પમાત્રામાં હતી. સવા માઈલ દૂર સ્ટેશન પાસે સારી

સંખ્યામાં જૈનોનો વસવાટ હતો.

ગુરુદેવને નિર્દોષ દૂધ વપરાવાની ભક્તિને, વયથી માત્ર ૧૫ વર્ષના જયઘોષ વિજયજી એ સામે આવીને સ્વીકારી. દરરોજ સવા માઈલ જવાનું, ઘરે-ઘર ફરી નિર્દોષ દૂધ વહેરવાનું અને એ ગરમીમાં પાછા સવા માઈલ આવવાનું!

આ ભક્તિ કંઈ બે ચાર દિવસની ન'તી. લાગલગાટ છ મહિના સુધીની આ ભક્તિ હતી અને તેથી જ તેઓની ગુરુભક્તિ દૂધના ઉભરા જેવી પણ ન'તી !

■

# (૧૧) લોકપ્રકાશથી જ્ઞાનપ્રકાશ – જ્ઞાનપ્રકાશથી લોકપ્રકાશ

ક્યારેક જીવનમાં એવું બનતું હોય છે કે આપણા હિતેચ્છુઓ(!) આપણા હિતકાર્યમાં(!) પ્રવર્તે ત્યારે આપણને હાનિ કરતાં લાભ ઘણો-ઘણો થઈ જતો હોય છે!

એક ચિંતકે સરસ વાત કરી છે.

**''કેટલીક આફતો જેટલું 'લે' છે તેના કરતાં વધારે 'દે' છે.''**

પૂજ્યશ્રીના જીવનમાં પણ આવું જ બન્યું.

સાલ હતી ૨૦૦૮ ની. ઋતુ ચોમાસાની અને સ્થળ હતું, માટુંગા- જીવણ અબજી ઉપાશ્રયનું. દાદા ગુરુ પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પાવન નિશ્રા હતી. કર્મગ્રન્થનો અર્થસ્વાધ્યાય પૂરા જોશથી ચાલતો હતો.

સાથે સાહેબજી 'લોકપ્રકાશ' ગ્રન્થનું ગુજરાતી ભાષાંતર વાંચી રહ્યા હતાં.

કોઈ સાધુએ જોયું કે જયઘોષ વિજયજી ગુજરાતી ભાષામાં કોઈ પુસ્તકનું વાંચન કરી રહ્યા છે.

તરત જ તેઓ દાદા ગુરુદેવ પાસે ગયા અને ફરિયાદનો મમરો મૂકી આવ્યા!

સાહેબની પ્રજ્ઞાપનીયતા તો દાદા ગુરુદેવને સારી પેઠે જ્ઞાત જ હતી. તેથી સાહેબજીને બોલાવીને કંઈ ઠપકો વગેરે ન આપતાં કહ્યું:

'શું વાચે છે ?'

'લોકપ્રકાશ, સાહેબજી !'

'સંસ્કૃત કે ગુજરાતી ?'

'ગુજરાતી.'

'જો જયઘોષ ! હવેથી તે ગુજરાતી પુસ્તક હાથમાં લીધું છે તો મારે દૂધનો ત્યાગ.'

'એટલે ?' 'એટલે એટલું જ કે હવેથી તારે ગુજરાતી સાહિત્ય નથી વાંચવાનું પણ સંસ્કૃત - પ્રાકૃત જ વાંચવાનું છે.'

સાહેબજી તો 'તહત્તિ' કરી ગયા. પછી પેલા સાધુને બોલાવીને દાદા ગુરુદેવે કહ્યું : ગુજરાતીમાં વાંચવાનું તો બે દિવસમાં છૂટી જશે. આ નિમિત્તે તેને કાયમ માટે સંસ્કૃત-પ્રાકૃત વાંચતો કરી દીધો. (ત્યારે દાદા ગુરુદેવે સાહેબજીને 'રાયપ્પસેણી' ગ્રન્થ વાંચવા આપ્યો હતો, જે સાહેબજીનો સંસ્કૃતનો પ્રથમ ગ્રન્થ હતો.)

લોકપ્રકાશને નિમિત્તે સાહેબજીને જ્ઞાનપ્રકાશ થયો અને આજે ? આજે તો 'પ્રેમ'થી પ્રેરાયેલ જ્ઞાનના પ્રકાશથી સાહેબજી ત્રણેય લોકમાં પ્રકાશ પાથરી રહ્યા છે. એક જ વિનંતિ કરું ?

**ઊંડા અંધારેથી, પરમ તેજે તું લઈ જા.**

■

# (૧૨) સ્થાન એકેયમાં નહિ છતાંય સૌથી પ્રથમ!

દુનિયામાં કેટલીક વ્યક્તિઓ ત્યાગ કરતી હોય છે. તો ઘણાને ત્યાગ કરવો પડતો હોય છે!

પુણ્યનો પનો જ્યાં નાનો પડે ત્યાં ત્યાગ કર્યા સિવાય છૂટકો ય ક્યાં હોય છે ?

પણ તે ત્યાગ વાસ્તવિક ત્યાગ નથી કહેવાતો. કારણ કે વસ્તુ પ્રાપ્તિની તીવ્રઝંખના સુષુપ્તાવસ્થામાં પડેલી હોય છે.

દશવૈકાલિકમાં સરસ વાત કરી છે.

*'जे अ कंते पिऐ भोऐ, लद्धे वि पिट्ठि कुव्वइ,*
*साहिणे चयई भोऐ, से हु चाइत्ति वुच्चई'*

'જે માનવ, સુંદર પ્રિય એવા સંપ્રાપ્ત થયેલ ભોગોને ય પીઠ દેખાડીને ચાલી નિકળે છે, સ્વાધીન ભોગોને તરછોડી મૂકે છે. તે

જ માનવ ત્યાગી કહેવાય છે.' નહિતર તો સૌથી ગરીબ કરતાં મોટો ત્યાગી આ દુનિયામાં કોઈ જ ન હોઈ શકે.

ત્યાગ કરનાર પણ બે વિભાગમાં વહેંચી શકાય : (૧) સ્વાર્થવૃત્તિએ ત્યાગ કરનાર, (૨) પરાર્થવૃત્તિએ ત્યાગ કરનાર.

સ્વાર્થવૃત્તિ ત્યાગ એટલે આત્મ કર્મનિર્જરાને લઈને કરતો ત્યાગ. પરાર્થવૃત્તિ ત્યાગ આનાથી હજી આગળ વધે છે. આ ત્યાગમાં સ્વાત્મકર્મ નિર્જરા તો છે જ પરંતુ સાથોસાથ પરોપકાર પણ હોય છે.

અલબત્ત, સ્વાર્થવૃત્તિત્યાગ નિંદનીય તો નથી જ.

''દાદા ગુરુદેવ પ્રેમ સૂરીશ્વરજી મહારાજ બડા ત્યાગી હતાં.'' આ વાત જેટલી પ્રસિદ્ધ છે તેટલી જ અપ્રસિદ્ધ વાત એ છે કે ''તેઓ પરાર્થવૃત્તિ ત્યાગી હતાં.''

તેઓને ત્યાગ કરવો જ હોય પણ ત્યાગ એવી રીતે કરે કે સામી વ્યક્તિને-શિષ્યવૃંદને કંઈક લાભ થાય. દાખલા તરીકે તમને જણાવું તો :

૨૦૦૭ ની સાલમાં દાદા ગુરુદેવે અભિગ્રહ લીધોઃ મારે મિષ્ટાન્નને ત્યાગ. અને અભિગ્રહની લિમિટ પણ સરસ બાંધી. મુનિ રાજેન્દ્ર-ચંદ્રશેખર-હેમચન્દ્ર -ભદ્રગુપ્ત-ધર્મગુપ્ત-ધર્માનન્દ વિજય આદિ આઠ સાધુને ૪૫ આગમ ન વંચાય ત્યાં સુધી. આ કહેવાય પરાર્થવૃત્તિ ત્યાગ.

વાત તો હવે ચાલુ થાય છે. સહુથી પહેલી દીક્ષા થઈ મુનિ જયઘોષ વિજયની, પણ આઠેય માં 'જયઘોષ' નો ઘોષ ન'તો સંભળાતો.

અને હવે ખરી વાત જણાવી દઉં ? સહુપ્રથમ જયઘોષ વિજયને ૪૫ આગમ વંચાયા !

ગુરુના હૈયે ને હોઠે જે નામ હોય તે કાગળ પર ક્યાંથી આવે ?

આ જ રીતે 'જો ૬ મહિનામાં જયઘોષ છેદ સૂત્ર મૂળ ૨૦૦૦ કંઠસ્થ ન કરે તો દૂધનો ત્યાગ' દાદા ગુરુદેવે અભિગ્રહ ધાર્યો.

પણ આ વખતે'ય ત્યાગ કરવાનો દાદા ગુરુને ચાન્સ ન મળ્યો !

# (૧૩) શાસ્ત્ર અંતઃકરણ

**એ**ક ઠેકાણે વાચ્યું હતું -

''જ્યોતિષમાં શ્રદ્ધા એ ઈશ્વરમાં અશ્રદ્ધા બરાબર છે.''

આ લખનાર માત્ર ઈશ્વરવાદી નહિ હોય પરંતુ ઈશ્વર જગત્કર્તૃત્વવાદી હશે અર્થાત્ ''આ જગત્નો સર્જક ઈશ્વર જ છે, તેનો સંચાલક ઈશ્વર જ છે, તેનો વિધ્વંસક પણ ઈશ્વર છે.'' એ મતનો હશે.

જો કે આપણે ત્યાં પણ

''કેવલીએ જ્ઞાનમાં જોયું હશે તે થાશે'' એ વાત આવે જ છે. પરંતુ તેટલા માત્રથી દરેક કાર્યમાં કેવલીનું કેવલજ્ઞાન ઉપાદાન કે નિમિત્ત કારણ તરીકે ન લેખાય.

અપેક્ષા વિશેષે, વિશેષ નયને આશ્રયીને કે અભ્યુપગમ પક્ષે આવી પડેલી આપત્તિને 'ઈશ્વરદત્ત' સમજીને માનસિક સ્ત્રાણ ઓછો કરાય તો તેમાં ખોટું કાંઈ નથી. પરંતુ તેટલાથી જ્યોતિષશાસ્ત્રને અસત્ તો જરાય ન મનાય. હા, પડતાં કાળમાં ક્ષીણ થયેલ શાસ્ત્રથી પરફેક્ટ ફળાદેશ ન પણ મળે.

સંસ્કૃત ભાષાના અર્ધપંડિતને વૈદિક શાસ્ત્રોના શ્લોકોથી સ્પષ્ટ અર્થબોધ ન થાય તો દોષ પેલા અર્ધપંડિતનો કહેવાય, શાસ્ત્રને દોષિત કેવી રીતે કહેવાય?

મારા મનની વાત કરું તો જ્યોતિષશાસ્ત્ર કરતાં પણ ચઢિયાતું પણ એક શાસ્ત્ર છે, તે છે અંતઃકરણનું.

ઘણીવાર આપણે અનુભવીએ છે આ શાસ્ત્રને. પરંતુ એ આપણી દૃષ્ટિ બહાર રહી જતું હોય છે. ગુરુની, વડિલજનોની અંતઃકરણ ઈચ્છાને જ્યારે આપણે આપણા અંતઃકરણથી સ્વીકારીએ છીએ ત્યારે અણધાર્યા પાસા'ય પોબાર પડે છે.

બાલમુનિના દાદા હતાં, જેમનું નામ હતું ચુનીલાલ. જ્યારે જવાહર નાનો હતો ત્યારે તેઓએ લગ્નકુંડલી કે નવમાંશ કુંડલીના કુંડાળા જોયા વિના જ અંતઃકરણના શાસ્ત્રથી ભાખ્યું હતું :

''આ છોકરો ૨૧ માં વર્ષે કરોડપતિ બનશે.''

મારું અને તમારું અંતઃકરણ શાસ્ત્ર ક્યારેક લક્ષ્ય આંબી ન શકે તે બને (આપણી જ ખામીને કારણે) પરંતુ શુદ્ધ અને સાત્ત્વિક આત્મા, મહાત્માનું અંતઃકરણ શાસ્ત્ર ક્યારેય નિશાનચૂક થતું નથી. દાદાજીએ ભાખ્યું તો ખરું 'છોકરો કરોડપતિ બનશે ૨૧માં વર્ષે' પરંતુ આ જવાહર તો ચાલી નિકળ્યો સંન્યાસના માર્ગે. હવે ફળશે શી રીતે તે વાણી ?

■

## હાઇજમ્પ

## (૧૪)

**સા**હેબના અજબ ગજબના જીવનની વાતો કરી રહ્યો છું ત્યારે પ્રસ્તુત વાતમાં કદાચ તમને આશ્ચર્ય જરૂર થશે પરંતુ એ અસત્ય તો ન જ સમજતાં.

દાદાજી તો કહી ગયા કે ''૨૧ માં વર્ષે કરોડપતિ બનશે''

પણ ... બન્યું સાવ જ ઊંધું ! '૨૧' ના '૧૪' થયાને 'કરોડપતિ'નું 'સંયમપતિ' થયું, ૧૪માં વર્ષે જવાહર અગારમાંથી અણગાર બન્યા. ઘર સંસાર છોડી સાધુ-સંન્યાસ જીવનમાં આવ્યા.

શુદ્ધ અને સાત્ત્વિક દાદાજીનું અંતઃકરણ શાસ્ત્ર નિર્મૂળ તો ન'તું જ. શ્રીમંતાઈ સંન્યાસ જીવનમાં ફેરવાઈ.

૨૦૧૨નું ચાતુર્માસ દાદાગુરુ પ્રેમ સૂરીશ્વરજી મ. ની પાવની નિશ્રામાં હતું. અર્થસ્વાધ્યાયની સાથે સાથે થોડો સૂત્રસ્વાધ્યાય પણ ચાલુ થઈ ગયો હતો. મોનો સાયકલ હવે બાયસીકલમાં ફેરવાઈ હતી. ઠીક ઠીક સંખ્યામાં ગ્રન્થોનું વાંચન પણ થઈ ગયું હતું. બધું સર્વે કરતાં દાદાગુરુને મોહનીય ક્ષયોપશમ સાથેના જ્ઞાનાવરણની તીવ્રતા જણાઈ અને તેમાંય શ્રુતાનુસારી મતિજ્ઞાનની.

(શ્રુતાનુસારી મતિજ્ઞાન એટલે શબ્દોલ્લેખ સહિતનું જ્ઞાન.)

દાદા ગુરુદેવને જ્યારે નિશીથ વગેરેના સંદર્ભો, શાસ્ત્રપાઠો, રેફરન્સો જોઈએ ત્યારે સાહેબને કહી દેઃ 'જયઘોષ ! આ ગ્રન્થના આ વિભાગમાં આ વિષય સંબંધી પાઠ હશે જરા કાઢી લાવ તો !'

બસ, આમ પાઠ કાઢવાના બહાને દાદાગુરુદેવે છેદસૂત્રના બારણા બે હજારને બારમાં (૨૦૧૨ની સાલમાં) ખોલી દીધા !

પાઠો શોધવામાં ને કાઢવામાં ચાતુર્માસ પૂર્ણ થયું. ૨૦૧૩ની નવલી પ્રભાત ઉગી. ૨૧માં વર્ષમાં પ્રવેશ થયો. સાહેબની શ્રીમંતાઈમાં અચાનક ઉછાળો આવ્યો. ઈન્ડેક્ષ એકાએક નવી ટોચને આંબી ગયો.

જૈનશાસનમાં જે ગ્રન્થો રુપિયાનું નહિ પણ ડોલરનું સ્થાન ધરાવે છે, કરોડમાં નહિ બિલિયનની સંખ્યામાં જેની ગણતરી થાય છે તેવા ગુપ્ત અને ગોપનીય સૂત્રો એટલે છેદ સૂત્રો.

સંયમના ૫૦માં વર્ષે કે જિંદગીના ૧૦૦ માં વર્ષે જે સૂત્રો ભણવાની અનુજ્ઞા ન મળે તેવા સૂત્રો સંયમના ૭માં વર્ષે ને જિંદગીના ૨૧માં વર્ષે વિશિષ્ટ યોગ્યતાના બળે સાહેબને ખુદ પૂજ્ય દાદાગુરુદેવ પાસેથી જ ભણવા મળ્યા!

આ સાધુને સંયમજીવનમાં 'કરોડપતિ' કેમ ન કહેવાય.

સંસ્કૃત સુભાષિતમાં સાચું જ કહ્યું છે- *'न तेजो वयमपेक्षते'* આના માટે તો કરોડપતિ વિશેષણ પણ વામણું ન લાગે ?

■

# (૧૫) પોતે જ વિદ્યાર્થી પોતે જ અધ્યાપક !

સંયમ સ્વીકારથી માંડીને ૩ વર્ષ તો માત્ર સંસ્કૃતની બુક કરવામાં જ ગયા. સાત-સાત વખત સંસ્કૃત ભણવાનું ચાલું કર્યું, છતાંય દરેક વખતે રન-રેટ પૂરો કર્યા વિના જ વિકેટ પડી જાય.

ગુરુકૃપાનો ચમત્કાર થયો, વગર બુકે સંસ્કૃતમાં માસ્ટરી આવી ગઈ.

હવે તો સંસ્કૃતના દરવાજા ખૂલી ગયા. જ્ઞાનભંડારમાં તો જોઈએ તેટલા ગ્રન્થો મળે. જ્ઞાનની તૃષા તો હતી જ. 'પાત્રતા' ના પાત્રમાં ગુરુકૃપા ઝીલાઈ. હવે તો બસ તૃષા છીપાવે જ જાવ, છીપાવે જ જાવ.

સમુદાયમાં છાપ એવી પડી કે ભૂતનું સ્થાન વડલો અને જયઘોષનું સ્થાન જ્ઞાનભંડાર!

૨૦૧૧ની સાલ. શેષ કાળમાં વિચરણ કરતાં કરતાં પૂજ્ય દાદા ગુરુદેવની નિશ્રામાં મુલુંડમાં પધાર્યા. સમય મળતાં જ સાહેબ પહોંચી ગયા સીધા જ્ઞાન ભંડારમાં.

વન બાય વન પુસ્તકો જોતાં ગયા, રસ પડે તે વાંચતાં ગયા. તેટલામાં 'નવતત્ત્વ સંગ્રહ' નામની એક પુસ્તક હાથમાં આવી. વિવરણ પૂજ્ય આત્મારામજીનું હતું.

પુસ્તક જોતાં લાગ્યું કે આમાં તો ઘણા પદાર્થો છે. પાના ફેરવી દેવાથી કામ નહિ ચાલે, આ પુસ્તક તો અભ્યાસના ગ્રન્થ તરીકે ભણવું જોઈએ.

પુસ્તક દાદા ગુરુદેવને દેખાડ્યું અને કહ્યું, 'આપની અનુજ્ઞા હોય તો અભ્યાસના ગ્રન્થ રૂપે આને ભણું?'

'ગુરુને પુછીને અને તેઓની આજ્ઞા પ્રમાણે ચાલવામાં કેટકેટલાં લાભો થતાં હોય છે' તે હવે જણાશે.

'આ પુસ્તક માત્રથી કામ નહિ ચાલે' દાદા ગુરુદેવ બોલ્યા 'આ પુસ્તક ભણતી વખતે પન્નવણા આદિ ગ્રન્થો સાથે રાખવા પડશે, તો તુલનાત્મક સરસ અભ્યાસ થશે. માટે પુસ્તકનું નામ નોંધી લો. ચાતુર્માસમાં ભણજો.'

એ સાલનું ચાતુર્માસ નગરમાં થયું, પ્રવેશ થયા બાદ ઉપયોગી બધા જ પુસ્તકો મંગાવ્યા અને અભ્યાસ ચાલુ થયો. હવે માત્ર ભણવાનું ન'તું. ભણતાં ભણતાં સાથે મુનિ ધર્મગુપ્ત વિ. ને ભણાવવાનું ય હતું.

**સાહેબ ! આપને સ્વયં ભણવાની કળા તો ઠીક, નહિં ભણેલું ભણાવવાની કળા ય એ નાની વયમાં હસ્તગત હતી ?**

■

# આજ્ઞા ગુરૂણામવિચારણીયા

## (૧૬)

**એ**ક સુભાષિત વાંચ્યું હતું *'આજ્ઞા ગુરૂણામવિચારણીયા'*

''ગુરુની આજ્ઞા આપણે માથે ચઢાવી લેવી પણ તેમાં માથું ન મારવું!''

આ સેન્ટન્સ વાંચવામાં જેટલું સારું લાગે છે, જીવનમાં ઉતારવું તેટલું જ અઘરું છે.

સત્ત્વશાલી મહાપુરુષો પણ અહીં જ ક્યાંક ચૂકી ગયા છે.

દા.ત. સિંહગુફાવાસી મુનિ, અષાઢભૂતિ મુનિ વગેરે...

ત્યાં આપણે વળી કઈ વાડીના મૂળા ?

પણ, નારકીમાં જેમ ક્યારેક ક્યારેક

સુખના ચમકારા થઈ જાય તેમ હુંડા અવસર્પિણીના પંચમ આરામાં ક્યારેક ક્યારેક આપણને ય ચોથા આરાની અલપ-ઝલપ દેખાઈ જાય.

૨૦૧૧ની સાલનું ચોમાસું પૂના હતું. લગભગ ૫૦ સાધુઓ હતાં. દાદા ગુરુદેવની નિશ્રા હતી.

હજી હમણાં જ ઉપરા છાપરી દીક્ષાઓ થઈ હતી. બધા સાધુઓને જોગ કરાવવાની વાત ચાલી. છેલ્લે દાદા ગુરુદેવે ૩૬ નામ 'પાસ' કર્યા અને જયઘોષ વિજયને કહી દીધું : 'આ વખતે મહાનિશીથના થનારા જોગમાં તારે બેસવાનું નથી.' **સાહેબનો તો એક ફિક્સ જવાબ જ હતો 'તહત્તિ'!**

જોગમાં બેસનારા સાધુઓ જોગની પૂર્વતૈયારી કરવા લાગ્યા. પાટલી સજ્ઝાય, કાલગ્રહણ વગેરેની પ્રેક્ટીસ ચાલુ કરી અને અત્તરવાયણા ય ચાલું થઈ ગયા !

કાલે જોગમાં પ્રવેશ, તેની પૂર્વવિધિ આજે સાંજના કરવાની હતી, નોતરા આપવાના હતાં. ૩૬ સાધુઓ તૈયાર થઈ ગયા. દાદા ગુરુદેવના આશિર્વાદ લેવા આવ્યા. ત્યાં અચાનક દાદાગુરુદેવને શું લાગ્યું કે તરત જ બાજુમાં બેઠેલા જયઘોષ વિજયને કહી દીધું :

'તું ય પહોંચી જા આ બધાની સાથે અને નોતરા આપી દે ! કાલથી જોગમાં બેસી જજે. દાળ ભેગી ઢોકળી થઈ જશે, બધાની સાથે સાથે તારા ય જોગ થઈ જશે.''

**વળી સાહેબનો એ જ જવાબ રીપીટ થયો 'તહત્તિ' ! ગુરુદેવનું ગમે તેટલું બદલાતું કથન આવે સાહેબનો જવાબ ક્યારેય ન બદલાય!**

પહેલાં જોગની ટીકીટ કપાઈ તેનો કંઈ રંજ નહિ અને વગર 'સામગ્રી' એ સીધા ગાડીમાં ચઢાવી દીધા તેનો ખેદ નહિ. હવે ચોથો આરો યાદ ન આવે તો શું યાદ આવે ?

■

# (૧૭) પાત્રતાનું પ્રમાણપત્ર

જૈનેન્દ્ર પ્રવચનની એક મહત્ત્વની મર્યાદા છે. જે ઘણી ઉચ્ચકક્ષાની, અન્યદર્શનોમાં દેખા ન દેતી, આચરણની બાબતમાં, આમ જુઓ તો ઘણી જ આસાન અને આમ જુઓ તો સૌથી કઠિન ! જેનું નામ છે : **'ગુરુકુલવાસ'.**

પદાર્થ = પદનો સામાન્ય સ્થૂલ દૃષ્ટિએ અર્થ કરીએ તો 'ગુરુના કુલમાં-શિષ્યપરિવારમાં સમુદાયમાં રહેવું.' અર્થાત્ ગુરુની નિશ્રામાં રહેવું.

દા.ત. દ્વાદશાંગ રચયિતા, ૫૦,૦૦૦ કેવલજ્ઞાની શિષ્યોના ગુરુ, અનન્તલબ્ધિનિધાન, પ્રથમ ગણધર ગુરુ ગૌતમ સ્વામી પણ પ્રભુ મહાવીરના સાન્નિધ્યમાં રહીને જ સંયમયોગોની સાધના કરતાં હતાં.

કિંતુ, માત્ર સાથે રહેવાથી કામ નથી સરતું; ગુરુકુલવાસનો તાત્પર્યાર્થ છે : 'ગુરુની ઈચ્છાનુસારે વર્તવું.'

**ગુરુના ઔદારિક દેહ કરતાં મુખ્યતયા આજ્ઞાદેહની આરાધના કરવી.**

**તેમાંય જે ગુરુકુલવાસી સાધુ, ગુરુ ઈચ્છા જણાવે ત્યાર બાદ તેનું આચરણ કરે તે તો 'ઉત્તમ' જ છે, જ્યારે ઈંગિતાકારથી ગુરુની ઈચ્છા જાણી તદનુસારે વર્તે તે તો 'ઉત્તમોત્તમ' છે.**

**આ સાધુ સાચા અર્થમાં 'ગુરુકુલવાસી' છે જ. સાથે સાથે 'ગુરુહૃદયવાસી' પણ બને છે અને ગુરુહૃદયમાં રહેલો સાધુ 'મેવાસી' પણું છોડીને શીઘ્રાતિશીઘ્ર 'મુક્તિવાસી' બને તેમાં શંકાને સ્થાન નથી.**

સાલ હતી વિક્રમની ૨૦૧૧ની. અહમદનગરનું ચાતુર્માસ પૂર્ણ થયે વાયા પૂના થઈ મુંબઈ નગર પ્રતિ સાહેબજી દાદા ગુરુજીની સાથે સંચરી રહ્યા હતાં.

પૂનામાં પૂ.આ.શ્રી જંબુ સૂરિજી મ.ના દર્શનનો-વંદનનો લાભ મળ્યો. સાંજનો વિહાર 'ખડકી' ગામનો રહ્યો. રાતના સમયે સાહેબને ૪ ડીગ્રી તાવ ચઢયો. માથે સવારે તો ૧૨ માઈલનો વિહાર ઉભો જ હતો. છતે તાવે સવારે ૮ માઈલનો વિહાર કરી, શરીરની ગાડીમાં થોડું પેટ્રોલ ભરીને બાકીનો ૪ માઈલનો વિહાર કર્યો.

બપોરના સમયે લગભગ ૨:૩૦ વાગે દાદા ગુરુદેવે તરપણી લઈને વિહાર ચાલુ કર્યો. જે સમયે સાહેબ આરામમાં હતાં. ઉઠ્યા ત્યારે ખબર પડી કે દાદાગુરુજી તો 'જયઘોષને ડોળીમાં લઈ આવજો.' તેવું સૂચન કરીને નિકળી ગયા છે.

સાહેબે તુરંત કામળી, ડાંડો લઈને વિહાર ચાલુ કર્યો. બીજી ઉપધિ-પાત્રા સાધુને ભળાવી દીધા. બપોરે ૪.૦૦ વાગે તળેગાંવ-દાભાડા ગામે દાદા ગુરુદેવને ભેગા થયા. તે દિન ને તે ઘડી ! દાદાગુરુના હૃદયમાં સાહેબે પોતાનું આસન જમાવી દીધું. પરસ્પર નિરંતર વધતી લાગણીમાં આ વિહાર મુખ્ય નિમિત્તકારણ બન્યો.

**ત્યાર બાદના દરેક વિહારમાં સાહેબના એક હાથમાં ઘડો હોય અને બીજા હાથમાં ઘડવૈયાનો હાથ હોય !**

■

# (૧૮) કર્મગ્રન્થનવસર્જનનો કારકહેતુ

સાધુ સંયમજીવનના સ્વીકાર બાદ ગુરુમૂલગત સૂત્રોની ૭ વાર **વાચના** ગ્રહણ કરે. ગૃહીત વાચનામાં સંશય થતાં **પ્રચ્છના** કરે. નિઃસંશય સૂત્રની અવિસ્મૃતિ માટે **પરાવર્તના** કરે. સ્થિર થયેલ સૂત્રો પર **અનુપ્રેક્ષા**, પૂર્વાપર તુલનાત્મક વિચારણા, શબ્દાર્થ અને વાક્યાર્થથી આગળ વધીને ઐદમ્પર્યાર્થ સુધી પહોંચીને સૂત્રાનુપાતી નવ્ય અર્થસંગતિ કરે અને આવા અનુપ્રેક્ષિત અર્થની શ્રાવકો સમક્ષ **ધર્મકથા** કરે.

જ્યારથી ગ્રન્થોને વ્યંજનાક્ષરસ્થ કરવાનું વિધાન થયું ત્યારથી અર્થાત્

વીર નિર્વાણ ૯૪૦ વર્ષ બાદ પૂર્વોમાંથી ઉદ્ધૃત ગ્રન્થ, પ્રકરણાદિની જેમ અનુપ્રેક્ષા-ચિંતનના અવતરણ માટે પણ નવ્યગ્રન્થોની રચના શરું થઈ.

વિ.સં.૨૦૦૮ની સાલમાં દાદાગુરુજીએ સાધુવર્ગને કર્મગ્રન્થ ભણાવવાના ચાલું કર્યા. સ્વપક્ષના ગ્રન્થોનું સાંગોપાંગ અધ્યયન કરી વિ.સં.૨૦૧૦ની સાલમાં **મુ. ધર્માનન્દ વિ. તથા મુ. હેમચન્દ્ર વિ. સાથે સાથે મુ. જયઘોષ વિ.** (ભણવા માટે નહિં પણ, મારી ભાષામાં કહું તો ટાઈમપાસ કરવા) એ **'ગોમ્મટ સાર' નામના દિગમ્બરીય ગ્રન્થનો અભ્યાસ પ્રારંભ્યો**. સવારે નવકારશી કરીને ૯.૦૦ વાગે ત્રિપુટીનો પાઠ ચાલું થતો તે ઠેઠ બપોરે ૩.૦૦ વાગે સમાપ્ત થતો. અખંડ છ કલ્લાક પાઠ ચાલતો !

અખંડ એક જ બેઠકે સાતત્યથી ચાલતો ૬ કલાકનો અભ્યાસ કેવો મજબૂત હશે ? તે તો સહુને નવસર્જનથી જ જ્ઞાત થવાનું જ હતું.

અધ્યયન વેળાએ જ મુ. ધર્માનન્દ વિ. તે ગ્રન્થની નોટ કરી. જેમાં મુખ્ય પોઈન્ટ્સ અને યન્ત્રો દોરેલાં હતાં.

તે નોટની અશુદ્ધિ દૂર કરવા ખુદ દાદાગુરુજીએ તે નોટ વાંચવાનું ચાલું કર્યું.

આશ્ચર્ય તો હવે થાય છે કે તે વાંચતાં જ્યારે શંકા પડે ત્યારે દાદા ગુરુજી મુ. ધર્માનન્દ વિ. ને ન પૂછતાં મુ. જયઘોષ વિ. ને પૂછતાં કે 'આનું રહસ્ય શું હશે ?' મુ. જયઘોષ વિ. ને પુછવાનું રહસ્ય તો તે સમયે માત્રને માત્ર તેઓશ્રી જ જાણતાં હતાં.

એકદા મારાથી સહસા સાહેબજીને પૂછાઈ ગયું : આપશ્રી ભણ્યા તો ન'તાં, તો ઉત્તર શી રીતે આપતાં ?

''આપણને ત્યારે જે અર્થ સંગત લાગે તે જણાવી દેવાનો.'' માસ્ટર કી જણાવતો જવાબ સાહેબે વાળ્યો.

પણ, આ દરેક જવાબમાં દાદા ગુરુને કંઈક ઐદમ્પર્યાર્થ જ્ઞાત થતો જણાતો,

કંઈક અન્યત્ર અશ્રુત જેવું જણાતું એટલે જ તો કદાચ અન્ય પ્રકાંડ વિદ્વાનને પ્રશ્ન ન પૂછતાં અનભ્યસ્ત (!) મુ. જયઘોષ વિ. ને પૂછતાં હશે !!!

હમણાં જ બોરિવલી-દેવનગરમાં ફાગણ સુદ-૮ - બપોરના સમયે વાચનામાં **પૂ. આ. શ્રી હેમચન્દ્રસૂરિજી મ. જણાવ્યું : ''ત્યારે આપણા સાહેબજી કર્મગ્રન્થના એવા રહસ્યો ખોળી કાઢતાં, જેથી પૂજ્ય ગુરુદેવ પ્રેમ સૂ. મ. ને લાગ્યું : 'જો આનું યોગ્ય અવતરણ નહિં કરીએ તો બધું જ હવામાં ઉડી જશે. આગળની પેઢીને પહોંચતું કરવું એ આપણી એક નૈતિક જવાબદારી છે.' આ જ હેતુથી વિ.સં.૨૦૧૬ થી કર્મગ્રન્થ નવસર્જનના મંડાણ થયા.**

■

# નવસર્જનના નવસર્જક

## (૧૯)

**આ**ન્તરરાષ્ટ્રીય ક્રિકેટનો ધૂવાંધાર બેટ્સમેન ભલે ક્રિઝ પર આવીને ચોગ્ગા-છગ્ગા ફટકારી ઓડિયન્સની તાળીઓ ઝીલતો હોય પણ, ક્રિઝ પર આવતાં પહેલાં તે અવશ્ય એક 'કોચ' કહેવાતી વ્યક્તિના હાથ નીચે પ્રેક્ટીસ કરીને જ આવ્યો હોય છે તે ભૂલવા જેવું નથી.

વર્તમાનમાં ક્યાંય ઉપલબ્ધ ન થતાં શ્રુત- રહસ્યના ખજાનાને જગત્ સમક્ષ મૂકતાં, લોકોના દિલ-દિમાગની મિથ્યા કર્મરજને ખંખેરતાં સાહેબજી પોતાના અભ્યાસ કાળમાં એક 'પ્રેમસૂરિ' નામના

'કોચ' હેઠળ તૈયાર થયા છે તે વિસ્મરી શકાય તેમ નથી.

સાહેબના અભ્યાસની બધી જ કાળજી દાદાગુરુ પ્રેમસૂરિજી ખુદ લેતાં.

કર્મગ્રન્થનો અભ્યાસપૂર્ણ થયા બાદ તેમાં પ્રાપ્ત થયેલ ચિંતનરત્નોને ગ્રન્થની પોટલીમાં બાંધવા દાદા ગુરુજીએ કેટલાક સાધુઓને ચુઝ કર્યા.

નવસર્જન વિષયમાં મુ. જયઘોષ-ધર્માનન્દ-હેમચન્દ્ર વિ. મહાધ્યાયી અને સહાધ્યાયી હતાં.

કિન્તુ ૨૦૧૬ માં મુ. હેમચન્દ્ર વિ. શારિરીક અવસ્થા નબળી થતાં અલગ થયાં.

સહુ પ્રથમ પદાર્થ સંગ્રહ ચાલું થયો. મુ. જયઘોષ-ધર્માનંદ મ. હસ્તક.

તેના પર મુ. વીરશેખર વિ. એ મૂળશ્લોક રચનાનો પ્રારંભ કર્યો.

તે મૂળશ્લોક પર અલગ અલગ વિદ્વાન મહાત્માઓએ કલમ ચલાવી. લાખો શ્લોક પ્રમાણ નવ્ય ટીકાઓ રચી.'બન્ધવિધાન' નામના કર્મગ્રન્થના 'કરણ' (બન્ધનકરણ) પર - આઠ કરણમાંના માત્ર એક જ કરણ પર ટોટલ ૧૭ વોલ્યુમની રચના થઈ. માત્ર એક જ 'કરણ' પર આટલું વિવેચન કરવાની પાછળ કદાચ મહો. મ. નું આ વચન કારણ હશે, ''બન્ધસમય ચિત્ત ચેતીયે રે, ઉદય સમય શો સંતાપ રે...'' બધું મળતાં લગભગ ૨ લાખથી વધુ શ્લોક પ્રમાણ ટીકા રચાઈ.

વિ.સં.૨૦૧૬ થી પ્રારંભ થયેલ આ નવસર્જન યાત્રામાં મોટું વિઘ્ન આવ્યું. યાત્રાની અરધી મંઝિલે વિ.સં.૨૦૨૪ માં મુખ્ય આધાર, એન્જિન સમાં દાદા ગુરુદેવ કાળ પામ્યાં.

મોતીની માળામાંથી જેમ દોરો નિકળી જતાં બધા મોતીઓ વિખરાઈ જાય તેમ દાદા ગુરુની ચિરવિદાય બાદ બધા સર્જકો વિખરાવા લાગ્યા.

ત્યારે સાહેબજીને લાગ્યું કે ''જો હવે હું કલમ નહિ ચલાવું તો સર્જન પૂર્ણતાને આરે પહોંચી શકે તેમ નથી. દાદાગુરુની ઈચ્છા અહીં જ સમાપ્ત થઈ જશે !''

૨૦૧૬ થી શરુ થયેલ આ યાત્રાના મુખ્ય સૂત્રધાર, કેપ્ટન કહેવાતાં સાહેબ છેક ૨૦૨૬માં મેદાને ઉતર્યા. બાકી રહેલ પાંચ ગ્રન્થોનું સર્જન કર્યું નવ વર્ષમાં ૪૦,૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા સર્જનની સાથે...

■

# (૨૦) વિલક્ષણતાની લાક્ષણિકતા

દુનિયામાં જન્મ તો બધા જ લે છે; પણ જન્મ બાદ કેટલાક લોકો ગાડરિયા પ્રવાહની જેમ જ લોકસંજ્ઞામાં જીવન ખર્ચી દે છે.

જ્યારે કેટલાક એવા વિરલા પણ અવતરણ કરે છે કે જેઓ જન્મથી જ કંઈક વિશિષ્ટતા લઈને આવતા હોય છે. *લોકાનુસારિતા કરતાં તેઓને સ્વાત્માનુસારિતા વધારે જમતી હોય છે.*

સાહેબજીના જીવન પર જો દષ્ટિક્ષેપ કરીએ તો પ્રત્યેક કરતાં કંઈક 'વિશેષ' નજરે ચઢ્યા વિના ન રહે. આમેય વિશેષ વિના વિશિષ્ટતા આવે ય શી રીતે ?

**વિદ્યાર્થી :-**

★ આ એવા વિલક્ષણ વિદ્યાર્થી હતાં; જેણે પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો જ ન'તો, સીધો માધ્યમિકમાં જ પ્રવેશ કર્યો!

★ સંસ્કૃત-પ્રાકૃતની બાલપોથીનું ય પઠન કર્યા વિના સીધા ગ્રન્થોનું વાંચન ચાલું કર્યું !

★ સંસ્કૃત કાવ્યોનું વાચન કર્યા વિના સીધું પદ્ય પઠન કર્યું !

★ પ્રકરણ ગ્રન્થોનું કે 'આગમ' રૂપી નગરમાં પ્રવેશવા દ્વાર સમાં 'અનુયોગ દ્વાર'નું અધ્યયન કર્યા વિના સીધો જ 'રાયપ્પસેણી' ગ્રન્થ ભણ્યો!

**અધ્યાપક :-**

એવા અજબના અધ્યાપક કે ક્યારેય ટાઈમ ફિક્સિંગ ન કરે. સામાની અનુકુળતાએ સ્વાનુકુળતા કરી લે !

**લેખક :-**

એવા લાખેણા લેખક કે ગ્રામર ભણ્યા વિના જ તે ભાષામાં પાનાઓના પાના ભરીને લખાણ કરી દે = સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ વિના ૪૦,૦૦૦ શ્લોક પ્રમાણ ટીકાનું સર્જન !

**વક્તા :-**

એવા વક્તા કે વ્યાખ્યાનની તૈયારી તો છોડો, જે ભાષામાં કદી બોલવાનો મહાવરો ય ન કેળવ્યો હોય તે ભાષામાં, તેમાંય વ્યાખ્યાન (પ્રાકૃતમાં વ્યાખ્યાન) આપે.

**વાચક :-**

એક એવા વાચક-વાચનાદાતા જેઓ અગારી કરતાં અણગારી સમક્ષ કથા કરવાનું વધારે પસંદ કરે. *'गिहिसंथवं न कुज्जा, कुज्जा साहुहिं संथवं'* ની દશવૈકાલિક પંક્તિ કેવી આત્મસાત્ હશે !

■

# (૨૧) ડો.આય.પી.ની વિશેષ વ્યવસ્થા

જૈન શાસનમાં જેટલું મહત્ત્વ તીર્થંકરનું છે તેટલું જ મહત્ત્વ આચાર્યનું પણ સ્થાપિત છે.

‘તિત્થયરસમો સૂરિ’ આચાર્ય તીર્થંકર સમા છે. સૂર્યસમા તીર્થંકરની ગેરહાજરીમાં દીપ સમા આચાર્યો શાસનને પ્રકાશિત રાખે છે.

શાસનના નિયમો, બંધારણો સ્થાપવાની જેટલી સત્તા તીર્થંકરની છે; તો તે તે સમયે તે તે નિયમોમાં ફેરફાર કરવાની તેટલી જ સત્તા આચાર્યની છે. તે ફેરફાર ભલે મોટો હોય કે નાનો હોય.

પૂર્વના સમયમાં જ્યારે આગમોને લિપિ અક્ષરસ્થ કરવાનું ચલણ ન’તું ત્યારે આચાર્યો

એક જ સૂત્રની સાત વાર વાચના આપતાં; શિષ્યો એક જ સૂત્રને સાત વાર વિધિપૂર્વક ગ્રહણ કરતાં. જેથી સૂત્ર અત્યંત દઢ થઈ જતું.

આગમ લખાણ ચાલું થયા બાદ ગુરુ લગભગ એકવાર વાચના આપે અને વાચના બાદ તે જ સૂત્રને શિષ્યો વાંચીને દઢ કરે.

આ જ વિધિ આજ સુધી ચાલી આવી છે. કિંતુ જેમ વ્હી.આય.પી. માટે વિશિષ્ટ વ્યવસ્થા થાય છે તેમ મુ. જયઘોષ વિ. માટે વિશિષ્ટ વિધિમાર્ગ અપનાવાયો.

પૂર્વે કહ્યું તેમ સારા જ્યોતિષીના કથન મુજબ જેમ સૂત્રદાન પહેલાં અર્થદાન આપ્યું તેમ અહીં દાદાગુરુએ અભ્યાસ માટે નવતર પ્રયોગ અજમાવ્યો.

સાહેબનું આસન દાદાગુરુની પાટને અડીને જ રહેતું. સાહેબ પોતાના આસને બેસી સ્વયં શાસ્ત્રનો અભ્યાસ કરે, ઉંડાણપૂર્વક વાંચન કરે. જ્યાં અટકે, જ્યાં તત્ત્વબોધ સુવ્યવસ્થિત ન થાય, જ્યાં સંશય પડે ત્યાં દાદાગુરુને પુછી લે. આ વ્યવસ્થા ૨૦૧૨ થી શરું થઈ. બધા જ આગમોનો અભ્યાસ આ રીતે થયો.

સાથે સાહેબની દાદાગુરુને ચેલેન્જ હતી (!) દિવસમાં જેટલું વાંચ્યું હોય તેમાંથી સાંજ પડે જે પૂછવું હોય તે મૌખિક પરીક્ષા પદ્ધતિથી પુછવાની છૂટ.

જેમ વજસ્વામીએ ઘોડિયામાં સૂતાં સૂતાં ૧૧ અંગ ભણ્યા તેમ સાહેબ દાદાગુરુની બાજુમાં બેઠાં બેઠાં ૧૧ અંગ ભણ્યા.

આ નવતર પ્રયોગની પાછળ દાદાગુરુની દષ્ટિ આ જ હતી કે 'જો હું પાઠ આપીશ તો કલાક-દોઢ કલાકમાં જેટલું થશે તેટલું જ તે ભણી શકશે. જ્યારે સ્વયં વાંચન કરશે તો પોતાની ભૂખ પ્રમાણે ખોરાક વાપરી શકશે, ક્યાંય અપોષણ કે અતિપોષણનું નામ નહિં !

■

# (૨૨) વગર પાપનું પ્રાયશ્ચિત

દેશ કે સર્વથી પ્રત્યાખ્યાનના સ્વીકાર કર્યા બાદ, જો કદાચ તે વ્રતાદિમાં અતિચારાદિ દોષ થાય તો પ્રતિક્રમણાદિ દશવિધ પ્રાયશ્ચિત્ત વિધિથી તેનું નિવારણ થઈ શકે છે અને તે વ્રત સંબંધિ 'અવિરતિ'નો દોષ રહેતો નથી.

શ્રીમતી ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે-

*'पुणो विसोहि, न याविरइ'*

**ખાડામાં પડવું તે ભૂલ કબૂલ, પણ પડ્યા પછી ઉઠવું નહિં તે મૂર્ખામી !**

**કાદવથી પગ બગડવો તે સહસાકાર, પરંતુ બગડેલા પગને સાફ ન કરવો તે ગાંડપણ !**

**પાપ થઈ જવું તે દોષ પણ, પાપાચરણ બાદ તેનું પ્રાયશ્ચિત્ત ન કરવું તે મૂઢતા, મોહ ગ્રથિલતા.**

કારણ ? પાપ આભોગ-અનાભોગ, પ્રમાદ કે પરિસ્થિતિને વશ થઈ, થઈ જતું હોય છે. જ્યારે પ્રાયશ્ચિત્ત સ્વીકાર આત્મવશ છે.

**પરાધીન પદાર્થમાં ભૂલ થાય તે દોષ નાનો પણ, સ્વાધીન સાધનમાં સ્ખલના થાય તે દોષ મોટો.**

પાપ થયા બાદ હૃદયની ખુલ્લી કિતાબે એકરાર કરવો તે આ શાસનની બલીહારી છે તો વગર પાપે, વગર ભૂલે આવી ગયેલ ઠપકા-પ્રાયશ્ચિત્તનો સહર્ષ સ્વીકાર કરવો તે આ શાસનની ખુમારી છે !

મુનિ જયઘોષ વિજય પહેલેથી જ સાધુ ભક્તિમાં પાવરધા હતાં તેમાંય વિશેષ ગોચરીમાં !

નાનપણથી જ દરેક સાધુની પાત્રીમાં, ચેતનામાં ચોકલેટ નાખવાની તેમની આદત હતી !

૧૫ વર્ષની નાની વયથી તો તેઓ ગોચરી જતાં થયા. સ્વભાવ પ્રમાણે તેઓ કાયમ વધારે જ લાવે !

એકવાર ખૂબ ગોચરી વધી. નામ મુનિ જયઘોષનું ચગ્યું કે 'એ જ દરરોજ વધારે લાવે છે માટે જ ગોચરી વધે છે. આવતી કાલથી તેમની ગોચરી બંધ!'

વાત ઠેઠ ગુરુ મ. (ભુવનભાનુ સૂ. મ.) સુધી પહોંચી ગઈ. સાંજે જ્યારે બધા સાધુઓ ગુરુ મ. ને વંદન કરવા આવ્યા ત્યારે ગુરુ મ. સાહેબને ઠપકો આપ્યો અને પોતાની ભૂલ બદલ સર્વને મિચ્છામિ દુક્કડમ્ કરવાનું કહ્યું.

સરળ હૃદયી સાહેબે સહજતાથી ભૂલ સ્વીકારી (!) મિચ્છામિ દુક્કડમ્ કર્યું.

હવે આવતી કાલે કોને ગોચરી મોકલવા ? તે માટે વ્યવસ્થાપક વ્યવસ્થા કરવા બેઠા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે ''આજે મુનિ જયઘોષવિજયજી ગોચરી ગયા જ ન'તાં'' !!!

▮

# (૨૩) પુણ્યની બાટલી

દુનિયામાં કેટલાક લોકો માત્ર પ્રારબ્ધવાદી હોય છે તો કેટલાક માત્ર પુરુષાર્થવાદી હોય છે.

'ભાગ્યમાં હશે તો મળશે.' તેમ વિચારી પુરુષાર્થના હથોડાથી ભાગ્ય આડેની દિવાલ તોડવામાં કેટલાક નિષ્ફળ સાબિત થાય છે.

તો 'પુરુષાર્થ જ સર્વસિદ્ધિદાયક છે.' તેમ વિચારી કેટલાક નિર્ભાગી જીવો મૃગજલની પાછળ આંધળી દોટ મૂકી દે છે.

સરવાળે બન્નેયના હાથમાં લગભગ કંઈ જ આવતું નથી !

કેટલાક શાસ્ત્રો ય માત્ર પ્રારબ્ધવાદી હોય છે તો કેટલાક પુરુષાર્થવાદી હોય છે.

'*कर्मण्येवाधिकारस्ते*... આ ગીતા વચન શું પ્રારબ્ધને પારકું માનીને માત્ર પુરુષાર્થનું સગું

નથી ભાસતું ?

અનેકાન્તવાદ કોઈ પણ ફળ પ્રત્યે પ્રારબ્ધ-પુરૂષાર્થ બન્નેયને કારણ માને છે. કાર્ય પ્રત્યે બન્નેયની નિમિત્તકારણતા સરખી જળવાઈ રહે છે.

માણસ પુરુષાર્થને નિમિત્ત બનાવી, પ્રારબ્ધનો ટેકો મેળવીને ઈષ્ટ ફળની પ્રાપ્તિ કરી શકે છે.

જેમ 'આવી પડેલ આપત્તિ પૂર્વકૃત કુકર્મો નિમિત્તક છે' તે વાત શાસ્ત્રોમાં જણાવી છે તેમ 'આ ભવમાં પ્રાપ્ત થયેલ સંપત્તિ પૂર્વોપાર્જિત સુકૃતના આધારે છે' તે પણ નિઃશંકપણે સ્વીકાર્ય છે.

સાલ હતી વિ.સં.૨૦૧૧ ની, સ્થળ હતું મારવાડમાં શિળદર ગામનું, આરાધના હતી ઉપધાન તપની અને નિશ્રા હતી દાદાગુરુજીની....

પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મ. નું પણ સાન્નિધ્ય શ્રી સંઘને સાંપડ્યું હતું.

તેઓશ્રીના એક વયોવૃદ્ધ શિષ્ય હતાં નામે મુનિ લાવણ્ય વિજય. ઉપાશ્રયમાં નીચેના હોલમાં દાદરાની બરાબર સામે તેમનું સ્થાન હતું.

પ્રાયઃ બપોરે ૩-૪ વાગ્યાનો સમય હતો. પ્રતિલેખનાદિ વિધિ પતાવી મુનિ જયઘોષ વિજય ક્રમશઃ વંદન કરતાં તેમના સ્થાને પહોંચ્યા હતાં.

વયોવૃદ્ધ મુનિ પોતાની કોઈ દવા બાટલીમાં ભરી રહ્યા હતાં. આંખે બરાબર દેખાતું ન હોવાથી દવાની જેટલી ટીકડી બાટલીમાં જતી તેના કરતાં વધારે બહાર પડતી હતી !

તેમની પાસેથી દવા લઈ સાહેબ બાટલીમાં દવા ભરવા લાગ્યા.

બરાબર તે જ સમયે પંન્યાસ ભદ્રંકર વિ.મ. ઉપરથી નીચે ઉતર્યા. તેમણે તે દશ્ય જોયું. સાથે ચાલતાં સાધુને તેમના શબ્દો કર્ણગોચર બન્યા : **'મુનિ જયઘોષ બાટલીમાં દવા નહિ પણ પુણ્ય ભરી રહ્યો છે.'**

■

# (૨૪) સાધના વગરની સિદ્ધિ

સાધના કરીને સાધકને સિદ્ધિ મળે તો તો હજી આશ્ચર્ય ન થાય પરંતુ વગર પુરુષાર્થે કોઈને પ્રાપ્તિ થતી જણાઈ આવે તો આપણા આશ્ચર્યનો પાર નથી રહેતો.

આ ભવમાં સાંપડેલ પ્રત્યેક આધિભૌતિક સિદ્ધિની પાછળ તો સાહેબે ક્યારેય કમર કસી જ નથી; પરંતુ પૂર્વકોટી વર્ષના ચારિત્ર પાલનથી પણ દુઃસાધ્ય સમતા, સૌમ્યતા અને સરળતાના ગુણો સાહેબને સહજ સિદ્ધ થઈ ગયા છે !

ટુંકમાં, જો કોઈને સાહેબજીની પહેચાન આપવી હોય તો આમ આપી શકાય : **'વગર સાધનાએ સિદ્ધિને હાંસલ કરે તે'.**

જો અભ્યાસની સાધના વિના સાહેબ અધ્યાપક બન્યા;

જો લેખનની સાધના વિના સાહેબ લેખક બન્યા;

તો વ્યાખ્યાનની સાધના વિના સાહેબ વક્તા બન્યા !

વિ.સ.૨૦૧૬ની સાલમાં દાદા ગુરુજીએ સાહેબને પાટ પર બેસાડચા. ૫-૧૦ મિનિટના વ્યાખ્યાનથી શરુઆત થઈ.

જૈનાગમમાં શબ્દ પ્રયોગ પણ કેવા સરસ સાર્થક હોય છે 'વ્યાખ્યાન'.

અહીં ફક્ત 'આખ્યાન' = કહેવાનું નથી; પરંતુ વિ + આખ્યાન = વિશિષ્ટ તત્ત્વનું નિરુપણ કરવાનું છે. અહીં માત્ર 'વચન' ઉચ્ચારવાના નથી કિંતુ 'પ્રવચન' = પ્રકૃષ્ટ તત્ત્વ અને પરમપદના પ્રાપક વચન કહેવાના છે.

**અને આ પણ હજી એક આશ્ચર્ય થશે કે દાદા ગુરુજીએ 'ખુદ વ્યાખ્યાન ન કરવું' તેવો અભિગ્રહ લીધો પણ મુ. જયઘોષ વિ. ને સામેથી પાટ આપી!**

શરુઆતમાં દાદા ગુરુજી સ્વયં પાસે બેસાડીને વ્યાખ્યાન કરાવતાં તો ક્યારેક બેક સપોર્ટર તરીકે મુ. ભાનુ વિ., મુ. પદ્મ વિ. ને કે મુ. હેમન્ત વિ.ને રાખતાં.

સતત ૨ મહિના સુધી આ પ્રેક્ટીસ ચાલી

**પછી તો સાહેબ કાયમ ૧૫માં બેટ્સમેન બનવાનું જ પસંદ કરતાં! તેઓશ્રી શ્રાવકને સમજાવા કરતાં સાધુને ભણાવામાં વધારે લક્ષ્ય આપતાં. નવી કમાણી કરવા કરતાં જૂનીની રક્ષા અને વૃદ્ધિનું તેઓને મન અધિક મહત્ત્વ હતું.**

દાદા ગુરુજી માટે તો સાહેબ 'સંકટ સમયની સાંકળ' હતાં. જ્યાં અટકે ત્યાં મુ. જયઘોષ વિ. ડબ્બો જોડી આપતાં !

વિ.સં.૨૦૧૬થી પ્રારંભ પામેલ આ પ્રવચનયાત્રા ક્યારેય પસાર થઈ ગયેલ રૂટ પર પાછી ફરી નથી અર્થાત્ સાહેબજીના વ્યાખ્યાનમાં કે વાચનામાં આવતાં પદાર્થો રીપીટ થતાં આઠ વર્ષના મારા સંયમ પર્યાયમાં મે સાંભળ્યા નથી!

# (૨૫) रसत्याग

નિર્દોષતા, નિશ્છલતા અને નિષ્કપટતા એ બાલસહજ ગુણ છે.

બાલ્યાવસ્થા જીવનની રમણીય અવસ્થા છે. બાલ્યાવસ્થામાં રહેલ વ્યક્તિ કોના પ્રેમનું સ્થાન નથી બનતો ? એ અવસ્થા જ એટલી મનોહર છે એ અવસ્થામાં રહેલ શત્રુપુત્ર પણ એકવાર આકર્ષણનું સ્થાન બની જાય છે !

**બાળક એક એવું વ્યક્તિત્વ છે કે જે પોતાની વિશ્વસ્ત વ્યક્તિ દ્વારા અપાતી વસ્તુમાં સ્વેષ્ટ સાધનતા સમજાઈ જાય તો તેનાથી**

## અધિક મુલ્યવાન ચીઝને છોડતાં વાર નથી લગાડતો!

૧૦૦ રૂપિયાનું રમકડું જો બાળકના હાથમાં આપો તો તે હાથમાં રહેલ ૧૦૦૦ ની નોટને છોડવા તૈયાર થઈ જાય છે.

બુદ્ધિજીવીઓ દ્વારા કહેવાતી સમજણની વયમાં આવ્યા પછી આપણી આટલી બાલસહજ સમજણ ચાલી જાય છે કે 'વિશ્વસ્ત દેવ-ગુરુ વગેરે દ્વારા અપાતી વસ્તુમાં સ્વેષ્ટ સાધનતા સમજાઈ ગયા બાદ તો બીજી વસ્તુઓનો મોહ સાપની કાંચળીની જેમ ઉતારી જ દેવો !'

''પિતાજી દીક્ષા લેવાનું કહે છે તો આપણે દીક્ષા લઈ લેવી'' તેવા બાલસહજ નિર્દોષભાવે બાલ જવાહરે પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ આદર્યું, વિશિષ્ટ જ્ઞાન અને વૈરાગ્ય વિના !

નિર્દોષ, નિચ્છલ અને નિષ્કપટ જવાહર હવે બીજા ત્રણ 'નિર્'ના સ્વામી બન્યા.

(૧) નિસ્સંગ, (૨) નિષ્કષાય, (૩) નિરભિષ્વંગ.

**જો નિર્દોષ ત્રિપુટી બાલ્યતાનું પ્રતીક છે તો નિસ્સંગ ત્રિપુટી સાધુતાનું પ્રતીક છે.**

બાલ જવાહર હવે બાલમુનિ જયઘોષ વિજય હતાં. પરંતુ વેશપરિવર્તનથી વયપરાવર્તન થોડું થાય ?

બાળક એ તો મસ્તીનો પર્યાય છે. બાળક હોય તો મસ્તી-તોફાન હોવા જ જોઈએ. નહિંતર મા-બાપને ચિંતા થાય કે બાળક બાઝતું કેમ નથી ?

બાલમુનિની મસ્તી ન ગઈ પરંતુ તે મસ્તીમાં વિવેક જરૂર ભળ્યો. હા, પણ તે વિવેક બાલ્યાવસ્થાનો જ હતો !

દીક્ષાગ્રહણનો સમય કેરીની સીઝનનો હતો. વિધિપ્રમાણે દાંડામાં નૂતન દીક્ષિત ગોચરી વાપરે. દાંડાની અંદરની વસ્તુ બહાર ન મૂકાય. જો અંદરની વસ્તુ બહાર આવે તો બધાને આયંબિલનું પ્રાયશ્ચિત્ત આવે.

પ્રારંભમાં તો બધા સાધુઓ આગ્રહ કરીને કેરીનો રસ દાંડાની અંદર મૂકી દેતાં અને સાધુના આદરભાવે સાહેબ પણ વાપરી લેતાં, પરંતુ આ તો રોજનો સીલસીલો થઈ ગયો. એકદા આગ્રહ કરીને અંદર મૂકેલી રસની પાત્રી સાહેબે દાંડાની બહાર મૂકી દીધી અને બોલ્યા :

'બસ, હવે વાપરો તમે બધા ! આ તે કાંઈ કેરીનો રસ વાપરવા દીક્ષા લીધી છે !'

ત્યારે કોને ખબર હતી કે આ 'આમ' = કેરી રસત્યાગ એ 'આમ' = સર્વ રસ ત્યાગનું મૂળિયું છે !

■

## (૨૯) નિષ્પરિગ્રહીની પરિગ્રહસંજ્ઞા !

**અ**નાદિકાળથી સંસારમાં રખડતાં જીવોને ૪ સંજ્ઞા હોય છે : (૧) આહારસંજ્ઞા, (૨) ભયસંજ્ઞા, (૩) મૈથુનસંજ્ઞા અને (૪) પરિગ્રહસંજ્ઞા.

સંજ્ઞી જીવોને તો આ સંજ્ઞા છોડતી નથી, પરંતુ અસંજ્ઞી એકેન્દ્રિય જીવોનોય આ સંજ્ઞા પીછો મૂકતી નથી !

જ્યાં સુધી વીતરાગાવસ્થા પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી પરિગ્રહસંજ્ઞા કે લોભકષાયથી મુક્તિ મળતી નથી.

હા, પણ તુચ્છ અને ઉદાત્તમનવાળા જીવોની

પરિગ્રહસંજ્ઞા કંઈક અલગ જ હોય છે.

તુચ્છમનવાળાને 'આ મારું, આ બીજાનું' એવી જ ભાવના સતત રમ્યા કરે છે, બીજાનું મારું કરી લેવાની, હડપ કરવાની લેશ્યા સતત પ્રવર્ત્યા કરે છે.

જ્યારે ઉદાત્તચિત્તવાળાને બધું જ પોતાનું લાગે છે. સંસ્કૃતમાં સરસ સુભાષિત છે.

*''अयं निजः परो वेति, गणना लघुचेतसाम् ।*
*उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम्''* ॥१॥

'આ મારું અને આ પારકું' તેવી ગણતરી ક્ષુલ્લક વિચાર વાળાને હોય છે, ઉદારચરિત મહાત્માને તો આ પૃથ્વી જ કુટુમ્બ છે.'

સાહેબજીની પરિગ્રહસંજ્ઞા (!) કંઈક આવી વિવેકમિશ્રિત હતી.

**આવી વિશિષ્ટ વિવેકી સંજ્ઞામાં બધાનું પોતાનું માનીને, સમજીને વળી 'મારાપણું' તો ક્યાંય હોતું જ નથી !**

એકવાર દાદાગુરુ પ્રેમ સૂ.મ. સુરેન્દ્રનગરમાં સ્થાપનાચાર્યજી આપતાં હતાં. જે જે સાધુઓને સ્થાપનાચાર્યજી આપવાના હતાં તે લિસ્ટમાં સાહેબજીનું પણ નામ હતું.

કદાચ સાધુની સંખ્યામાં સ્થાપનાચાર્યજી નહિ હોય માટે કોઈ એક સીટ ઓછી કરવી પડે તેમ હતી.

'તમને ભગવાનજી આપવાના છે.' તેવી ટીકિટ બધાને અપાઈ ગયા પછી હવે કોની કેન્સલ કરવી ? તેવી વિકટ પરિસ્થિતિ આવીને ઉભી રહી.

પહેલેથી જ જો એક નામ ઓછું હોત તો તો કોઈ જ પ્રશ્ન ન આવત કે જેનું સમાધાન કરવું પડે. પણ એકવાર 'હા' પાડી દીધા પછી 'ના' પાડવાની

એક કહેવાતી કટોકટી સર્જાઈ ! જે કટોકટીમાં સાહેબજીનું જીવનક્ષેત્ર ગુરુશાસિત થયું !

દાદા ગુરુજીએ સાહેબજીને બોલાવીને કહ્યું : 'તને આ વખતે સ્થાપનાચાર્ય આપવાના નથી. પછી આગળ આગળ વિચારીશું.'

'આપના સ્થાપનાચાર્યજી એ મારા જ છે ને !'

સાહેબે ***'वसुधैव कुटुम्बम्'*** ની ભાવના પ્રદર્શિત કરતો પ્રતિભાવ આપ્યો.

# (૨૭) સાધુજીવન : વિનય + આદર

સંયમજીવનમાં પ્રવેશ કર્યા બાદ બે વસ્તુના બેલેન્સમાં બેદરકારી પાલવે તેમ નથી:

(૧) ગુરુનો વિનય, (૨) સાધુનો આદર.

આસન પ્રદાનથી માંડીને તેઓશ્રીના ઈંગિતાકાર જાણી તદનુસાર વર્તન સુધીનો ગુરુનો પ્રત્યેક વિનય પ્રત્યેક ક્ષણે પ્રકૃષ્ટ જાગ્રતિપૂર્વક પ્રત્યેક વિનીતે પાળવો જોઈએ તો ગુરુચરણના અદના સેવક થઈને ય સહવર્તી વડિલ-લઘુ સાધુ ભગવંતો પ્રત્યે આદરભાવ અંકબંધ જાળવવો જોઈએ.

અપેક્ષાએ એમ કહી શકાય કે

''ગુરુજી સાથેનો ક્યારેક થતો અણબનાવ હજી કદાચ પાલવે પણ જો સહવર્તી સાધુ સાથે ન બને તો કોઈ હિસાબે સંયમ પાલન સુકર નથી.''

કારણ ? કારણ સ્પષ્ટ છે દિવસ-રાતના ૨૪ કલાકમાં ગુરુ સાથેનો વ્યવહાર માંડ એકાદ કલાકનો રહેતો હોય છે જ્યારે રોજિંદો ૨૩ કલાકનો વ્યવહાર તો બાજુમાં બિરાજિત સાધુ સાથે જ કરવાનો હોય છે.

**સાહેબજી જો ગુરુ પ્રત્યે વિનયવંત હતાં તો સાધુઓ પ્રત્યે એથી ય વધુ આદરવંત હતાં.**

કસોટી તો ત્યારે થાય જ્યારે 'એક તરફ ગુરુ વિનય હોય અને બીજી તરફ સાધુ આદર હોય, બેમાંથી એક જ શક્ય છે !'

આવો '*इतो व्याध्र इतस्तटी*' જેવો તાલ સાહેબજીના જીવનમાં ઘડાયો.

પિંડવાડામાં પૂ. પં. ભાનુ વિ.મ. સાહેબજીને એક મોંઘી પેન આપી. માત્ર પેન ન આપી પણ સૂચના પણ આપી કે 'આ પેન તારે જ વાપરવાની છે, કોઈને આપવાની નથી.'

ગુરુ પ્રત્યેના વિશેષ વિનયથી સાહેબજીએ તરત ઈન્કાર ન કર્યો. સશરતી પેનનો સ્વીકાર કર્યો.

૩ દિવસ સુધી એ પેન કોઈની નજરમાં ન ચઢે તેમ સાચવીને મૂકી રાખી.

ચોથે દિવસે એ પેન લઈને સાહેબજી દાદા ગુરુ પાસે પહોચ્યા અને પેન પાછી આપી એક મજાના ખુલાસા સાથે :

''મારી પાસે આ પેન જોઈને કોઈ સાધુ જો પેન માંગે તો હું 'ના' શી રીતે પાડું ? માટે સશરતી પેન આપશ્રી પાછી સ્વીકારો !''

"એક નાચીઝ પેન જેવી કોઈ વસ્તુ માટે વિશ્વવન્દ્ય સાધુને 'ના' કેમ પડાય ? પછી સાધુ પ્રત્યેનો આદર ક્યાં રહે ? પેન મોંઘી કે સાધુ મોંઘા ?" આ છે સાહેબના ઉચ્ચ અધ્યવસાયની પરાકાષ્ટા. જે ઘણીવાર ઘણાએ અનુભવી પણ છે.

ગુરુદેવને પેન પાછી આપતાં પણ કેવું સરસ બેલેન્સ : વિનય પણ રહ્યો અને આદર પણ બચ્યો!

## (૨૮) સિદ્ધાંત દિવાકર : આગમ પ્રભાકરની સાથે...

**જ્ઞા**ન, અજ્ઞાનની ક્ષુધાથી પીડિત થયેલ જીવોને માટે અમૃત, ઘેબર સમું છે. એકવાર જો તેનો સ્વાદ દાઢે લાગી જાય તો જમાનાનો કોઈ રસ તેને ગ્રસી શકતો નથી.

પૂ. મહો. યશો વિ.મ. માટેની એક એવી લોકવાયકા સંભાળેલી છે કે સંધ્યાના સમયે હાથમાં કલમ હોય તેવા કેટલાય દિવસોના ચોવિહાર પચ્ચક્ખાણ તેઓશ્રીએ પાણી ચુકવ્યા વિના જ કર્યા છે શિષ્યોના વારંવારની વિનંતિ હોવા છતાં ય; 'જ્ઞાનામૃત ભોજનમ્'ને કારણે જ તો !

પેલા જૈનેતર પંડિત નામે વાચસ્પતિ, એવા તો ટીકા લખવામાં મશગૂલ બન્યા કે 'પોતે લગ્ન કર્યા છે.' તે પણ વિસરી ગયા. ૩૦ વર્ષ બાદ ટીકા સર્જન પૂર્ણ થતાં જ્યારે સભાન થયા ત્યારે તે ટીકા પત્નીના નામે - 'ભામતી' નામે કરી દીધી.

**જેમ ભોજન દૃષ્ટિક્ષેપથી કે વાપરવાથી તાકાત આપતું નથી; કિંતુ તેને પચાવવાની તમારી તાકાત હોવી જરૂરી છે.**

**તેમ જ્ઞાન, પુસ્તક કે પ્રતોને વાંચી જવાથી કે કંઠસ્થ કરી લેવાથી ઝાઝો ફર્ક પડતો નથી. તેને પચાવવાની, પરિણમાવાની, આચારમાં ઉતારવાની તમારી તાકાત હોવી જરૂરી છે.**

સાહેબજી ત્યારે દાદા ગુરુજીની નિશ્રામાં અમદાવાદ-ઉસ્માનપૂરામાં હતાં. જ્ઞાન પચાવવાની તાકાત જબરજસ્ત હોવા છતાં અજીર્ણ કે કબજીયાત ન થાય (!) તેની પૂરતી તકેદારી હેઠળ દાદાગુરુજી તેમને જ્ઞાનભોજન કરાવે જ જતાં હતાં.

એકદા એક આશ્ચર્યજનક વાત બની. આપણી દૃષ્ટિએ જોઈએ તો સાહેબજીની કસોટી થઈ, અત્યાર સુધીના ભણતરની પરીક્ષા થઈ.

હજી તો સૂર્યોદયને બે ઘડીની કળ વળે તે પહેલાં જ આગમ પ્રભાકર પૂ. પુણ્ય વિ. મ. દાદાગુરુજીને વંદનાર્થે પધાર્યા સાથે એક શંકાનું સમાધાન મેળવવા પણ. પન્નવણા ગ્રન્થનું સંશોધન ચાલું હતું જેમાં કોઈ શ્લોકનો અર્થ તેમજ ઉદ્‌ગમસ્થાન મળતું ન'તું. તેથી પં. અમૃતભાઈ ભોજકને સાથે લઈ પૂ. પુણ્ય વિ. મ. આવ્યા હતાં.

અભ્યાસને કારણે સાહેબજી વગેરે બીજા બાજુના મકાનમાં હતાં. પૂ. પુણ્ય વિ.મ. ત્યાં ગયા. સાહેબજીને શ્લોક દેખાડયો. શ્લોક વાંચતાં જ સાહેબે બાજુમાં રહેલ નિશીથનો ચોપડો ખોલ્યો અને પેજ + શ્લોક મેળવી પૂ. પુણ્ય

વિ.મ. ના હાથમાં ધર્યો.

સાહેબજીએ જ્ઞાનભોજનને કેવું વાગોળ્યું તે તો જણાઈ ગયું પણ કેવું પચાવ્યું હતું તે ય જાણી લઈએ :

પાઠ ધરીને માત્ર એટલું જ બોલ્યા : ‘મને આ સંદર્ભ લાગે છે, આપશ્રી જ તેનો અર્થ જોઈ લ્યો.’

‘મને જે જોઈતું તું તે જ મળી ગયું’ એટલું બોલીને સાશંક થઈને આવેલ પૂ. પુણ્ય વિ.મ. સાનંદ થઈને પાછા ફર્યા.

**વર્તમાનના આગમ પ્રભાકર અને ભાવિના સિદ્ધાન્ત દિવાકરનું કેવું શુભ મિલન !!!**

■

# (૨૯) પ્રશ્ન વૃષભાકારનો, સમાધાન ઋષભસાધુનું

**જે રીતે વૃદ્ધ થવું અલગ અને પક્વ થવું અલગ, મૃત્યુ પામવું અલગ અને મુક્ત થવું અલગ. તે રીતે શાસ્ત્રનું પઠન કરવું અલગ અને પરિણમન કરવું અલગ !**

જેમ લાભાન્તરાય કર્મના ક્ષયોપશમે આહારની પ્રાપ્તિ થાય છે. પુણ્યપ્રયોગે પ્રાપ્ત થયેલ આહારને પરિણમાવવા ય પુણ્યની-વીર્યાન્તરાયના ક્ષયોપશમની જરૂરત છે.

તેમ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમે જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. મતિથી પ્રાપ્ત થયેલ જ્ઞાનને પરિણમાવવા ય મોહનીય ક્ષયોપશમની જરૂરત છે.

સાહેબજીમાં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ પૂરતાં

પ્રમાણમાં હતો તો તેથી યે વધુ મોહનીયનો ક્ષયોપશમ હતો.

સ્વભાવે ઠંડા સાહેબને ક્યારે ય ઉતાવળ કરવી ફાવે નહિં. ઉતાવળની ભૂતાવળ તેમને વળગી ન શકે.

શાંતિથી બધા જ યોગો આરાધીને ભણવા બેસવું. શાંતિથી વાંચવું. શાંતિથી વિચારવું. એક પાનું વંચાયા બાદ 'ક્યો પદાર્થ વાંચ્યો' તેને શાંતિથી વાગોળવું. આમ જ કેમ કહ્યું ? આમ કહ્યું હોત તો શું ફર્ક પડત ? વગેરેના શાંતિથી અન્વય – વ્યતિરેક ચિંતવવા.

આના કારણે બેનિફિટ એ થતો કે ભલે વાંચનની ગાડી બાબા આદમના જમાનાની સ્પીડે ચાલે પણ જે વંચાય તે સ્થિર થઈ જતું. ક્યારેય પંક્ચરનો કે ખોટકાવાનો ભય નહિ !!!

આથી જ કદાચ દાદાગુરુજી શંકાસ્પદ કે વિવાદાસ્પદ મુદ્દા વિશેષે સાહેબને પૂછતાં હશે.

એકવાર પ્રશ્ન ઉઠ્યો. ગામની વૃષભાકારે કલ્પના કરીને શુભસ્થાને રહેવાનું મકાન પસંદ કરવું ? કે મકાનની વૃષભાકારે કલ્પના કરીને શુભસ્થાને આચાર્યનું આસન રાખવું ?

ઘણા સાધુઓનો મત 'વસતિને બળદાકારે કલ્પવી' તેવો હતો.

પ્રશ્નનું ચકરડું ફરતું ફરતું છેલ્લે સમાધાન માટે સાહેબની પાસે આવ્યું. સાહેબે તર્કપૂર્વકનો જબ્બર જવાબ આપ્યો :

''વસતિ જોવામાં ગામને બળદાકારે કલ્પવાનું છે. નહિં કે આચાર્યનું આસન રાખવામાં ઉપાશ્રયને. કારણ કે 'આચાર્યનું ત્રણ સ્થાને આસન રાખવું' તેવું શાસ્ત્રમાં વિધાન છે. જો વસતિને (મકાનને) બળદાકારે કલ્પીને આસન ગોઠવો તો આચાર્યને અનુકૂળ એવા શિત, ઉષ્ણ અને સમશીતોષ્ણા ૩ આસન ન ગોઠવાય !''

યુક્તિયુક્ત સાહેબજીના જવાબથી બધા જ દિંડ્ થઈ ગયા.

# (૩૦) પ્રજ્ઞા અને પ્રજ્ઞાપનીયતા

ખોરાક વાપરવામાં અને પચાવવામાં જેટલો ડિફરન્સ છે તેટલો જ્ઞાન પઠન અને પરિણમનમાં છે.

સંપત્તિના અભાવે ખોરાક તો કોઈપણ આપી શકશે પણ પચાવવાની તાકાત પોતાની જોઈશે.

પાત્રતાના અભાવે જ્ઞાન તો કોઈ પણ આપી દેશે પણ પરિણમનની તાકાત તો પોતાની જ જોઈશે.

ટુંકમાં, **ખોરાક પારકો હોઈ શકે; પાચન શક્તિ પોતાની જોઈશે. જ્ઞાન પારકું હોઈ શકે પ્રાજ્ઞતા પોતાની જ જોઈશે.**

ગતભવની કો'ક જબરજસ્ત આરાધનાના પ્રતાપે સાહેબજીને જન્મથી પ્રાજ્ઞતાની સાથે સાથે તેનાથી વધુ પ્રજ્ઞાપનીયતા પ્રાપ્ત થઈ હતી.

આ પ્રજ્ઞા અને પ્રજ્ઞાપનીયતાની જુગલબંધીએ સાહેબના જીવનમાં એક સાથે જુગલ (બે) ચમત્કારો સર્જી દીધાં.

**(૧)** દાદા ગુરુજી સ્વયં તો શંકાસ્પદ બાબતમાં મુ. જયઘોષને પૂછતાં, પણ પોતાના પટ્ટકમાં તેઓ સહુને સૂચન કરી ગયા :

**"તેમજ શાસ્ત્રીય પ્રશ્નોમાં મુનિશ્રી જયઘોષ વિ.ની પણ સલાહ લેવી."**

**(૨)** મુ. જયઘોષ વિ. ની માત્ર ૨૧ વર્ષની વયે અને ૭ વર્ષના સંયમપર્યાયે વિશિષ્ટ પાત્રતા જોઈને દાદાગુરુજી પટ્ટકમાં લખી ગયા :

**"તથા પં. ભાનુ વિજયજીની બાદ તેમની જવાબદારી મુનિ શ્રી જયઘોષ વિ. ને સોંપવી."**

પ્રજ્ઞા અને પ્રજ્ઞાપનીયતાના અભાવે આ શી રીતે ઘટે ?

**પ્રજ્ઞા એટલે જ્ઞાનને મેળવી જાણવું,**

**પ્રજ્ઞાપનીયતા એટલે જ્ઞાનને કેળવી જાણવું.**

**પ્રજ્ઞા એટલે માત્ર ભણવું એટલું જ. પ્રજ્ઞાપનીયતા એટલે ગણવું પણ ખરૂં.**

**પ્રજ્ઞા એટલે માત્ર જોવું અને જાણવું. પ્રજ્ઞાપનીયતા એટલે સમજવું અને સુધારવું !**

**પ્રજ્ઞાવંત માત્ર પાઠ લઈ શકે અને આપી શકે, પ્રજ્ઞાપનીય સમજી શકે અને સમજણ સ્વીકારી શકે !**

ટૂંકમાં, **પ્રજ્ઞા એટલે જ્ઞાનાવરણનો ક્ષયોપશમ. પ્રજ્ઞાપનીયતા એટલે મોહનીયનો ક્ષયોપશમ.**

એક જ પ્રાર્થના છે :

આપશ્રી તો પ્રજ્ઞા અને પ્રજ્ઞાપનીયતના પ્રભાવે ગણાધિપતિત્વને પામ્યા; અમે માત્ર ગુણાધિપતિત્વ તો પામી શકીએ !

■

# (૩૧) અનુમોદનાની અનુમોદના

**ઓ**ઘનિર્યુક્તિમાં એક સરસ પદાર્થ આવે છે. 'તમે જ્યારે કો'ક સાધુની નિંદા કે પ્રશંસા કરી રહ્યા છો ત્યારે તે નિંદા-પ્રશંસા વિવક્ષિત સાધુને જ નહિ, અઢીદ્વીપમાં રહેલ તમામ સાધુને લાગુ પડે છે.'

કારણ ? **વસ્તુને વખાણવામાં કે વખોડવામાં તેની જાતિના વખાણ કે વખોડ થાય છે.**

ઈન્ડિયામાં આવેલ બરાક ઓબામાના સન્માનમાં પૂરા અમેરિકાનું સન્માન છે અને ઓસ્ટ્રેલિયાની હોસ્ટેલમાં થયેલ ભારતીય વિદ્યાર્થીના અપમાનમાં સમગ્ર ભારતનું અપમાન છે.

વાપીમાં બનેલ એક ઘડાને જોઈને તમે કહો કે 'આ ઘડો મજબૂત છે.' તેનાથી 'વાપીમાં બનેલા બધા જ ઘડા મજબૂત હોય છે' તેવું તમે વિધાન કરી રહ્યા છો.

ક્રિકેટના મેદાનમાં ૧૧ ભારતીય ક્રિકેટર્સની જીત કે હારમાં સંપૂર્ણ ભારતની જીત કે હાર છે.

તેવી રીતે એક સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકાની નિંદા-પ્રશંસામાં તે તે આખી જાતિની નિંદા કે પ્રશંસા થઈ જાય છે.

'તો તો હવે આપણે નિંદા ન કરવી.' તેટલો નિશ્ચય કરીને અટકવાનું નથી. કારણ કે છતે ગુણે ન કરેલી પ્રશંસા, ન કરેલ અનુમોદના એ સામી વ્યક્તિના ઉત્સાહભંગનું નિમિત્ત તો છે જ સાથે સાથે દર્શનાચારનો અતિચાર પણ છે.

'સંઘમાંહિ ગુણવંત તણી અનુપબૃંહણા કીધી' પ્રશંસા ન કરો તે ય દર્શનાચારનું માલિન્ય !

**સાહેબજીને તો માત્ર વન વે જ ચાલે છે! એટલે કે સાહેબ માત્ર શ્વાસ જ = અનુમોદનાનું ઓક્સિજન જ લે છે. ઉચ્છ્વાસ = નિંદાનો કાર્બનડાયોક્સાઈડ કાઢવાનો પ્રશ્ન જ નથી. હોય તો કાઢે ને !!!**

ઘણીવાર તો એવું પણ બનતું જોયું છે કે તેવા અનુમોદનના પ્રસંગે સાહેબની વાચા રુંધાઈ જાય અને આંખમાં ઝળહળિયાં દેખાં દે !

માત્ર બોલીને છૂટી જવા જેવી સાહેબજીની અનુમોદના નથી હોતી; પ્રેક્ટીકલ હોય છે.

જ્યારે શરીર પર વૃદ્ધત્વની રેખાઓ ઉપસી હોય, એક રોટલી પચાવવા ય હોજરી વિચાર માંગતી હોય તેવી ઉંમરે

**'સિદ્ધિતપના તપસ્વીઓની અનુમોદના કરવા સતત ૪૪ દિવસ સુધી મિષ્ટાન્ન, ફરસાણ, ફળ અને ફ્રુટનો ત્યાગ કરવો.'**

એનાથી ઉંચી સાહેબજીની બીજી કઈ અનુમોદનાની હું અનુમોદના કરું ?

■

# (૩૨) ગ્લાનસેવા એ જ પ્રભુસેવા

વિશ્વના પ્રત્યેક દેશોમાં જ્યારે ક્રિશ્ચ્યાનીટી વધી રહી છે; અને જનસેવા એ જ પ્રભુસેવાના નામે માત્ર પોતાની મનસેવા અને મતસેવા સેવાઈ રહી છે ત્યારે પ્રભુવીરના આ વચન અંધારામાં ઉજાસ કરે છે.

**'गिलाणं पडिसेवइ सो मां पडिसेवइ'**

'જે ગ્લાનની સેવા કરે છે તે મારી સેવા કરે છે.'

આમ તો સામાન્યથી તીર્થંકરથી લગાવીને ચતુર્વિધ સંઘ સુધી સર્વસ્થાનોની સેવા-શુશ્રુષા કરવાનું શાસ્ત્રવિધાન છે, તેમાં વિશેષે બાલ-વૃદ્ધ અને ગ્લાનની. છતાંય જગદ્‌ગુરુએ ફક્ત ગ્લાનસેવાને જ તીર્થંકર સેવા કેમ કહી ? તે વિચિન્ત્ય છે.

પ્રભુનો વચનવિન્યાસ નિર્હેતુક સંભવતો નથી. કારણ કંઈક આવું હોય કે અન્યની સેવામાં આશંસા સંભવી શકે.

જો તમે આચાર્યની સેવા કરો તો કદાચ મનમાં આવો ભાવ થાય કે મોટા સાહેબ પ્રસન્ન થશે તો આપણા ઈહલૌકિક કાર્યો સાધી શકાશે.

અને જ્ઞાનગુરુના વિનયમાં શાસ્ત્રકારોએ કારણ દર્શાવ્યું કે 'કૃતપ્રતિકૃતિ' = 'મારી સેવાથી પ્રસન્ન થયેલ ગુરુ મને અધિક જ્ઞાનદાન કરશે.' તે હેતુએ સેવા-વિનય કરવો.

જ્યારે ગ્લાનસેવામાં ! ગ્લાનસેવામાં કશા જ માલ-મલાઈ મળવાના નથી. એટલે કે

**નિષ્કામ ભાવે સમાધિ આપવાનો સહાયક ભાવ જ તીર્થંકર સેવા તુલ્ય શુભકર્મ બંધાવે છે** અને આવો ભાવ હોય તો જ ગ્લાનસેવામાં વીર્ય પ્રવર્તાવાની ઈચ્છા પ્રગટે છે. માટે જ ગ્લાનસેવાને પ્રભુસેવા સાથે સરખાવાઈ.

પ્રસ્તુત ગુણમાં સાહેબ પાવરધા હતાં. જેઓ નિતાન્ત નિષ્કામ યોગી હોય તેમને વળી ગ્લાનસેવામાં અડચણ શું ?

એક સમયે સાહેબજી અમદાવાદમાં ૬-૬ વૃદ્ધમહાત્માની સાર-સંભાળમાં હતાં. તે સમયે એક વિચિત્ર વાત આવી.

'દાદા અને પૌત્રને દીક્ષા લેવી છે. જે દાદાને સંભાળવા તૈયાર થશે તેમને પૌત્ર પણ... !!!'

સાહેબે સામે પ્રત્યુત્તર વાળ્યો :

'વિના પૌત્રના ૬ વૃદ્ધોને અત્યારે હું સંભાળી રહ્યો છું. ૭માં વૃદ્ધ આવે તો મને સેવાની એક તક વધારે મળશે. વગર પૌત્રે ય વૃદ્ધ જો યોગ્ય હશે તો જરૂર સંભાળીશ.'

સાચે જ, સાહેબે દાદાને સંભાળ્યા, પૌત્રને બીજાના શિષ્ય કર્યા. આજની તારીખે એ પૌત્ર અમારા સમુદાયમાં આચાર્ય બનીને શાસન પ્રભાવના કરે છે.

■

# (૩૩) ગ્રન્થસ્થ સૂત્રો કંઠસ્થ !

**આ**ગમોને વ્યંજનાક્ષરસ્થ કરવાની પ્રથા પહેલાં સૂત્ર ગુરુવાચનોપગત પ્રાપ્ત થતું હતું. તે કાળના મેધાવી મુનિ ભગવંતો સૂત્રને પંચાંગી સહિત ધારી શકતાં હતાં.

પડતો કાળ અને તેમાં પડેલો દુકાળ ! આ બેવડી સાંકળે તારાજી સર્જી. સૂત્રો–આગમો સર્વથા લુપ્ત થવાના ભયે, આગમોને વ્યંજનાક્ષર કરવાનો, લખાણનો પ્રારંભ થયો.

પણ હવે એવી હાલત થઈ ગઈ છે કે આગમો કંઠસ્થ થવાને બદલે ગ્રન્થસ્થ

જ રહ્યા ! વાંચન વધ્યું, ગતિ વધી પણ ડૂબકી જતી રહી.

જ્યારે સવારે ગોખેલી પાંચ ગાથા ય યાદ રાખવી મુશ્કેલ થઈ, ગોખેલાં સૂત્રોની ય માત્ર પાંચ વર્ષ સુધી ઉપસ્થિતિ રાખવી કઠિન થઈ તેવા કાળે 'વાંચન કરેલ શાસ્ત્રની ધારણા થાય' તેવી આશા ક્યાંથી રખાય ?

પૂર્વે દર્શાવેલ ન્યુબ્રાન્ડ ટ્રીકથી સાહેબે આગમો વાંચ્યા, માત્ર વાંચ્યા નહિ; ઉપસ્થિત કર્યા. વિ.સ.૨૦૦૮ થી કમ્મપયડિમાં ઝુકાવ્યું હતું. તે વિષયમાં ય ઉંડા ઉતર્યા, જિંદગીના, જુવાનીના ૨૬ વર્ષ (૨૦૦૮ થી ૨૦૩૪) કર્મપ્રકૃતિના ખોળે કાઢ્યા (જો કે આગમોનું વાંચન પણ તે સમયમાં હતું જ.)

ઓલરાઉન્ડર ૩ પાક્યા : (૧) મુનિ જયઘોષ વિ., (૨) મુનિ ધર્માનન્દ વિ., (૩) મુનિ વીરશેખર વિ.

મુનિ ધર્માનન્દ મ. નાની ઉંમરે કાળ પામ્યા. જે રહ્યા તેમાં તળિયે પહોંચીને તત્ત્વરત્ન કાઢી શકે તેવા માત્ર મુ. જયઘોષ વિ. રહ્યા. બે વર્ષ પહેલાં મુ. વીરશેખર વિ. (આચાર્ય) પણ સ્વર્ગસ્થ થયા.

**ચારેય ફિરકામાં કમ્મપયડિ વિષયના સઘન અભ્યાસી જો કોઈ એક માત્ર હોય તો તે આપણા ગીતાર્થમૂર્ધન્ય સાહેબજી.**

વાલકેશ્વર વિસ્તારનાં પંડિત જેવા ગણાતાં કર્મગ્રન્થના રસિયા કીર્તિભાઈ. અમુક ગુંચ ઉભી થતાં તેઓ મુનિ હેમચન્દ્ર વિ. મ. પાસે પહોંચ્યા. ત્યારે સંવત હતી વિક્રમની ૨૦૩૦ની. તેઓએ તેમને મુનિ જયઘોષ વિજયજીનું નામ આપ્યું. ત્યારે સાહેબજી અમદાવાદ દશાપોરવાડમાં હતાં.

જિજ્ઞાસા તૃપ્તિ માટે કીર્તિભાઈ છેક અમદાવાદ ગયા. પહોંચ્યા પાલડી વિસ્તારમાં આવેલ દશાપોરવાડના ઉપાશ્રયે. સમય હતો લગભગ બપોરના ૨.૦૦ વાગ્યાનો. પડિલેહણ વગેરે વિધિ પતાવીને સાહેબજી કંઈક લેખનમાં મશગૂલ હતાં.

તે અનજાન વ્યક્તિનો પરિચય કરીને બધા જ પ્રશ્નોના સમાધાન મોઢે આપ્યા. દોઢ કલાક ચર્ચા ચાલી. પણ તેમાં સમ ખાવા પૂરતાં એકાદવાર પણ પોથી ખોલવાનો અવસર જ ન આવ્યો. કીર્તિભાઈ દિઙ્ થઈ ગયા. પછી તો કોઈ પણ વિષયની શંકાના સમાધાન માટે તેઓ અવાર-નવાર સાહેબ જ્યાં હોય ત્યાં આવવા લાગ્યા.

કર્મપ્રકૃતિની આવી જ ઉપસ્થિતિ સાહેબજીને વર્તમાનમાં ય છે. 'ગ્રન્થવાંચન કેવું સોલ્લીડ કર્યું હશે ?' તે આના પરથી જાણી શકાય છે.

**'માત્ર ગોખાણપટ્ટી કામ નથી આવતી સમજાણબુદ્ધિ વિના' તે આના પરથી સમજી શકાય છે.**

■

# (૩૪) સિદ્ધિથી સિદ્ધત્વ ભણી !

વિજ્ઞાનસિદ્ધ વસ્તુને જ માનતાં અને પ્રત્યક્ષ દૃષ્ટ તત્ત્વને જ સ્વીકારતાં કેટલાક આજના બુદ્ધિજીવી જીવો મન્ત્રશક્તિ અને મન્ત્રઅધિષ્ઠાયક પરત્વેની શ્રદ્ધાને અંધવિશ્વાસ માની બેઠા છે.

વાસ્તવમાં તો દેવો દ્વારા થતી માનવસહાયને તોડવાનો આ એક અખતરો છે. જે વર્તમાનમાં ખતરો પૂરવાર થઈ રહ્યો છે.

હાલમાં પણ મન્ત્રશક્તિના ઉપાસકો મળી આવે છે. ઘઉંના કોથળામાંથી કાંકરા નિકળે ય ખરાં; પણ તેટલા

માત્રથી વસ્તુતત્ત્વ અસત્ થઈ જતું નથી.

અરે ! તત્ત્વ સિદ્ધ કરવા તો આખા કોથળામાંથી નિકળેલ એકમાત્ર ઘઉંનો દાણો પર્યાપ્ત છે !

મન્ત્રની દુનિયા જ અનેરી છે. ત્યાંય એક નંબર- બે નંબર, કાળા-ધોળા નાણાની જેમ મેલી-ધોળી વિદ્યાઓ છે !

જેમ કાળા નાણા બનાવતાં વાર નથી લાગતી તેમ મેલી વિદ્યા સિદ્ધ કરતાં વાર નથી લાગતી. પણ તે ય કાળાનાણાની જેમ જ વિપાકદારુણ બનતી હોય છે !

જવા દો એ વાત; જે ગામે જવું જ નથી તેનો રસ્તો પૂછીને કે જાણીને ય કામ શું છે ?

'નમો જિણાણં જિઅભયાણં' નો સાત્ત્વિક જાપ સાહેબજીએ સાધ્યો. સ્વપ્નસંકેત મુજબનું આચરણ પણ રહ્યું.

**'મન્ત્ર એ લેવાની નહિં પણ મેળવવાની ચીઝ છે.' એમ સાહેબજી ઘણીવાર કહેતાં હોય છે.**

'સહજ મિલા સો દૂધ સમ, માંગ લિયા સો પાની'.

'જે સિદ્ધ પુરુષ છે, તેને વળી મન્ત્રસિદ્ધિની ય શી કામના ?' તે વિચારે જ કદાચ દાદાગુરુજીએ સાહેબજીને મન્ત્રસાધનામાં નહિં જોડ્યા હોય !

એકદા દાદાગુરુજી પાસે સારો જાણકાર માન્ત્રિક આવ્યો. કદાચ પોતાની શક્તિનો પરચો દેખાડવા કે ચકાસાવવા.

કોઈ પ્રોફેસરની ચકાસણી માટે કોઈ નાના બાળકને બેસાડે તેમ દાદાગુરુજીએ તે માન્ત્રિકને સાહેબજી પાસે મોકલ્યા.

બન્ને એક રુમમાં ગયા. પેલા કાંઈ બોલે તે પહેલાં સાહેબે જ ફોડ પાડીને કહી દીધું : 'હું અહીં ૧૫ મિનિટ બેઠો છું, તમે તમારું રટો, હું મારો મન્ત્ર

જપું છું.'

૧૪મી મિનિટે માન્ત્રિક વર્ષોથી કરેલી સાધનાની હાર સ્વીકારી સાહેબના સત્ત્વની પાસે ઝૂકીને બોલ્યો :

'જરૂર તમારી પાસે કોઈ વિશિષ્ટ મન્ત્ર હોવો જ જોઈએ કે જેથી મારા કોઈ પણ મન્ત્રની તમારા પર અસર ન થઈ શકી.'

વાસ્તવમાં ત્યારે સાહેબ ફક્ત નમસ્કાર મહામન્ત્ર જ જપતાં હતાં !

**આજની તારીખે ય સાહેબ અનન્ય શ્રદ્ધાથી નમસ્કાર મન્ત્ર અને સૂરિમન્ત્ર સિવાય કોઈ જાપ જપતાં નથી.**

**માર્ગદર્શન તો સાહેબે 'સાધનાથી સિદ્ધિ ભણી'નું આપ્યું, પણ સહજસિદ્ધ સ્વયં તો 'સિદ્ધિથી સિદ્ધત્વ ભણી' જ રહ્યા.**

■

# અનુજ્ઞાની આજ્ઞા એટલે !

## (૩૫)

**ગુ**રુકુલવાસમાં વસતો સાધુ પ્રત્યેક કાર્ય ગુરુને પૂછીને જ કરે છે. અરે ! શ્વાસોશ્વાસ જેવું કાર્ય ય ગુરુને પૂછ્યા વિના ન થઈ જાય માટે સાધુ સવારે બહુવેલના આદેશ માંગીને અનુજ્ઞા મેળવી લે છે.

ગુરુ કદાચ અન્યકાર્યમાં વ્યસ્ત હોય તો ગુરુનિયુક્ત સાધુને પૂછીને કાર્ય કરે.

અનુશાસન તો જૈનશાસનમાં છેટ ત્યાં સુધી છે કે ગુરુ-શિષ્ય બે જ (વર્તમાન સામાચારી મુજબ) વિચરતાં હોય તો શિષ્ય ગુરુને પૂછીને કરે તે બરાબર, પણ ગુરુ ય શિષ્યને પૂછીને-

જણાવીને જ તે તે કાર્ય આચરે !

**કારણ કે આલોચનાવિષયક બાબત છોડીને સાધુની એક પણ વાતની ગુપ્તતા શાસ્ત્ર, શાસન અને સાધુતાને માન્ય નથી.**

કિન્તુ, જ્યાં સુધી અધિકૃત વ્યક્તિ હોય ત્યાં સુધી અનધિકૃતની ડખલગિરિ પણ અમાન્ય જ છે માત્ર સાહેબને અપવાદપદે છોડીને !

વિ.સં.૨૦૨૭ ની સાલમાં જાલોર નગરે અંજનશલાકા – પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો.

બહારગામથી આવેલ એક અર્હદુપાસકે 'અર્જન્ટ પત્ર' સાહેબને આપ્યો. પત્ર એક પ્રભાવક આચાર્યના નામે હતો જે આચાર્યશ્રી જાલોરથી લગભગ ૫૦ કિ.મિ. દૂર હતાં.

'અર્જન્ટ પત્ર' તાત્કાલિક મોકલવો શી રીતે ? તે મૂંઝવણ ટાળીને સાહેબે તે પત્ર ફોડયો, વાંચ્યો. વાંચ્યા પછી તેમાં 'અર્જન્સી' જેવું કંઈ લાગ્યું નહિ.

તેથી તે પત્ર અલગ કવરમાં પેક કર્યો. સાથે ચિઠ્ઠી લખી કે 'આપશ્રીનો પત્ર ફોડીને મેં વાચ્યો છે. પણ તેમાં લખેલ વાત 'અર્જન્ટ' જેવી લાગી નહિ, માટે પત્ર યોગ્ય સંગાથે મોકલ્યો છે.'

બિનસત્તાવાર ચેષ્ટાનો કેવો સત્તાવાર ખુલાસો !

**ગંભીરપણાંની સાહેબજીની છાપ સકલ સમુદાયના મનમાં કેવી ઉપસી હશે કે એક પ્રભાવક આચાર્યનો પત્ર ફોડીને વાંચ્યો તો સામેથી પ્રતિભાવમાં ઉપાલંભને બદલે ઉપહાર મળ્યો !**

અલબત્ત, સાહેબના આ આચરણનું અનુકરણ કરી લેતાં પહેલાં આપણા અને સાહેબ વચ્ચેનું યોગ્યતામાપ ચકાસી લેવાની જરૂર અતિજરૂરી છે !

■

# (૩૬) પરાર્થથી પરમાર્થ તરફ

ગુજરાતીમાં કહેવત છે :-

'ઝૂંટવીને ખાવું તે વિકાર, આપીને ખાવું તે સંસ્કાર.'

આર્યદેશમાં જન્મ મળવા માત્રથી પાયાના, દેખાવમાં નાના પણ ફળ દેખાડવામાં મોટા કેવા અને કેટલાં આચારો મળી જતાં હોય છે તે તો જો આપણી દિન-રાત ગત પ્રત્યેક ક્રિયાનું સૂક્ષ્મતયા અવલોકન કરીએ તો ખ્યાલ આવી જાય તેમ છે.

'અતિથિદેવો ભવ' ની ભાવના માત્ર આર્યદેશ ભારતમાં જ ભાવવામાં આવી છે. જે માણસ સાવ જ અપરિચિત

હોય તેને આપણે આપણો 'દેવ' માનવો આ તે કેવી લાગણી !

ટૂંકમાં, આપણી સેવા લેનારી (ના, સ્વીકારનારી) વ્યક્તિને આપણે ઉપકૃત નથી કરતાં; પરંતુ તે સેવા સ્વીકારીને આપણને ઉપકૃત કરી રહ્યો છે માટે આપણે તેને 'દેવ' કલ્પવાનો છે !

નાનું કામ હોય તો પરાર્થ કરવો, આપણને જો લાભ વધારે તો ગયો પરાર્થ માળિયે; સ્વાર્થ સાધી લેવો આ વ્યભિચારી પરાર્થ કહેવાય.

સાહેબના જીવનમાં ડગલે ને પગલે પ્રત્યેક વાતમાં પરાર્થતા જ જોવા મળે છે. દૃષ્ટાન્ત તરીકે શું ટાંકુ ? તેમાં ઘણી જ વિમાસણ છે.

પરાર્થમાં પાવરધા સાહેબ માટે શું લખવું અને શું ન લખવું તે જ સમજાતું નથી.

ઘડીકમાં આ દૃષ્ટાન્ત લખવાનું મન થાય તો ઘડીમાં પેલો વૃત્તાન્ત લખવાનું મન થાય તો કલમ દ્વારા રફપેપર પર બીજો જ બનાવ લખાઈ જાય !

સાહેબના, આપણે કલ્પેલાં વર્તુળની બહાર રહેલાં પણ ક્યા સાધુએ સાહેબના પરાર્થની પરિમલ નહિં માણી હોય ? આડકતરી રીતે તો સકલ જૈન સંઘ સાહેબની પરાર્થ પરિમલથી સુવાસિત છે.

કોઈપણ ગચ્છ કે સમુદાયના સાધુ-સાધ્વીના એક્સીડન્ટના કે બિમારીના સમાચાર મળે કે તરત જ બધી જ વ્યવસ્થા-પ્રબંધ કરવાનો, સાધુ મોકલવાની ય સહાયવૃત્તિ.

સમુદાયના ક્યા વૃદ્ધ, બિમાર સાધુ-સાધ્વી હશે જેઓએ સાહેબની આપેલી આરોગ્ય+શક્તિપ્રદ ઔષધિઓ નહિં વાપરી હોય !

સાહેબ ટપાલ લખતાં હોય અને ત્યારે જો કોઈ નાનો પણ સાધુ કંઈક વાત કરવા કે મળવા આવે તો કાગળ પૂરો કરવાની વાત સો ગાઉ છેટે, લખાતી અડધી લાઈન પણ બાજુ એ મૂકીને પહેલાં તેની સાથે વાત કરે !

મુલુંડથી બોરીવલીનો - નેશનલપાર્કનો તે વિહાર ! જંગલમાં ભૂલા પડ્યા ને સાહેબ સાથે અમે બધા જ સવારના ૫:૦૦ વાગે નિકળેલા છેક ૧૧:૦૦ વાગે મકાને પહોંચ્યા. વદ -૧૦નું સાધુઓને એકાસણું. પોતાની ગોચરી તે સાધુઓને વપરાવી દેતાં, પોતાના શરીરનો, પોતાના સ્વાસ્થ્યનો કે પોતાની ઉંમરનો વિચાર ન કર્યો ! છેલ્લે, એક જ વાત કહી દઉં તો,

(આચાર્યપદ પહેલાં) સાહેબ સહુ સાધુઓને ગોચરી વહેંચે પણ બધાને આપતાં સાહેબ પોતાની જ ગોચરી ન રાખે. બધાને અપાઈ ગયા પછી જે હોય તેમાંથી સાહેબ વાપરી લે ! ઘણીવાર ગોચરી ખૂટે, બીજીવાર લેવા જવાનું થાય, મોડું થાય ત્યારે ઘણાં સાધુઓ સાહેબને કહેતાં :

'તમે જ વહેંચો છો તો સાથે સાથે તમારું ય રાખી લ્યો ! આ રીતે વારે-વારે મોડેથી શું કામ વાપરો છો ?'

'પહેલાં આવેલું તમે વાપરો, મને તો બીજીવારમાં, ભલે મોડું પણ ગરમ વાપરવા મળશે !' હસતાં હસતાં સાહેબ સાવ જ હસવા જેવું તકલાદી કારણ જણાવતાં !

અને મારી જ વાત કરું તો સાહેબ જો મારા આત્મા માટે ભાવવૈદ્ય છે તો મારા દેહ માટે દ્રવ્યવૈદ્ય છે. પેલો વૈદ્ય તો તબિયત બગડ્યા પછી ઉપચાર કરે. સાહેબ તો મારી તબિયત બગડે, બગડવાનો અણસાર આવે તે પહેલાં જ લાંઘણ અને બાયોકેમિક દવાના ઉપચાર સ્વયં કરાવી દે.

અને **ખાસિયત એવી કે પરાર્થ કર્યા પછી ક્યારેય તેની પહોંચ નહિં ફાડવાની!**

**આ વગર પહોંચનો જ પરાર્થ પરમાર્થને-મોક્ષને બક્ષતો હશે ને!**

■

## (૩૭) સાચું માતૃત્વ !

પરાર્થ ત્યારે જ સમ્યક્રીતે આચરી શકાય જ્યારે સ્વાર્થ ગૌણ બની ગયો હોય.

છતે સ્વાર્થે સમ્યક્પરાર્થતા તો 'મારી માઁ પણ છે અને વન્ધ્યા પણ છે.' તેના જેવી વાત થાય.

સર્વ જીવ પ્રત્યે માતૃત્વની કરુણાનો ભાવ આવે ત્યારે જ પરાર્થતા પ્રગટી શકે. સ્વાર્થની વન્ધ્યત્વ દશામાં માત્ર પરાર્થતા જ નહિ; કિન્તુ પ્રથમતાના, પાયાના ય એકે ગુણ પામી શકતાં નથી.

જ્યાં વન્ધ્યત્વ ન હોય, ત્યાં જ માતૃત્વ હોય. જ્યાં સ્વાર્થભાવ ન હોય, ત્યાં જ પરાર્થભાવ હોય.

પરાર્થની પરિણતિ કેળવતો માતૃત્વભાવ લૌકિક માતૃત્વ જેવો માયકાંગલો કદાપિ ન હોઈ શકે.

જેમ તીર્થંકરને જન્મથી રક્ત દૂધ સહોદર હોય તેમ સાહેબનો સ્વાર્થ જન્મથી પરાર્થમાં કન્વટ થયેલો હતો.

**એકના એક પુત્ર હોઈ જેમનો જન્મ માતાની પુત્રકામનાપૂર્તિ માટે હતો; દીક્ષા પિતાની વચનપૂર્તિ માટે હતી; સંયમ યોગસાધનામાં ગુરુની ઈચ્છાપૂર્તિ હતી; તો ગુરુના વિરહે ગચ્છાધિપતિપદ સ્વીકાર પરમગુરુની આજ્ઞાપૂર્તિ માટે હતો તે સાહેબના જીવનમાં સ્વાર્થની સંભાવના ય ક્યાં ઘટે ?**

કોઈ સાધુનો કંદોરો ખોવાઈ, તૂટી જાય ત્યારે પોતાનો પહેરેલો કંદોરો આપી દેતાં વિચાર ન કરે કે 'પછી મારું શું ?'

વિહારના સમયમાં પોતાની પાસે દવાની એક જ બાટલી હોય ત્યારે જરૂર પડે કોઈને બાટલી આપે તે સમયે અણસાર સુદ્ધાં ન આવવા દે કે 'હવે સાહેબ પાસે પોતાને લેવા ય દવા નથી.'

કડકડતી ઠંડીમાં, વિહારના કો'ક નાના ગામડાના ખુલ્લા મકાન કે મંદિરમાં રાતના બધા સુઈ ગયા બાદ એક સંથારો-ઉત્તરપટ્ટો રાખી બીજા બધા જ (સંથારામાં પાથરેલાં) આસનો બધા સાધુને જાતે ઓઢાળતાં વિચાર ન કરે કે 'જમીનની ઠંડી મને લાગી જશે તો ?'

મુરબાડથી આગળના ગામના કો'ક ખુલ્લા મંદિરમાં રાતના બે વાગે સાહેબના હાથે સાહેબનું જ આસન ઓઢવાની મને ય એક ક્ષણ પ્રાપ્ત થઈ હતી જે મારે મન અમૂલ્ય છે.

દુસ્તર દુકાળ સમયના પ્રસંગોમાં વાંચ્યું છે કે રોટલાનો ટૂકડો લઈને આવેલા બાળક પાસેથી સગી માઁ રોટલો ઝુંટવીને ખાઈ જતી અને પછી પોક મૂકીને રડતી....

**ગોચરી વધે તો સવાયું વાપરવાનું અને ઘટે તો ભૂખથી અડધું ય નહિ' શું આ સાહેબનું કરુણા ઝરણું લૌકિક માતૃત્વને ઝાંખુ નથી પાડતું ?**

**અને ક્યારેક તમે ય જઈને સાહેબને પૂછજો તો ખરાં કે 'આપ જો ગોચરી મોટા પાત્રામાં જ વાપરો છો તો બાકીની નાની ચાર પાત્રીનો ઉપયોગ કરો છો શેમાં ?'**

▮

## (૩૮) ઉચિત આચરણ

જ્ઞાન તો અભવ્યની પાસે ય સાડા નવ પૂર્વનું અને ક્રિયા = ચારિત્ર ય માંખીની પાંખ જેવું વિશુદ્ધ છે ! છતાં ય મોક્ષની દિશા ધૂંધળી જ કેમ ?

ચાલો બીજી વાત, ભવ્યને ય ચારિત્ર બાદનું ૧૪ પૂર્વનું જ્ઞાન છતાં મોક્ષ કેમ નહિં ?

જવાબ સ્પષ્ટ જ છે 'અભવ્યની જ્ઞાન + ક્રિયા સમ્યક્ પદલાંછિત ન હોવાથી અજ્ઞાન + કષ્ટરૂપ બને છે જ્યારે ૧૪ પૂર્વજ્ઞાની ભવ્યજીવ પણ પ્રમાદને પરવશ થઈ મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થાય છે.

**એકની પાસે દિશાભાન નથી, બીજાની પાસે દિશાજ્ઞાન છે તો ચાલવાની ક્રિયા નથી.**

જ્ઞાન અને ક્રિયાનો સમન્વય તો સમકિતીમાં જ જોવા મળે.

વક્તા = શાસ્ત્રકારની ઈચ્છા મુજબ તત્ત્વ પકડવાથી જ્ઞાન નિર્મળ થાય તો ઉચિત આચરણથી ક્રિયા શુદ્ધ બને. **નિર્મળ જ્ઞાન અને ઉચિત આચરણ સમ્યક્ત્વ વિના હોતું નથી.** સમ્યક્ત્વીના પ્રત્યેક ક્રિયામાં ઉચિતપણું છતું થતું રહે છે. પરાર્થનું વ્યસન લાગ્યા પછી સ્વાર્થ ગૌણ કરીને જે ક્રિયાઓ થાય તે 'ઉચિત' હોવી જરૂરી છે.

'ઉચિતક્રિયા' સમ્યગ્દર્શનના લક્ષણનું એક અંગ છે અર્થાત્ પ્રત્યેક ક્રિયામાં દેખાં દેતી 'ઉચિતતા' સમ્યક્ત્વને દેખાડતી રહે છે.

**આ 'ઉચિતતા' કોઈપણ વાડામાં બંધાયેલી હોતી નથી. 'આ જ સાચું, આ જ શાસ્ત્રીય અને આ જ ત્રિકાલ અબાધિત' તેવી વાડામાં બંધાયેલ ક્રિયામાં તો આખરે ભવાડા જ જોવા મળે છે !**

**જૈન શાસનમાં એક પણ ક્રિયા એવી નથી જે સર્વ ક્ષેત્રમાં અને સર્વ સમયમાં ઉચિત કે અનુચિત જ હોય.**

સાવદ્યનો ઉપદેશ આપવો તે પાપકર્મબંધનું કારણ, પણ લોકોની અજ્ઞાનદશા જોઈને પ્રથમ તીર્થંકરથી કરાતું નીતિવિધાન કે અન્ય તીર્થંકરથી કરાતું રાજ્યદિદાન પુણ્યકર્મબંધનું કારણ છે. **કારણ કે તે સમયે તે જ ઉચિત છે.**

સાહેબજી તરફ મોડ ફેરવીએ તો સાહેબજીના વિધાનો :

- 'સવારથી સ્વાધ્યાય કરવો' તે બરાબર. પણ ઘણા સાધુ ભેગા થાય ત્યારે સ્વસ્વાધ્યાયની અસજ્ઝાય તે ઉચિત !
- રાત્રિસન્નિધિ ન રાખવી તે બરાબર. પણ તેવી વિશેષ ઔષધ માણસને ન ભળાવતાં સ્વયં રાખી દરરોજ વહોરવું તે ઉચિત !

- ધારણા પ્રત્યાખ્યાન આપતાં કહે : 'મિઠાઈનો ત્યાગ' બરાબર. પરંતુ કોઈ સાધુ લાગણીથી પ્રેરાઈને વપરાવવા આવે ત્યારે છૂટ. આ પણ ઉચિત.
- ચાતુર્માસ જતાં સાધુને કહે : 'કોઈ અનુષ્ઠાન માટે આગ્રહ ન રાખવો.' અને વિનંતિ કરતાં ટ્રસ્ટીને કહે : 'સાધુ જે કહે તે સ્વીકારવું' અને છેવટે બન્નેય ને કહે : 'સામસામે ટકરાવું નહિ, તકરાર થાય તો મારી પાસે આવવું.' આ ય ઉચિત.
- સમુદાયનો પરસ્પર વ્યવહાર ન હોવા છતાં ય શ્રમણ સંમેલનમાં ગોચરી માંડલી એક કરવી એ ય ઉચિત !
- હાઈ-વે પર એક્સીડન્ટથી બચવા ફૂટપાટ પર ચાલવા વિહારમાં મોજા પહેરવાનું સૂચન કરવું તે ય ઉચિત !
- મુંબઈ જેવા શહેરોમાં બહારભૂમિ સ્થંડિલે જતાં 'સંયમ વિરાધના કરતાં પ્રવચનવિરાધના મોટી છે.' તે જણાવી દેવું તે ય ઉચિત !
- દાદા ગુરુજીના સંઘએકતાના મિશનને નજરમાં લઈને ૨૦૪૨ ના પટ્ટકમાં ગુરુદેવ (પૂ. ભુવનભાનુ સૂ. મ.) ને સંમતિ માટે સૂચન કરવું તે ય ઉચિત.
- આ. હિમાંશુ સૂ. મ. ની સેવામાં રહેલા અમારા સમુદાયના સાધુને તિથિ આરાધના આચાર્યશ્રીની સાથે જ કરવી તે સૂચના આપવી એ ય ઉચિત!

સાહેબે જીવનકાળમાં માત્ર ઉચિત આચરણની વાતોના વડા નથી કર્યા પણ પ્રેક્ટીકલ ઉચિત આચરણ જીવી દેખાડ્યું છે.

■

# (૩૯) દીનતાની હાનિ !

બાહ્યદષ્ટિવાળા જીવોને જ્યારે ભૌતિક પદાર્થોના સાધનોની હીનતા અનુભવાય ત્યારે દીનતા આવે છે. તો ક્યારેક સાધનાના આરંભ સમયે શમ વગેરે ગુણોની સાધકને હીનતા અનુભવાય ત્યારે તે દીન થઈ જાતો હોય છે.

દીનતાની હાનિ માટે પેલું ગીતા વાક્ય ઉપયોગી પડે તેમ છે. ***'कर्मण्यवाधिकारस्ते, मा फलेषु कदाचन'*** પુરુષાર્થ કરવામાં જ તારો અધિકાર છે. પ્રાપ્તિનું ક્ષેત્ર તારા અધિકાર ક્ષેત્રની બહાર છે.

તો સાધુને નિત્યકર્તવ્ય સમી સંથારા

પોરિસીમાં ય અદીનમન રાખતાં કહ્યું :

*"एगोऽहं णत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।*
*एवमदीनमनसो, अप्पाणमनुसासइ" ॥*

'હું એકલો છું અને મારું કોઈ નથી' આ ભાવના દીનતાને લાવ્યા વિના ભાવવાની છે.

આ એક જ સેન્ટન્સ ભવાભિનન્દી જીવને વિષાદનું કારણ બને છે તો મોક્ષાભિનન્દીને વિરાગનું કારણ બને છે !

**એટલે કે જે પરિસ્થિતિ ભૌતિકદ્રષ્ટિજીવને દીનતા અને ખિન્નતા દ્વારા અધઃપતનનું કારણ બને છે, તે જ પરિસ્થિતિ અધ્યાત્મિકદ્રષ્ટિ જીવને વૈરાગ્ય દ્વારા ઉર્ધ્વગમનનું કારણ બને છે.**

આમ, અદીનમનને રાખતો અને સાચવતો સાધુ આત્માનું અનુશાસન કરે.

'અદીનમન' નામનો પાંચ અક્ષરનો લાગતો આ ગુણ લખવામાં અને બોલવામાં જેટલો સહેલો છે; આચરવામાં તેટલો જ દોહિલો છે !

મરુદેશમાં રહીને સમુદ્રકિનારાની ઠંડકની વાત કરવી ઘણી જ સહેલી છે પણ તે શીતલતાના અનુભવ માટે તો કઠોર કદમ ઉઠાવવા જ પડે છે.

આવી પડેલ કોઈ પણ આપત્તિને જૈનેતર અધ્યાત્મિક વ્યક્તિ 'ખુદાની ભેટ' સમજીને મન મનાવી લે છે તો જૈન વ્યક્તિ 'કર્મોની ખેલ' સમજીને સ્વીકારી લે છે.

ખેર, આખરે ખુદાની ભેટ સમજીને દીનતા ન કરતો વ્યક્તિ માર્ગપતિત જ છે ને ! માર્ગભ્રષ્ટ તો નથી.

જો ભૌતિક ચઢતીમાં સાહેબને ક્યારેય ઉન્માદ નથી તો પડતીમાં વિષાદ નથી. 'દરેક આપત્તિ કર્મોનો ભોગવટો કરીને મને મોક્ષ તરફ આગળ વધારી

રહી છે.' તે નિયમથી સાહેબના અચક્ષુગમ્ય મનનું નિયન્ત્રણ આંખે ઉડીને વળગ્યા વિના રહેતું નથી.

૮-૯ વર્ષ પહેલાંની વાત છે. વિહાર કરતાં સાહેબ એક ગામમાં પહોંચ્યા. કોઈ પણ કારણે ત્યાંના શ્રાવકોની અપ્રીતિ પ્રતીત થઈ.

*'धम्मत्थमुज्जएणं सव्वस्सापत्तियं न कायव्वं ।*
*इय संजमो वि सेयो, एत्थय भयवं उदाहरणं ॥*

'ધર્મકાર્યમાં ઉદ્યુક્ત થયેલ જીવે કોઈ પણ જીવને અપ્રીતિ ન કરવી. આના દ્વારા જ સંયમ કલ્યાણકારી બને છે. અહીં ચરમ તીર્થંકર વર્ધમાનસ્વામીનું દ્રષ્ટાન્ત પ્રસિદ્ધ છે.'

આ શાસ્ત્રવચને, નવકારશી કર્યા વિના જ સાહેબે ત્યાંથી વિહાર કર્યો. એક બાજુ ભક્તગણ સ્તબ્ધ થઈ ગયો તો બીજી બાજુ સાધ્વીગણમાં આક્રંદ ચાલું થયું.

સમમનસ્ક સાહેબ અદીનભાવે ૩ કિ.મિ. દૂર આવેલ જે.બી. પરીખના બંગલે પધાર્યા. બે દિવસની ત્યાં સ્થિરતા થઈ. વાતવાતમાં સાહેબે જેસિંગભાઈ કહ્યું : 'તમે નિવૃત્ત છો તો પાલિતાણામાં સેવા આપો.' તત્કાલ જ શ્રેણિકભાઈ (પેઢી પ્રમુખ) ને ફોન થયો ને જેસિંગભાઈને નિમંત્રણ મળ્યું.

સાહેબના પગલા પોતાના બંગલે થયા તેના ઉમંગ અને ઉલ્લાસમાં સાહેબના વચનથી જેસિંગભાઈ પાલિતાણા પેઢીમાં જોડાયા. ૮ વર્ષ અખંડ સેવા આપી, પેઢીનું પાણી સુદ્ધાં વાપર્યા વિના !

આ બનાવ સામે જ્યારે કોઈ પ્રશ્ન ઉઠાવે ત્યારે સાહેબ 'કટ' મારતાં : 'જો ત્યાંથી વિહાર ન થયો હોત તો જે.બી. પરીખ જેવા પીઢ શ્રાવક પેઢીને મળત ખરાં !'

બધાં જ પ્રશ્નોનો અહીં અન્ત આવી જતો.

બનાવ બનતાં જો દીનતા નહીં તો બનાવ બાદ નિન્દા નહિં !!!

■

# (૪૦) સફળતાનો પર્યાય : સાહસ

**પ્રા**રંભ તો ઘણા કાર્યો પામતાં હોય છે પરંતુ પૂર્ણાહૂતિ તો કેટલાક કાર્યો જ પામે છે. કારણ?

કારણ કે આરંભે શૂરા માણસો જ વધારે હોય છે.

કેટલાક કાર્યો પૂર્ણતા પામે છે પરંતુ તેમાંય સફળ (સકસેસ) તે કો'ક જ કાર્ય થતું હોય છે. કારણ ?

**કારણ કે સફળ આરંભી માણસ ઘણાં જ ઓછા હોય છે.**

સંસ્કૃતમાં સરસ સુભાષિત છે-

*''अनारम्भो कि कार्याणां, प्रथमं बुद्धिलक्षणम्।*
*आरब्धस्याऽन्तगमनं, द्वितीयं बुद्धिलक्षणम्'' ॥*

'કામ પુરું કરવાની ત્રેવડ ન હોય તો કામ હાથ ન ધરવું તે બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે. જો કામ હાથમાં લઈ જ લીધું છે તો તેને પુરું કરવું તે બુદ્ધિનું બીજું લક્ષણ છે.'

**સબલ માણસનો આરંભ જો સફળ (બુદ્ધિ સહિતનો) હોય તો કાર્ય સફળ (ફળ આપનાર) બન્યા વિના રહેતું નથી.**

તે જ કાર્યનો આરંભ સફળ કહેવાય કે જે ફળને આપે. (ફળ ત્યારે જ મળે જ્યારે કાર્ય પૂર્ણ થાય.)

ક્રિકેટમાં ય પહેલી ૧૦ ઓવરનો રનરેટ અને ઓપનર જોડીની આક્રમતા પરથી ફિલ્ડીંગ-બેટીંગ લાઈનની સફળતા-નિષ્ફળતાની અટકળો ચાલું થઈ જાય છે.

'સફળ આરંભ' એ ખાવાનો ખેલ નથી. મોટ-મોટા માથાઓ પણ કાર્યપ્રારંભમાં 'કાર્ય સફળ થાય' તે નિમિત્તે ઈષ્ટદેવતાના સ્મરણ રૂપ મંગલ કરે છે.

**સાહેબનો જન્મ સફળ છે.** કારણ કે તે જન્મ ઘણા જીવોને માટે ઉપકારનું કારણ બન્યો છે.

**સાહેબની પ્રવ્રજ્યા સફળ છે.** કારણ કે પ્રવ્રજ્યા બાદ સાહેબના શમ-સંવેગ-નિર્વેદ વગેરે ગુણો સતત વધતાં જ રહ્યા છે.

**સાહેબનું શિષ્યત્વ સફળ છે.** કારણ કે ગુરુની ઈચ્છાનો સ્વીકાર, માત્ર પોકળ સ્વીકાર જ નહિં; સાથે તેને સાકાર કરવાનો પુરુષકાર પણ. વિનય સાથે વિનીતભાવ પણ સતત દષ્ટિગોચર થતો રહ્યો છે.

**સાહેબનું ગુરુત્વ પણ સફળ છે.** ગુરુના જન્મજાત જાતિ વગેરે ગુણોની સાથે ગુણજાત છેટ 'અનુવર્તક' સુધીના બધા જ ગુણો છે. **પોતાના સ્વાધ્યાયથી વધુ જેમાં શિષ્યોની સમાધિની પ્રધાનતા છે.**

**સાહેબનું ગચ્છાધિપતિપદ પણ સફળ છે.** આશ્રિતોનો અનુગ્રહ અને નિગ્રહ, શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાંથી નિવૃત્તિની સાથે માત્ર પાયશ્ચિત્તની ટપાલ પણ કોઈ આજના નૂતનદીક્ષિતને લખવાની હોય તો પણ તેમાં ઓછામાં ઓછી એક પાનાની હિતશિક્ષા તો હોય જ !

આ વાતની પ્રામાણિકતા તો તે સાધુએ પોતાના જીવની જેમ જાળવી રાખેલ સાહેબની ટપાલ વાંચીને જ માણી લેજો !

**સાહેબનું જીવન જ સફળ છે.** જે નિકટના સમયમાં જ પંચમગતિના ફળને આપનારું બનશે.

**કટ્ટર પ્રતિસ્પર્ધી ટીમ સામેની બેટીંગમાં જામી ગયેલા ફેવરિટ બેટ્સમેનનો ક્યો એવો બોલ હોય કે જેમાં તેનો રન (ફળ) ન નોંધાયો હોય ?**

**સાહેબના જીવનની કઈ ક્ષણ એવી હશે જેમાં ચિત્રગુપ્તના (કર્મસત્તાના) ચોપડે કર્મનિર્જરા નોંધાઈ નહિં હોય ?**

■

# અનુશય

## (૪૧)

**સં**સ્કૃતનું એક સુભાષિત છે :

*''अपकारिषु यः साधुः, स साधुः सद्भिरुच्यते।*
*उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः?''॥*

'ઉપકારી પ્રત્યે તો સહુ કોઈ સારું વર્તન રાખે છે. તેમાં કોઈ વિશેષતા નથી; પરંતુ જે અપકારી પ્રત્યે પણ સારું વર્તન રાખે છે, તે સજ્જનો વડે 'સાધુ' વિશેષણથી નવાજાય છે.'

'અપકાર' માટે સંસ્કૃતમાં એક પર્યાયવાચી શબ્દ છે 'અનુશય'.

અનુશયનો અર્થ થાય 'અપકાર' અને શબ્દાર્થ થાય 'અનુ' = પછી 'શય' = સુઈ જાય.

**જે દોષ આવ્યા પછી બધા જ ગુણો સૂઈ જાય તેને અનુશય = અપકાર કહેવાય.**

**અપકારની કારને ચાર પૈડા હોય છે :**

(i) **વારંવારની સ્મૃતિ –** કોઈના અપકારને વારે વારે યાદ કર્યા કરવું.

(ii) **બદલાની વૃત્તિ –** મોકો જોઈને જ બેસે કે તે પડે ને પાટુ મારી દઉં!

(iii) **માયાની વિકૃતિ –** તેનો બદલો લેવા મનમાં સતત માયાના ચક્રો ચાલ્યા કરે.

સામી વ્યક્તિ સમર્થ હોય અને પોતે કંઈ જ કરી શકે તેમ ન હોય તો

(iv) **નિન્દાની વિસ્તૃતિ –** સૂર્યના સામે ધૂળ ફેંકવાની માફક જેની તેની સામે જ્યાં ત્યાં તેની નિન્દા કર્યા વિના તે રહી શકતો નથી.

**આ ગાડીનું છેલ્લું સ્ટેશન વાયા ગુણોની ઉલ્ટી થઈ ભવોભવની રખડપટ્ટી સિવાય કોઈ જ હોતું નથી.**

કોઈના અપકારને અદઢ કરવા – ભૂલી જવા 'અપકાર ગાડી' નું અપાય ચિન્તન કરી તેની સફરને દૂરથી જ નમસ્કાર કરી લેવું યોગ્ય છે.

**કોઈના અપકાર રૂપી કાલેરાને દાઢમાં ભરાવી રાખીને કોઈ પણ ધર્મ અનુષ્ઠાન રૂપી કેરીના રસનો સ્વાદ માણી શકાતો નથી !**

સાહેબજી માટે એલફેલ બોલનારી વ્યક્તિ; કે જે પોતાને માટે કેવા કેવા કરતૂતો કરી રહ્યો છે તેનો સાહેબને ખ્યાલ હોવા છતાં ય કટોકટીની પળોમાં તેને સાચવી લેવાની પળ સાહેબ ક્યારેય જતી કરી નથી.

ઘણીવાર સાહેબજીને કો'ક હસતાં કહે કે 'આપ તેનું બગાડવા ઈચ્છતાં નથી પરંતુ જ્યારે તે પોતાના પાપે જ હેરાન થઈ રહ્યો છે ત્યારે તેને સહાયની લાકડી આપવાની આપને શું ગરજ છે ? અને ક્યારેક કડવા ફળ અનુભવશે તો ફરીથી તેવું સુકૃત્ય (!) કરવાનો ખો ભૂલી જશે !

ત્યારે સાહેબજી કહે : 'પણ આપણે તેને કડવા ફળનો સ્વાદ ચખાડ્યા વિના જ તેના કૃત્યો ભુલાવી દેવા માંગીએ છીએ. બોલ ! હવે શું કહેવું છે?'

આ વચન ઉચ્ચારવાની ખુમારી આજના સમયમાં માત્રને માત્ર સાહેબની જ !

અપકારી ઉપર પણ ઉપકાર કરીને સાહેબે સહુને વશમાં લઈ લીધા છે. 'ભય માત્ર દાબમાં રાખી શકે છે. પ્રેમ તો સહુને વશ કરી લે છે. પ્રેમથી ઉત્કૃષ્ટ વશીકરણ આ જગતમાં બીજું કોઈ જ નથી.' તે મને આટલા વર્ષે સાહેબની સાથે રહીને શીખવા મળ્યું છે.

માટુંગાના ચાતુર્માસની વાત છે. બપોરના સમયે સાહેબ આરામ કરતાં હતાં. ઉતાવળી ગતિમાં ચાલતાં મારાથી સહસા સાહેબની પાટને પગ લાગ્યો. મારી ગતિમાં ગતિ વધારે હતી, તેથી પાટને પગ લાગતાં જ સાહેબ ઉઠી ગયા. દીક્ષાના ૮ વર્ષમાં મારી કેવી ય પ્રવૃત્તિની સામે સાહેબનું વચન કે વર્તન ભયજનક અનુભવ્યું નથી. તેથી સાહેબ ઉઠી જતાં મનમાં લેશમાત્ર ભય પેદા ન થયો પણ ખેદ થયો.

'ઉતાવળે ભૂલથી પગ લાગી ગયો, આપને નિન્દ્રામાં ખલેલ પહોંચી...' હું હજી આગળ 'મિચ્છામિ દુક્કડમ્' ઉચ્ચારું તે પહેલાં જ સાહેબે કહ્યું : 'ના, હું તો જાગતો જ હતો.'

**હા ! સાહેબ, આપનું શરીર ભલે સુતું હતું પણ આત્મા તો કાયમ જાગ્રત જ છે ને !**

જેઓના મનમાં આવા નાના અપકારને ય પ્રવેશ ન હોય ત્યાં 'મોટા અપકારો તેમના મનમાં સંગૃહીત હશે' તેવી કલ્પના કરનાર પોતાની જાતને મૂર્ખની લાઈનમાં મૂકી રહ્યો છે.

કયો સુજ્ઞ માણસ; જ્યાં કીડી ય પ્રવેશ ન કરી શકે ત્યાં 'હાથી અંદર ગયો હશે' તેવી કલ્પના કરે ?

અપકારી ઉપર પણ ઉપકાર કરવાના ગુણથી જિનશાસનના અંબરમાં મેઘસમ ગર્જતાં સાહેબ આજન્મ અજાતશત્રુ રહ્યા છે.

■

# (૪૨) કૃતજ્ઞતાઃ અવસરજ્ઞતા સહિતની

**ગુ**ણપ્રત્યયિક જેટલું અન્તર દિવસ અને રાત વચ્ચે છે તેટલું જ અન્તર કૃતજ્ઞતા અને કૃતઘ્નતા વચ્ચે છે.

કોઈએ કરેલાં ઉપકારને ભૂલી જવું તે 'કૃતઘ્નતા' અને કોઈએ કરેલાં નાના ઉપકારને ય સ્મૃતિપટ પર સંગ્રહી રાખવો તે'કૃતજ્ઞતા'.

**આપણી હાલત તો એવી છે કે કોઈએ કરેલા મોટા ઉપકારને ય સ્વીકારવા મનની તૈયારી નથી; આપણે કરેલાં નાના ઉપકાર પ્રત્યે ય કૃતજ્ઞતાની અપેક્ષા છે ! આને કોમેડી સમજવી કે ટ્રેજડી ?**

કોઈએ કરેલાં મોટા અપકારને ય નજીવી સ્મૃતિની માટી પર લખો અને કોઈએ કરેલાં

નાના ય ઉપકારને ચિરંજીવી હૃદયની શિલા પર લખો.

એક સાદો નિયમ છે જગતનો. પહેલાં કચરો કાઢો, બાદ પોતું લગાડો, નહિંતર કિચ્ચડ થઈ જશે.

તેમ પહેલાં દોષનો નિકાલ કરો, બાદ ગુણોને કેળવો, નહિ તો ગુણશુદ્ધિ નાશ પામશે. નયસાપેક્ષ આ વાત પણ સમજી રાખવા જેવી છે.

નવતત્ત્વમાં ય પહેલાં આસ્રવનિરોધ છે બાદ સંવર ઉપાદાન છે. કોઈએ કરેલાં અપરાધને મનમાંથી કાઢીને બાદ કોઈના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા કેળવવી.

અલબત્ત; આનો અર્થ એવો નથી કે અપરાધ જ્યાં સુધી દૃઢ હોય ત્યાં સુધી કૃતજ્ઞતા કેળવવી અનુચિત છે.

**આ ઉપકારની કારને ય ચાર પૈડા છે.**

(૧) **વારંવારની સ્મૃતિ –** કોઈના ઉપકારને વારંવાર યાદ કરી 'ઉપકૃતભાવ' લાવવો.

(૨) **બદલાની વૃત્તિ –** 'કોઈ એક અવસર મળે અને તેમનું યત્કિંચિત્ ઋણ અદા કરું' તેવો ભાવ.

(૩) **માયાની સ્વીકૃતિ –** જ્યારે સામો વ્યક્તિ ઉપકારની કોઈ તક ન આપે તો 'ધમ્મે માયા અમાયા' કરીને તેમના નામે પોતાના પૈસે મોતીશા શેઠની જેમ સુકૃત કરી લેવું તે. અહિં માયાથી વિકૃતિ થતી નથી.

(૪) **ગુણોની સ્તુતિ –** અને સર્વત્ર તેમના ગુણોની સુવાસ ફેલાવવી.

**આ ગાડીમાં સફર કરનાર મહાત્મા અન્તે વાયા દોષોની ઉલ્ટી થઈ ભવભ્રમણમાંથી છુટ્ટી નામના સ્ટેશને ઉતરે છે.**

ઉપકારનો સીધો અર્થ થાય ઉપ = નજીક 'કર' = ('कृ' ધાતુ) કરવું.

**કોઈ વ્યક્તિ જેના દ્વારા પોતાની નજીકમાં આવે તે ઉપકાર.**

સાહેબ જો અનન્ય અસદૃશ ઉપકાર કરીને જીવોને પોતાની નજીક નહિં પણ પોતાની અંદર સમાવી લે છે, તો કોઈના નાના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી તેને પોતાનો બનાવી લે છે.

સાહેબની અવસરજ્ઞતા સહિતની કૃતજ્ઞતા દૂધમાં સાકરની જેમ મીઠી મધુરી રહી છે.

જો અવસરજ્ઞતા ન હોય તો સારા આશયે ય વ્યક્ત કરતી કૃતજ્ઞતા કંઈક ઊંધું વાળી દે છે.

જ્યારે ઉપકારી તાવમાં હોય ત્યારે જૂના ઉપકારને યાદ કરી જબરજસ્તી પેંડો વપરાવી દેવો તેમાં અવસરજ્ઞતા નથી !

વિ.સં.૨૦૪૪ના રાજનગરના સમ્મેલનમાં, 'સમ્મતિ'નું સૂચન ગુરુદેવને કર્યું તો જ્યારે સમુદાયના વડિલ દ્વારા જ થતાં ગચ્છભેદના સમયે ગુરુદેવના સઘળા શિષ્યોને ટપાલ દ્વારા સ્થિર કરી સમુદાયનું રક્ષણ કર્યું.

દાદાગુરુ પ્રેમ સૂ.મ.ની સંઘ એકતાના ઈચ્છાને પૂરતાં પ્રયાસે પૂરી કરવાની કોશિશ કરી તો ગુરુ ભુવનભાનુ સૂ. મ. ના અન્તિમ ચાતુર્માસ સુધી સાથે રહી, સાધુની પરિણતિવિશુદ્ધિ માંડીને પરિણામશુદ્ધિ - પ્રાયશ્ચિત્તદાન સુધીની બધી જ ગંભીર જવાબદારી સાવધાનીપૂર્વક વહન કરી ગુરુને નચિંત બનાવી 'કૃતજ્ઞતા'નું વ્યક્તિકરણ કર્યું.

જે જુવાન વયમાં કંઈક કરી દેખાડવાની તાલાવેલી હોય ત્યારે ગુરુને સદાય નિશ્ચિંત રાખવા આન્તરિક બધી જ જવાબદારીનો સ્વીકાર કરી જેઓ કાયમ ભૂગર્ભમાં રહ્યા તેમની 'કૃતજ્ઞતા'ને જણાવવા હવે કોઈ સ્પષ્ટીકરણની જરૂર છે?

**તેઓ કૃતજ્ઞતાના માલિક નથી; પતિ છે. જ્યાં પતિ હોય ત્યાં પાછળ પત્ની હોય જ. જ્યાં સાહેબ ત્યાં કૃતજ્ઞતા હોય જ.**

આજ દિન સુધીમાં મે જોયું નથી કે નાની પત્રિકા કે પોસ્ટરથી માંડીને કોઈ પુસ્તક, ગ્રન્થ સુધીમાં ક્યાંય ગુરુદેવના ઉપકાર સ્મરણ સ્વરૂપ નામોલ્લેખ ન થયો હોય !

અરે ! બાયપાસ પછીની પહેલી ટપાલ પણ સાહેબે સફળ ઓપરેશન કરનાર ભટ્ટાચાર્યને લખી હતી !

કૃતજ્ઞતાનો આનાથી મોટો ક્યો નમૂનો દેખાડું?

■

## (૪૩) દોષોનું દમન નહિં પણ શમન

ભૌતિક નબળી પરિસ્થિતિ કે વધુ પડતી તૃષ્ણાપૂર્તિના અભાવે થતો ખેદ તે 'દીનમનસ્કતા' અને આન્તરિક વિષય, કષાયોથી થતી ચિત્તની ગ્લાનિ તે ઉપહત ચિત્તતા.

જે મન દ્વારા આત્માનું પોતાનું શુદ્ધ સ્વરૂપ હણાય તે મન 'ઉપહત' કહેવાય. કષાય અને વિષયોના દોષોનો નિગ્રહ કરી મનને સ્વ-સ્વભાવસ્થ કરવું, નિર્મળ કરવું તે 'અનુપહત' ચિત્ત કહેવાય.

આટલું ખાસ સમજી રાખવું કે :

વગર નિમિત્તોએ તો દુર્વાસા ઋષિ પણ શાંતચિત્તે ધ્યાનમાં બેઠા હોય તો ય તેમનું ચિત્ત

'અનુપહત' ન કહેવાય. કારણ કે કષાય-વિષયનો સ્વભાવ હજી બેઠો જ છે ક્યારેય પણ તેનો 'એટેક' આવવાની શક્યતા છે.

પ્રારંભિક અવસ્થામાં કષાય-વિષયોનું 'દમન' કરવું ઉચિત છે. પણ તેવી અવસ્થા પ્રાપ્ત કરવાનું લક્ષ્ય લઈને ચાલવું કે જેમાં કષાયાદિ દોષોનું 'દમન' ન હોય પણ 'શમન' હોય.

હજાર વર્ષના સંયમથી કંડરિક મુનિ માત્ર 'દમન' કરી શક્યા હતાં; તેમનું મન 'શમન'ના તાબામાં ન'તું. તેથી દબાયેલી સ્પ્રીંગ ડબલ જોરે ઉછળી. જ્યારે આ. બપ્પભટ્ટી સૂ. ના મનનું 'શમન' હતું. જેથી અંધકાર અને એકાન્તમાં કામિની સંગે નિન્દ્રામાં ય મન અવળું ન થયું.

સાહેબના મનનું 'દમન' નથી પણ 'શમન' છે.

**આપણા અને સાહેબમાં ફર્ક આટલો છે :**

**આપણાથી દોષ સાહજિક થાય છે જ્યારે ગુણ માટે ઉપયોગ દશા કેળવવી પડે છે. તેઓને ગુણ સાહજિક રહે છે જ્યારે દોષ સમયે ઉપયોગ દશા આવી જ જાય છે !** (જેથી દોષ થવાની સંભાવના જ નથી.)

આપણી અને તેઓશ્રીની વચમાં રહેલ દેખીતી શાબ્દિક કરામતની પાછળ તેઓશ્રીની કેવી કપરી સાધના હશે ?

ક્રોધી માણસ નિમિત્તોની વચમાં શાંતચિત્તે બેઠો જોવા મળે તે જેમ એક લ્હાવો છે તેમ નિમિત્તોની વચમાં ય સાહેબ ઉકળતાં જોવા મળે તે ય એક લ્હાવો (!) છે. આઠ વર્ષના દીક્ષા પર્યાયમાં ક્યારેય આવો લ્હાવો (!) માણવાની એક પણ તક મને સાંપડી નથી.

ઘણીવાર હું સાહેબને કહું : ''એકવાર તો આપ ગરમ થાવ. આપના બધાં જ ક્ષમાગુણપ્રધાન ફોટા જોઈને ભવિષ્યમાં મને કોઈ પૂછે કે 'સાહેબ ઉકળાટમાં હોય ત્યારે કેવા લાગતા'તાં ?' ત્યારે હું શું જવાબ આપીશ !!!''

ક્ષેત્ર ચાહે ક્યાંયનું હોય, આક્ષેપ ચાહે કેવા ય હોય અને સામી વ્યક્તિ ચાહે

કોઈ પણ હોય, સાહેબનું સમત્વ અને સૌમ્યત્વ સદાય હસતું જ રહે છે!

નથી રહેતી કોઈ પ્રતિકાર કે પ્રતિશોધની ભાવના !

સાહેબના કષાયો જો ઠરીને ઠીકરાં થઈ ગયા છે તો વિષયો'ય બૂઝાઈને કાળા ભોંઠ પડી ગયેલા કોલસા જેવા થઈ ગયા છે !

જેની સાથે રમેલાં, ભણેલાં તે સંસારી બેનની સામે ય ક્યારેય આંખની પાંપણ ઊંચી કરીને વાત નથી કરી !

એકવાર એક નોટબુક આવી. ઉપરના ચિત્રમાં કોઈ સિમ્બોલ હતું જેમાં 'પાનિહારી સ્ત્રી' જેવું કંઈક દોરેલું હતું.

એક તો સિમ્બોલ નાનો, તેમાંય વળી સ્પષ્ટ ન ઉકેલાતું તે ચિત્ર. બુક વહોરતાં સમયે તો તે નાનકડાં ચિત્ર પર ધ્યાન ન ગયું જેથી વહોરાઈ ગઈ.

પણ જ્યારે સાહેબની નજરમાં તે ચિત્ર ચઢ્યું કે તરત જ તે બુક મને આપી અને કહી દીધું : 'આજે જ આને ખાખી પૂંઠુ ચઢાવી દે જે !'

માત્ર ૨-૩ વર્ષ પહેલાનો આ બનાવ ! ૭૨ વર્ષની ઉંમરે ય સાહેબની આ જીવંત જાગૃતી મૌન સાથે મોહનિન્દ્રામાં પોઢેલાં આપણને ઢંઢોળતી જતી હોય તેવું નથી લાગતું !

ખરેખર, ***'चित्तभित्तिं न निज्झाए...'*** તે ઉપદેશ શું પૂ. શય્યંભવ સૂ.મ. આપણા માટે જ આપ્યો હશે ને !

દોષોનું દમન સાહેબને પ્રણિધાનના પ્રથમ પગથિયે નહિં કિંતુ સિદ્ધિના પાંચમા સ્થાને છે ! પ્રયત્નસિદ્ધ નહિં સહજસિદ્ધ છે.

**સંસારના સંબંધો તોડીને અને દીક્ષાની શિક્ષા ગ્રહણ કરીને આખરે આપણે શું પામવા આવ્યા છીએ ? તે જાણવા માટે વિષમકાળમાં ય સમભાવી સાહેબનું આલંબન પર્યાપ્ત નથી ?**

■

# (૪૪) શાસન, સંઘ અને સમુદાયનું સંરક્ષણ

'સ્વ' પરના આક્રમણ સમયે ચિત્તને કષાય કલુષિત ન કરતાં અનુપહત રાખવું તે ગુણ છે તેમ શાસન, સંઘ અને સમુદાય પરના આક્રમણ સમયે અંતરમાં સમત્વભાવ સાચવી બાહ્યભાવ કઠોર કરવો તે ય ગુણ છે.

સરસ્વતી સાધ્વીને છોડાવવાં આચાર્ય કાલિકસૂરિજી અનન્યગતિથી મ્લેચ્છરાજાને આર્યદેશમાં લઈ આવ્યા ત્યારે એમ ન વિચારાય કે એકવાર મ્લેચ્છો આર્યદેશમાં ઘૂસી જશે તો ભવિષ્યમાં શું થશે ? ત્યારે તો માત્ર સાધ્વીના શીલભંગનું રક્ષણ જ મુખ્ય નિશાન હોય.

જ્યારે જ્યારે પણ શાસન, સંઘ (દેવવિષયક) અને સમુદાય (ગુરુવિષયક) પર આપત્તિ આવી છે ત્યારે સાહેબે દાખવેલી મક્કમતા એકવાર આપણને અચંબામાં પાડી દે તેવી છે.

'યુદ્ધના મેદાનમાં લડત આપતાં સૈનિકે ક્યા સમયે ક્યા શાસ્ત્રનો ઉપયોગ કરવો તે નિર્ણય તેના પર છોડવો' એ વચને, સત્તાથી મત્ત, માયાથી ગ્રસ્ત અને આચારથી ભ્રષ્ટ રાજકારણીઓને વાગ્બાણથી સુધારવા માટે, તેમના દ્વારા આવતી શાસનની આપત્તિ ખાળવા માટે સાહેબે સઘળા ઉત્સર્ગ- અપવાદ સૂત્રના દોરને સમતોલપણે જાળવીને પૂ. આચાર્યશ્રી રત્નસુંદર સૂ. મ. ને દિલ્હીના દરબારમાં મોકલ્યા તો શ્રી સંઘમાં સદ્‌ભાવની લાગણીનું વાતાવરણ પેદા કરવા પૂ. આચાર્યશ્રી હેમરત્ન સૂ. મ.ને પોતાનો 'હાથ' બનાવી વિ.સં. ૨૦૫૫ની સાલમાં માટુંગા-સુમતિનાથ જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગના નિમિત્તને લઈ મુંબઈ સ્થિત સકલ સમુદાયના આચાર્યો, સાધુ ભગવંતોને એક માંડવે ભેગા કર્યા, તેમજ વિ. સં. ૨૦૬૩ની સાલમાં ગોડીજી-પાયધુની, પાર્લા ખાતે સ્નેહમિલન ગોઠવ્યું.

'શાસન, સંઘની રક્ષા કાજે સાધુસંસ્થા સુવ્યવસ્થિત અને આચાર + જ્ઞાનથી મજબૂત જોઈએ.' તે આધારે સમુદાયના સાધુના સંયમની કાળજી સાહેબ તરફથી જેટલી અને જે રીતે થઈ રહી છે તેનો અમને સાડા ચારસોને ગર્વ છે.

સમુદાયનું સંરક્ષણ કરતાં વચમાં જ્યારે સમુદાય પર છળ-કપટથી 'ભેદ'નું વાતાવરણ છવાઈ જાય તેવા પ્રપંચો થયા ત્યારે ય સાહેબ ચૂપ નથી રહ્યા.

વિ.સં.૨૦૪૪ ના સમ્મેલનમાં ગુરુદેવે પોતાની સમ્મતિ જણાવી સ્વ. ગુરુદેવ પોતાના શિષ્યસમુદાય સાથે જૈન સંઘમાં દૂધમાં સાકરની જેમ ભળી ગયા. એકાદ વડિલને ન રુચ્યું.

ક્યાંક 'સત્ય' (?) ની તો ક્યાંક સત્તાની લોલીપોપ આગળ ધરીને ગુરુદેવના

શિષ્યવર્ગમાં કૂટનીતિથી ભેદ પડાવવાનું ચાલું થયું. ગુરુદેવના બધાં જ શિષ્યો પર 'પોતાની બાજુ ઢળવાની' પ્રેરણા કરતો એક આજ્ઞાપત્ર મોકલાયો. જે સાહેબ ઉપર પણ આવ્યો. 'કઈ આશાએ ?' તે હજીયે મને સમજાતું નથી !

ગુરુદેવ અને સાહેબનું ત્યારે ક્ષેત્રકૃત વ્યવધાન હતું. પણ આ બાજુ સાહેબે કોઈના ય પ્રતિકારની પરવા કર્યા વિના કલમ ઉપાડી. અને આજ્ઞાપત્ર મોકલનારને શાસ્ત્રીય રીતે સચોટ માર્મિક કાગળ લખ્યો જેની ઝેરોક્ષ કોપી ગુરુદેવના બધાં જ શિષ્યોને મોકલી આપી!

સાહેબની ટપાલ વાંચીને, પેલા આજ્ઞાપત્રથી ડગુમગુ થયેલાં શિષ્યો પાછાં એક સજ્જડ વ્યવસ્થાતન્ત્ર પામીને સ્થિર થઈ ગયા તો લોલીપોપથી લલચાઈને જે જનારા હતાં તે ગયા. તેની આજ સુધી સમુદાયમાં ગુરુદેવના શિષ્ય તરીકે નોંધ લેવાઈ નથી !

શાસનરક્ષા અને સંઘરક્ષા દ્વારા દેવ પ્રત્યે અને સમુદાય રક્ષા દ્વારા ગુરુ પ્રત્યે જેઓશ્રીનો સાચા અર્થમાં બહુમાનભાવ સ્પષ્ટ જણાઈ આવે છે **તે અપાર પ્રેમ અને અપૂર્વ પૌરુષના ધારક ગુણગરિમ ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજાના ચરણે વંદના...**

∎

# (૪૫) ગંભીરતાની ઊંચાઈ કે ઊંડાઈ ?

**આ**ત્મામાં પ્રાદુર્ભાવ પામતાં ગુણોને બે વિભાગમાં વહેંચી શકાય (૧) અમુક ગુણો અભ્યાસ = પ્રેક્ટીસ - મહેનત સાધ્ય હોય છે તો (૨) અમુક ગુણો અભ્યાસ = અવબોધ - જ્ઞાન સાધ્ય હોય છે. બન્નેયમાં અન્તે કર્મનો ક્ષય-ક્ષયોપશમ-ઉપશમ તો પોત-પોતાની ફરજ બજાવતાં જ હોય છે.

**આમ વિચારીએ તો બધાં જ વ્યવહાર ગુણો પરિશ્રમ સાધ્ય છે તો બધાં જ નિશ્ચયગુણો પરિજ્ઞાન સાધ્ય છે.**

ઈન્દ્રિયદમ–નિર્દોષચર્યા–વિશુદ્ધ સંયમ

વગેરે દેખાતાં ગુણો પરિશ્રમ સાધ્ય બને છે તો મનના શુભ અધ્યવસાય, આન્તર પરિણતિ વગેરે નિશ્ચયનયાશ્રિત ગુણો પરિજ્ઞાન સાધ્ય હોય છે. આથી જ નિસર્ગ સમ્યક્ત્વ કરતાં અધિગમ સમ્યક્ત્વ જીવો અધિક હોય છે.

આશયની ગંભીરતા પરિશ્રમ નહિં; કિન્તુ પરિજ્ઞાન સાધ્ય છે. ગુરુમૂલક જ્ઞાન જ્યારે આત્મામાં પરિણત થાય ત્યારે આશયની ગંભીરતાનો આવિર્ભાવ થતો હોય છે. માટે આ ગુણોને માત્ર જ્ઞાન સાધ્ય ન કહેતાં 'પરિ' = સમન્તાત્ સર્વતઃ, સર્વથા શુદ્ધ જ્ઞાન સાધ્ય જણાવ્યાં.

જ્ઞાનના અજીર્ણમાંથી કોઈ ગુણો પ્રગટતાં તો નથી જ પરંતુ દોષોના કીડાઓ જ ખદબદતાં હોય છે.

**આશયની વિશુદ્ધતા અને ગંભીરતાનો ફર્ક સમજી રાખવા જેવો છે. વિશુદ્ધ આશયે કરેલ કાર્યનું પરિણામ કદાચ કટુ કોઈ શકે છે. ગંભીરાશયે કરેલ કાર્યનું ફળ શુભ અને શુભ્ર જ મળે છે.**

પૂર્વભવની જબરજસ્ત આરાધના અને આ ભવના જબ્બર ગુરુકૃપા તથા ઠોસ શાસ્ત્રાભ્યાસના બળે સાહેબમાં પ્રગાઢ ગંભીરતાનો પ્રાદુર્ભાવ થયો.

'ગંભીર' ગુણના ધારક સાહેબની પ્રત્યેક ક્રિયામાં 'ગંભીરતા'ના દર્શન થયા વિના રહેતાં નથી.

'ગુરુદેવ શ્રી ભુવનભાનુ સૂરિ મ. ખુદે પોતાની હાજરીમાં જ પોતાના શિષ્ય સમુદાયના પ્રાયશ્ચિત્ત દાનની ગંભીરતમ જવાબદારી પ્રબળ વિશ્વાસપૂર્વક સાહેબના શિર પર મૂકી. આ જ બનાવ શું સાહેબની 'ગંભીરતા'ને ૧૦૦% રિઝલ્ટ આપતું પ્રમાણપત્ર નથી ?

આચાર્યનો અપરિસ્રાવી = 'કોઈની પણ ગુપ્ત વાતોને જાહેર ન કરે' તે ગુણ સાહેબમાં પૂરેપૂરો અવતરિત થયેલ જણાય છે.

માટે જ કદાચ અપર સમુદાયના મહાત્માઓ પણ સાહેબ પાસે હૃદયની ખુલ્લી કિતાબે આલોચના કરતાં હશે ને!

હમણાં પૂ. આ. શ્રી હેમચન્દ્ર મ.ના મુખે સાંભળ્યું હતું, જે મારા હૃદયને ખૂબ સ્પર્શી ગયું.

'સમુદાયના પ્રત્યેક સાધુના બધા જ ગુણ–દોષોને જાણતાં હોવા છતાં દરેક સાધુ પ્રત્યે સાહેબનો રહેલો ઉચ્ચ આદરભાવ એ આપણા સાહેબની ગરિમા છે.'

પ્રાયશ્ચિત્ત આપવાની રીતિમાં પણ સાહેબની 'ગંભીરતા' છતી થાય છે.

'જેમ પૂર્વાચાર્યો રચિત આગમો, પ્રકરણો વગેરે વાંચનને સ્વાધ્યાય રૂપે આપી શકાય તો વર્તમાન કાળમાં વિશિષ્ટ આચાર્યોના વૈરાગ્યાદિ આપાદક ગ્રંથો સ્વાધ્યાયમાં કેમ ન અપાય?' આ વિઝનથી જ તો સાહેબ મારા જેવા ઘણા સાધુઓને આલોચનામાં પૂ. ગુરુદેવના ધ્યાન અને જીવન, અમીચંદની અમીદૃષ્ટિ, યોગદૃષ્ટિ સમુચ્ચય, ઉચ્ચ પ્રકાશના પંથે વગેરે પુસ્તક- ગ્રંથોના વાંચનને, મનનને પ્રાયશ્ચિત્ત રૂપે આપે છે.

અને છેલ્લે,

ગંભીર ગુણથી ગરિમ પૂ. ગચ્છાધિપતિના માત્ર એક જ ગંભીર વાક્યનો રસાસ્વાદ માણી લઈએ.

'પટ્ટકની બાબતમાં જ્યારે પણ વિખવાદ સર્જાય ત્યારે સાહેબ કહે:

**''સ્વર્ગસ્થ ગુરુ કરતાં જીવંત ગુરુની આજ્ઞા મહાન છે.'**

**સાહેબ!**

**આપના જેવી 'ગંભીરતા'ની પ્રાપ્તિ તો મારા જેવા દ્રમકને માટે માત્ર સપનાનો જ વિષય છે, કિંતુ આપની ગંભીરતાને સમજી શકવાની સમજણ પણ મને નહીં આપો ?**

■

# (૪૬) ગોચરીની પરખ !

**પ**હેલાંના સમયમાં આચાર્ય ૫૦૦ શિષ્યોના પરિવાર સાથે ગામો-ગામ વિચરતાં હતાં.

ત્રિષષ્ટિ શલાકા પુરુષ જેવા ગ્રન્થમાં કલિકાલ સર્વજ્ઞની કલમે વર્ણાયેલ તે સાધુઓનું વર્ણન વાંચીએ તો આપણા હૃદયના તાર ઝણઝણી ઉઠે.

કેટલાક સ્વાધ્યાયમાં હોય તો કેટલાક ધ્યાનમાં, કેટલાક યોગમાં હોય તો કેટલાક કાયોત્સર્ગમાં, પ્રત્યેક સાધુઓ કોઈક ને કોઈક આરાધનમાં લીન જોવા મળે છે.

નયસાર સાધુઓની યોગસાધના જોઈને દિઙ્ થઈ જાય છે.

**સાધુઓની સાધના એવી અવિરત અને અપ્રમત્ત હોય કે અચાનક ઉપાશ્રયના પગથિયાં ચઢી આવનાર જૈનેતર વ્યક્તિ પણ બોધિબીજ પામીને જાય !**

આજના સમયમાં ૫૦૦ સાધુઓને એક સાથે જોવાનો લ્હાવો માત્ર સપનાનો જ વિષય બની ગયો છે. પણ તેની ઝાંખી દેખાવાની શરુઆત દાદાગુરુ પ્રેમ સૂ.મ. ના સમયથી થઈ ચૂકી હતી.

દીક્ષાના પ્રથમ વર્ષે જ 'મારા ગુરુજી (દાન સૂ.મ.) ને પાંચ શિષ્ય ન થાય ત્યાં લગી કેરીનો ત્યાગ'ના નિયમને મુ. પ્રેમ વિ.મ. સ્વીકાર્યો અને સીઝન આવે તે પહેલાં, એક આશ્ચર્ય ઘટનાની જેમ પૂ. દાન સૂ.મ. ને પાંચ શિષ્યો થયાં !

**દાદાગુરુના સમુદાયમાં પગલાં પડ્યા કે સમજો સમુદાયમાં અને શાસનમાં સંયમલક્ષ્મીનો પ્રવેશ થયો.**

**દિન દો ગુણા ઔર રાત ચૌ ગુણા શાસન અને સમુદાયમાં સાધુઓની સંખ્યા વધવા લાગી.**

**તે સાધુઓ માત્ર સંખ્યાવાચક ન'તાં કિન્તુ સંખ્યાપૂરક હતાં. ગુણોમાં અને પ્રભાવકતામાં એક એકથી ચઢિયાતાં હતાં.**

દાદાગુરુજી સાથે લગભગ ૫૦ સાધુઓને શાંત વાતાવરણમાં રહેતાં જોઈને જાલોરનો ગામ ઠાકોર દાદાગુરુના ચરણે ઝૂકી પડ્યો હતો.

'સહાય કરે તે સાધુ.' સમુદાયની શાંતિમાં પરસ્પરની સહાયકતાને નકારી શકાય નહિં.

સાહેબના જીવનના તાણાવાણા 'સહાયક' ગુણની સાથે વણાયેલા છે. તેમાંય જ્યારે ક્યાંયથી સહાયકતાનો હાથ લંબાયેલો ન હોય ત્યારે વિશેષે...!

૩૯ સાધુઓના સાથે દાદાગુરુ પ્રેમ સૂ. મ. દાનસૂરિજ્ઞાનમંદિર અમદાવાદ વિરાજતાં હતાં. ઉપાશ્રય સાધુઓથી જ વ્યાપ્ત થઈ ગયો હતો. બધે જ

સાધુઓના બેસવાના આસન ગોઠવાઈ ગયા'તાં.

હવે 'ગોચરી ક્યાં બેસાડવી'? તે પ્રશ્ન હતો અને આ પ્રશ્ન એકાદ દિવસનો ન'તો પૂરા ૧૨૦ દિવસ, ચાર મહિનાનો હતો!

સ્વાભાવિક છે કે ચોમાસમાં 'મારા આસનની જગાએ દરરોજ ગોચરી માંડલી બેસે' તે મને ય કદાચ ન રુચે.

સાહેબજી વગેરે નવ સાધુઓ ઉપર એક રુમમાં હતાં. સાહેબે દલાલી કરી નવનો સંપ કર્યો. અને સામે ચાલીને ઓફર મૂકી : 'સહુ સાધુઓ ચારેય મહિના માટે ત્રણેય ટાઈમ અમારી રુમમાં વાપરવા પધારજો.'

ગોચરી સમય થાય ત્યારે રુમમાં બેઠેલાં દરેક સાધુઓ પોતાના આસન સંકેલી લે. ગોચરી માંડલી બેસે ત્યાં સુધી બહાર ચાલ્યા જાય અને માંડલી ઉઠ્યા બાદ કીડી વગેરે ન થાય તેની પૂરેપૂરી જયણા કરીને પાછા આસન-ઉપધિ-પુસ્તકો વિ. ગોઠવી દે.

સાધુ પ્રત્યે અપાર બહુમાનભાવ હૃદયમાં જો ન હોય તો ચાર મહિનાના ત્રણેય ટાઈમની આવી સહાયકતાનો ભાવ પ્રગટે શી રીતે ?

સાધુગણના માલિક સાહેબ હજી યે એવા જ સાધુગુણના માલિક છે. સ્વ-સમુદાય તો છોડો; પર સમુદાયના આચાર્યો, પદસ્થો અને સાધુઓને સહાય કરવામાં જડમાન્યતાવાદથી ડરીને સાહેબે ક્યારેય પારોઠના પગલાં ભર્યા નથી. તેનો સાક્ષી તો સકલ શ્રીસંઘ છે.

▮

# (૪૭) વૈયાવચ્ચની વાંસળીના મધુર સ્વરો...

વંદન અને વૈયાવચ્ચમાં પાયાનો તફાવત એ છે કે વંદન માત્ર વડિલ વિશેષે જ હોય છે જ્યારે વૈયાવચ્ચ સાધુ સામાન્યે હોય છે. વૈયાવચ્ચ કરવામાં નાના-મોટાની કોઈ પાબંધી નથી.

*'વ્યાપૃતભાવો વૈયાવચ્ચઃ'* એટલે કે આત્માને સતત યોગમાં જોડી રાખે તે વૈયાવચ્ચ.

અલબત્ત, જ્ઞાન પણ આત્માને શુભ અધ્યવસાયમાં જોડી રાખે છે. છતાંય તે વૈયાવચ્ચ નથી. કારણ કે તે કદાચ મદનું કારણ પણ બની જાય તો 'જોડ' ને બદલે 'તોડ' કરી દેતાં વાર નથી લગાડતું!

જ્યારે 'સેવા' સામા પ્રત્યેના આદરભાવે,

બહુમાનભાવે થતી હોય છે. સેવા કરતાં સમયે સ્વનો અપકર્ષ અને પરનો ઉત્કર્ષભાવ જ હૃદયમાં હોય છે. તેથી તેમાં અભિમાનનો લવલેશ રહેતો નથી, અભિમાની ક્યારેય કોઈની વૈયાવચ્ચ કરી શકતો નથી.

બ્રાહ્મી-સુંદરી પૂર્વભવમાં 'પોતે આટલું ભણે છે છતાંય ગુરુને તેની પરવા નથી.'તેવો જ્ઞાનનો મદ આડે આવ્યો ને સ્ત્રી જાતિમાં ફેંકાઈ ગયા!

જ્યારે ભરત-બાહુબલી પૂર્વભવમાં ૫૦૦ સાધુની સેવા કરી ચક્રવર્તી અને તેથી ય અધિક શક્તિને વર્યા !

માટે સેવાને જ શાસ્ત્રમાં 'વૈયાવચ્ચ' કહી છે.

(૧) વૈયાવચ્ચ ગુણને શાસ્ત્રમાં ફલાપેક્ષયા અપ્રતિપાતી કહ્યો છે. કારણ કે તે સાધુ આદરભાવનો જનક હોઈ મોક્ષ પ્રત્યે પ્રધાન અંગ બને છે.

(૨) વૈયાવચ્ચના અવસરે સ્વાધ્યાયને ગૌણ કરવો તેવા વિધાન મળે છે; કિન્તુ સ્વાધ્યાયનો સમય થાય ત્યારે વૈયાવચ્ચ બાજુએ મૂકી દેવી તેવું હજી સુધી વાંચ્યું કે સાંભળ્યું નથી.

(૩) જ્ઞાનયોગ તો જ્ઞાન-ક્ષયોપશમવાળા જ આરાધી શકે છે જ્યારે વૈયાવચ્ચ યોગ તો સાધુમાત્ર આરાધી શકે છે.

(૪) જ્ઞાનયોગમાં તો માત્ર એક જ યોગની આરાધના થાય છે જ્યારે સેવામાં તો દરેક સાધુના દરેક યોગની આરાધનાનો લાભ મળે છે.

આમાં ય વળી ગમતી સેવા સુકર છે, ન ગમતી સેવા જ દુષ્કર છે. ફરવાની રુચિવાળાને ગોચરી જવું સહેલું છે જ્યારે આયંબિલશાળામાંથી પાણી લાવવું મુશ્કેલ છે !

'અહં' ને દૂર હડસેલી સેવા કરવી જો દુષ્કર, તો જે સમયે જે સેવાની જરૂરત હોય તે સમયે ઉલ્લાસ સહિત તે સેવા કરવી તે દુષ્કારાતિદુષ્કર છે.

સેવાના સાચા ભાવની પરીક્ષા ખરે ટાણે જ થાય છે. અને ત્યારે પાર ઉતેરલને જ સેવાનું સાચું ફળ મળતું હોય છે.

પ્રસંગ હતો ગુરુદેવ પંન્યાસ શ્રી ભાનુવિજય મહારાજની આચાર્ય પદવીનો. સ્થાન હતું અમદાવાદ-દાનસૂરિ જ્ઞાનમંદિરનું.

આખું જ્ઞાનમંદિર જ્ઞાની વૈરાગી સાધુઓથી ભર્યું ભર્યું હતું. ચોથા આરાનો માહોલ પ્રવર્તતો હતો. કારણ કે આજે અનેક સમર્થ શિષ્યોના સંવિગ્ન ગીતાર્થ ગુરુને 'આચાર્ય' પદે સ્થાપિત કરવાના હતાં.

'આચાર્યો છે જિનધરમના, દક્ષ વ્યાપારી શૂરા' એ એમની જ કૃતિને ચરિતાર્થ કરવાનો અધિકાર અને અવસર જવાબદારી સાથે તેમના પાવન હસ્તમાં સોંપવાનો હતો.

'આ આચાર્યપદ ગુરુદેવને માટે, અમારા માટે અને સકલ સંઘને માટે ઉન્નતિ-આબાદી અને મંગલ કરનારું બની રહે' તે આશયે કૈંક સાધુઓએ અઠ્ઠમનો તપ કર્યો, કેટલાકે ચોથભક્ત કર્યું તો કેટલાક સાધુઓએ ષડ્‌રસત્યાગ આયંબિલ કર્યું.

બધા સાધુઓ મહોત્સવ માણવામાં મશગુલ હતાં ત્યારે એક સાધુ ઉપાશ્રયમાં હતાં ગુરુની નારાજગીથી નહિં પરંતુ ગુરુની રાજગી અને સાધુઓની તાજગી માટે...!

સહુને પ્રસંગ માણવાનો મુક્ત મોકો આપીને તેઓએ ઉપાશ્રયની બધી જ વ્યવસ્થા સંભાળી લીધી.

મહોત્સવ દરમ્યાન ૪૦-૪૦ ઘડા પાણી ચોથે માળે પહોંચાડીને પાણીથી સહુની ભક્તિ કરી.

મહોત્સવના ઉપલબ્ધ થતાં ફોટા પરથી તે સાધુ 'પ્રમાણ' આપવા સમર્થ નથી કે 'પોતે પ્રસંગમાં હાજર હતાં' !

'તે સાધુ કોણ હતાં ?' તેમના નામનો ફોડ પાડવાની જરૂર છે ખરી?

■

# (૪૮) બીમારીથી 'વા-ફરી'

**આ**યુર્વેદ શાસ્ત્રના નિયમ મુજબ તંદુરસ્ત વ્યક્તિના સ્વસ્થ સ્વાસ્થ્યમાં કફ-પિત્ત અને વાયુની સમપ્રમાણતા કારણ છે.

જ્યારે તે ત્રિકોણ આઘા-પાછા થઈ જાય ત્યારે શરીરનું સ્વાસ્થ્ય તંત્ર ખોરવાઈ જાય છે.

જૈનશાસ્ત્રમાં જણાવાયેલી ક્રિયાની વિધિ જ એવી છે કે આરાધનાની સાથે તંદુરસ્તી સ્વયમેવ જળવાઈ રહે.

એક યોગાચાર્યના કથન મુજબ ૧૭ સંડાસા પૂર્વકના ખમાસમણાથી પગથી માંડીને પેટ અને ડોક સુધીની

'એક્સસાઈઝ' થઈ જાય છે; વળી બીજી કસરતની જરૂર નથી રહેતી.

તેમનું કહેવું હતું કે **જો જૈનધર્મની માત્ર પ્રતિક્રમણની ક્રિયા જ વિધિપૂર્વક કરવામાં આવે તો 'યોગા' કરવાની જરૂર ન પડે; છતાંય જો કોઈ યોગાસન કરે તો તેની તબિયત સુધરવાને બદલે બગડે. યોગાનો 'ઓવરડોઝ' થઈ જવાને કારણે !**

ઓઘનિર્યુક્તિમાં એક વાત આવે છે. સાધુ ગરમીમાં ગોચરી જઈને પાછા ફરી રહ્યા છે. શ્રમ અને ગરમીને કારણે થયેલી ધાતુઓની વિષમતાને જોઈ તેમને તરત વાપરતાં વારવા માટે વૈદ્ય સાધુની પાછળ ગયો. સાધુ શૂન્યમંદિરમાં જઈને બેઠા. થોડીવાર પછી વાપરવાનું ચાલું કર્યું ત્યારે ધાતુઓ 'સમ' થઈ ગયા હતાં.

વૈદ્યે સાધુને પુછ્યું : 'શું તમે વૈદક ભણ્યા છો કે તરત ન વાપરતાં થોડીવાર પછી વાપર્યું ?

'ના, મારા પ્રભુની આજ્ઞા છે કે ગોચરી વાપરતાં પહેલા દશવૈકાલિકની ૧૭ ગાથાની ભાવના કરવી પછી વાપરવું. વૈદક શાસ્ત્રનો મને કક્કો ય આવડતો નથી.' સાધુનો જવાબ સાંભળાને વૈદ્ય અવાક્ થઈ ગયો.

છતાં ય જ્યારે નિકાચિત કે પ્રબળ કર્મોનો ઉદય થાય ત્યારે શરીર કો'ક રોગનું ભોગ બની જાય ત્યારે સ્થવિરકલ્પી સાધુઓને રોગ પ્રતિકાર કરવાની છૂટ આપવામાં આવી છે.

એકવાર સાહેબને ઢીંચણના 'વા' નો દુખાવો થયો. ઔષધ કરી કિન્તુ કોઈ ફરક પડતો ન'તો.

**'શરીરને સંભાળવું પણ પંપાળવું નહિં' તેવા વિચારે સાહેબે પંપાળવાનું ગૌણ કરી દીધું.**

એકવાર સાંજના સમયે ભાખરી વધી. વાપરનાર બીજા હતાં નહિં. પરોપકારમાં પરાયણ સાહેબ પોતાના દર્દને એક બાજુએ મૂકી વાપરવા બેઠાં. જેથી પારિષ્ઠાપનિકા સમિતિની ફરજ સાધુને ન બજાવવી પડી !

સામાન્યથી 'વા' ના દુખાવામાં અધિક આહાર નુકશાનકારક અને રોગવૃદ્ધિકારક પૂરવાર થયો છે. છતાં ય સાધુની ભક્તિથી અને સહાય કરવાના ભાવથી વાપરેલી એ ભાખરીએ સાહેબના 'વા' ને કાયમ માટે ફેરવી નાંખ્યો.

સવારે ઉઠ્યા ત્યારે દુઃખાવો ગાયબ થઈ ગયો.

**એ ભાખરીમાં ભક્તિનું કયું જાદુ થઈ ગયું કે જ્યાં ભલભલી ઔષધિઓ પાછી પડી ત્યાં ભાખરી ખરખરો કરી ગઈ ! ભાખરીથી ખરી ગયેલો 'વા' હજી સુધી પાછો ફર્યો નથી !**

■

# (૪૯) ઘા : શરીરનો કે શરીર પર

જૈન ધર્મમાં વિરતિના બે પ્રકાર છે : (૧) દેશવિરતિ, (૨) સર્વવિરતિ.

સર્વવિરતિ પણ બે પ્રકારે છે :

(૧) નિરપેક્ષધર્મ (જિનકલ્પી વગેરે), (૨) સાપેક્ષધર્મ (સ્થવિરકલ્પી).

સાડા નવ પૂર્વી સાધુ પરિકર્મ કરીને ગુર્વાજ્ઞાપૂર્વક ગુરુકુલવાસનો ત્યાગ કરી તે કલ્પની વિધિ વિશેષથી એકાકી વિચરે.

'આંખમાં પડેલ કાંકરી કે ઘાસના તણખલાને પણ દૂર ન કરવું'. આના દ્વારા જ જિનકલ્પની કઠોરતા જ્ઞાત થઈ જાય છે. તથાવિધ વિશિષ્ટ સંઘયણના વિચ્છેદે આ કલ્પ હાલમાં વિચ્છિન્ન છે.

જ્યારે ગુરુકુલવાસમાં રહીને, તેની મર્યાદામાં વર્તીને ગુર્વાજ્ઞાથી સંયમયાત્રા કરવી તે સ્થવિરકલ્પ.

જિનકલ્પ માત્ર ઉત્સર્ગમાર્ગી હોય છે. આમરણાન્ત કષ્ટમાં ય અપવાદનું આસેવન કરવાનું રહેતું નથી. જ્યારે સ્થવિરકલ્પ આત્મવિરાધના સમયે સંયમવિરાધનાને ગૌણ કરે છે. માટે જ સ્થવિરકલ્પનું બીજું નામ 'સાપેક્ષધર્મ' છે. જિનકલ્પ 'નિરપેક્ષધર્મ' તરીકે જૈનાગમમાં પ્રસિદ્ધ છે.

શરીરમાં આવેલ વ્યાધિને જિનકલ્પી માત્ર સહન કરે છે. તો સ્થવિરકલ્પી આગમોક્ત વિધિથી રોગનો પ્રતિકાર પણ કરે છે.

**આટલા માત્રથી 'જિનકલ્પ શુદ્ધ અને સ્થવિરકલ્પ ભેળસેળિયો' કલ્પી લેવાની જરૂર નથી. યથાશક્તિ કરાતી આરાધના જૈનદર્શનમાં 'શુદ્ધ' જ છે. અને તે દરેક આરાધનામાં મોક્ષ આપવાની તાકાત ધરબાયેલી જ છે.**

**અન્યથા સાધુધર્મ કરતાં શ્રાવકધર્મ અને યથાખ્યાતચારિત્ર ધર્મ કરતાં જિનકલ્પચારિત્ર ધર્મ ભેળસેળિયો માનવો પડશે !**

'શરીરને સંભાળવું પણ પંપાળવું નહિં' તેવી માન્યતાને માનતાં સાહેબ શરીરમાં આવતી નાની નાની વેદનાને કદી ગણકારતાં નહિ.

અને એ શરીર અવગણનાના પુણ્યે જ કદાચ આવી પડેલી નાની નાની આપદાઓએ મોટું સ્વરૂપ ધારણ નહિં કર્યું હોય !

સાહેબ ઘણી વાર કહે કે રીસાયેલા છોકરાને જેમ જેમ મનાવતાં જાવ તેમ તેમ તે વંઠતો જાય તેમ નાની નાની બાબતે વાંકા પડેલા શરીરને જેમ જેમ પંપાળતા જાવ તેમ તેમ તે વકરતું જાય !!!!

વાત આવી બની કે ત્યારે દાદાગુરુજી લગભગ ૪૫ ઠાણા સાથે સુરેન્દ્રનગરમાં બિરાજતાં હતાં.

'આ નવોદિત સાધુઓ તૈયાર થાય અને તેમને અભ્યાસ માટે સારું એકાન્ત મળી રહે' તે આશયે દાદાગુરુજીએ ઉમરમાં યુવાન પણ વિચારમાં પ્રૌઢ એવા ૧૫ સાધુઓને ૪ કિ.મિ. દૂર વઢવાણ ગામે મોકલ્યા. જેમાં સાહેબજી પણ હતાં.

ક્યાંક જતાં આવતાં સાહેબને પગે જરાક ઠેસ વાગી. પણ સાહેબે તે તરફ નજર સુદ્ધાં ન નાખી.

જેમ જેમ દિવસો પસાર થતાં રહ્યા તેમ તેમ પગમાં કંઈક વધારે 'ખુંચતું' હોય તેવું લાગ્યું. છતાંય સાહેબે પગ તરફ જોવાની તસ્દી પણ ન લીધી.

અન્તે ૧૫માં દિવસે સાહેબને થયું 'જોઉં તો ખરો ! આ શું ખુંચ્યા કરે છે ?' જ્યાં ખુંચતું'તું ત્યાં જોયું. લાકડાની એક આંગળ જેટલી મોટી ફાંસ ઘુસી ગઈ હતી. ઘણા દિવસ થઈ ગયા હોવાથી પરું પણ જામી ગયું હતું. ઈન્ફેક્સન થયું હતું.

સાહેબ તો પોતાની જાતના પોતે જ ડોક્ટર હતાં પછી ગામના ડોક્ટરને બોલાવાની કંઈ જરૂર જ ન હતી ! હાથથી તે ફાંસને હળવેથી ખેંચી લીધી. કપડાના ટૂકડાથી પરુ દબાવીને કાઢી દીધું ને બેસી ગયા પોતાના સ્વાધ્યાયમાં!

ન કોઈ ડેટોલ લગાવાના કે પાટપીંડી કરવાના નુસખા ! આજે ય પગ પર નિશાન તરીકે રહી ગયેલું તે ચિહ્ન ***'अवि अप्पणो वि देहम्मि, नायरंति ममाइयं'*** દશવૈકાલિકની પંક્તિને માત્ર સ્તોત્ર રૂપે જ નહિ કિન્તુ પ્રેરણાના સ્રોત રૂપે નિહાળવાની આપણને મૂક પ્રેરણા કરી રહ્યું છે.

■

# (૫૦) ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં સહુ પ્રથમવાર!

**વ્ય**વહારિક શિક્ષણનો ક્રમ જો ૧૨ ધોરણ અને ત્રણ કોલેજ એમ ૧૫ વર્ષનો હોય છે તો લોકોત્તર અભ્યાસ ક્રમ ૨૦ વર્ષનો હોય છે.

વિશિષ્ટ પ્રજ્ઞા અને યોગ્યતાના બળે યથાક્રમે યથાવર્ષે યથાસૂચિત આગમનો ભણતો સાધુ અન્તે વીસમાં વર્ષે સમગ્ર દૃષ્ટિવાદનું અધ્યયન કરે છે. ૧૧ અંગ અને ૧૪ પૂર્વ સહિતનું ૧૨મું અંગ સૂત્ર, અર્થ અને તદુભયથી અંગીકૃત કરે છે.

કો'ક વજ્રસ્વામી જેવી વિરલ વિભૂતિ ત્રીજા વર્ષે ઘોડિયામાં જ શ્રવણ માત્રથી ૧૧ અંગની ધારણા કરી લે એ વાત જૂદી

છે તો ગુરુ સામે ચાલીને ક્રમિક અનુક્રમમાં ફેરફાર કરીને પર્યાય સ્થવિર થાય તે પહેલાં જ શિષ્યને શ્રુતસ્થવિર બનાવી દે તે ય વાત જૂદી!

(સંયમના ૨૦ વર્ષે 'પર્યાયસ્થવિર', વિદ્યમાન શ્રુત પારગામી 'શ્રુતસ્થવિર'.)

જ્યારે સર્વશ્રુતવાચનાની અનુજ્ઞા મળે (૨૦માં વર્ષે) ત્યારે તે સાધુ 'અનુયોગાચાર્ય' કહેવાય છે. જેમને આજની પ્રચલિત ભાષા 'પંન્યાસ' કહે છે.

તો આચાર્ય પદવી ત્રણ ભેદે છે. (૧) કુલાચાર્ય, (૨) ગણાચાર્ય અને સંઘાચાર્ય.

ગણાધિપતિની હાજરીમાં આચાર્યપદધારક 'કુલાચાર્ય' કહેવાય. એટલે કે માત્ર પોતાના શિષ્ય-પ્રશિષ્ય કુલના આચાર્ય.

ગણાધિપતિ સમગ્ર કુલાચાર્યના ઉપરિ કહેવાય તો સકલ ગણાચાર્યને ગુરુ કે વડિલ તરીકે માન્ય આચાર્ય 'સંઘાચાર્ય' કહેવાય.

સાહેબ જ્યારે અનુયોગાચાર્ય હતાં ત્યારની આ વાત છે. વિ.સં.૨૦૩૮માં ચાર અનુયોગાચાર્યોને કુલાચાર્ય પદે સ્થાપિત કરવાની અર્થાત્ ચાર પંન્યાસપદસ્થોને આચાર્ય પદાપર્ણની વાત ચાલી.

મદના કારણે પદની ખેંચાખેંચી થઈ. સમુદાયના શાંત સરોવરમાં વમળો ઊઠ્યા.

'હું આચાર્યપદ નહિં આપું તો શિષ્ય મારાથી વડિલ પાસે જઈને પદવી લઈ લેશે'. તેવો લેશમાત્ર ભય રાખ્યા વિના 'અયોગ્યને આચાર્યપદ એટલે કાગને રાજ સોપવા જેવું' માનતાં પૂ. ગુરુદેવનો શાસ્ત્રીય મર્યાદાને લક્ષમાં રાખી અધિક પદવી ન કરવાનો મક્કમ નિર્ધાર હતો તો સામે સમુદાયની એકતાનો લટકતી તલવાર જેવો પ્રશ્નાર્થચિહ્ન ખડો હતો !

સમુદાય પ્રત્યે અપૂર્વ લાગણી ધરાવતાં ભાઈલાલભાઈ જેવા પ્રૌઢ શ્રાવક વચમાં પડ્યા. ધક્કા ખાધા. અન્તે દરેક વાતે નમતું જોખવાની પ્રકૃતિવાળા

ગુરુદેવ પાસે જાહેર થયેલ પદવીઓને કેન્સલ કરવાનું નક્કી કરાવ્યું.

જે પંન્યાસોના આચાર્યપદની જય બોલાઈ ગઈ હતી; પદવીના દિવસોનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું હતું. અરે ! પત્રિકાઓ છપાઈ ગઈ હતી. તે પંન્યાસોએ જગતની સામે દૃષ્ટિ નાખ્યા વિના માત્ર ગુરુદેવના વચને પદમાં વિલંબ કર્યો. તે ચારમાં એક સાહેબ પણ હતાં.

જે સમયે આપણી નિંદ હરામ થઈ જાય, રોટલી ટૂકડો ગળાની નીચે ન ઉતરે, ઉબકા આવે તે સમયના **સાહેબના ઉદ્‌ગાર જરા વાંચી તો જૂઓઃ**

**"૨૫૦૦ વર્ષના ઈતિહસમાં કદાચ પહેલ વહેલીવાર બન્યું હશે કે ગુરુદેવના એક વચને વગર આનાકાનીએ શિષ્યોએ ડિક્લેર થયેલ પદને રદ કર્યું.**

**'ગુરુદેવના શિષ્યોનું ગુરુપારતન્ત્ર્ય હજીયે દીક્ષાના પ્રથમ દિવસ જેવું જ છે.' તે પારતન્ત્ર્યની પ્રત્યક્ષ પ્રતીતિ કરાવતું આ પ્રમાણપત્ર છે."**

જ્યારે બધી જ આચાર્યપદવી રદ થઈ ત્યારે ય બે ય પક્ષે સંમતિપૂર્વક એક પદવીની અનુજ્ઞા હતી. જેમાં નામ હતું : પંન્યાસ જયઘોષવિજયજી ગણિવર !

છતાં ય **પોતાના જીવનરથના સારથિ ગુરુદેવને બનાવ્યા પછી સાહેબનું એક જ વચન રહ્યું છે :**

*'करिष्ये वचनं तव' !*

■

# અનુવર્તક : અનુકરણ કરવા જેવો ગુણ

## (૫૧)

ન્યાયદર્શનમાં જ્યારે વ્યક્તિ કોઈનું વિદ્યાશિષ્યત્વ સ્વીકારે, ગુરુ પાસેથી જ્ઞાનને ગ્રહણ કરે અને પરીક્ષા રૂપે ગુરુએ જ રચેલાં ગ્રન્થનું ખંડન કરે ત્યારે તેનું શિષ્યત્વ સાચું ઠરે! વાસ્તવમાં તે ભણ્યો છે તે પુરવાર થાય !

જ્યારે જૈનદર્શનમાં મુમુક્ષુ કોઈનું વિદ્યાશિષ્યત્વ કે જીવન શિષ્યત્વ સ્વીકારે; ગુરુ પાસેથી ગ્રહણ અને આસેવન શિક્ષા ગ્રહણ કરે; કદાચ વિશિષ્ટ ક્ષયોપશમના બળે ગુરુ કરતાંય અધિક જ્ઞાની બને તો ય ગુરુનું પારતન્ત્ર્ય ન મૂકે તો જ તેનું શિષ્યત્વ સાચું અને

સારું ઠરે. વાસ્તવમાં તેનું જ્ઞાન પરિણમ્યું છે તે પુરવાર થાય.

તો સાચું ગુરુત્વ ? પોતાની ભૌતિકેચ્છાઓને દૂર હડસેલીને શિષ્યના માત્ર આત્મહિતને લક્ષ્ય બનાવી યોગ સાધનામાં જોડે તે જ.

એક સુવાક્ય યાદ આવે છે :

*સચ્ચા શિષ્ય વહિ, ગુરુ કો સબકુછ દેત*

*સચ્ચા ગુરુ વહિ, શિષ્ય કા કુછ નહિં લેત !*

જો ગુરુ પોતાની ફરજ ચૂકે તો તે પરમાર્થથી ગુરુ નહિં પણ લઘુ અને કર્મથી લઘુ હોય ગુરુ બની જાય છે !

આમ તો ગુરુના (ગુરુ = પ્રસ્તુતમાં આચાર્ય જ) દેશ-કાલભાષાજ્ઞ વગેરે ઘણા ગુણો શાસ્ત્રમાં દેખાડ્યા છે પણ જો કોઈ ગુણ ખરેખર કેળવવામાં અઘરો હોય તો તે છે 'અનુવર્તક' !

ગુરુ અનુવર્તક હોવા જોઈએ. અનુવર્તક એટલે શિષ્યની ઈચ્છા મુજબ પ્રવર્તે !

થાય છે ને આશ્ચર્ય ! બસ, જ્યારે મેં આવું વાચ્યું ત્યારે હેબતાઈ ગયો. સાહેબને જઈને પુછ્યું: 'આવું કેમ ?'

'શિષ્યની નિરવદ્ય નિર્દુષ્ટ નાની નાની ઈચ્છાઓને નિષ્કામ ગુરુ ઠકુરાવે નહિં. તેથી ગુરુ પ્રત્યે આદર પામેલ શિષ્ય જ્યારે ગુરુની નિગ્રહકૃપા વરસે ત્યારે ય અશુભભાવનો શિકાર ન બને; અને ગુરુની એક ટકોરે શુભમાં પ્રવૃત્ત થાય, અશુભમાંથી નિવૃત્ત થાય !'

**'દુનિયાદારી માટે જે અઘરું, સાહેબ માટે તે સહેલું' તેવું એક પક્ષપાતી વલણ (!) કર્મરાજાએ કાયમ રાખ્યું છે !**

તમે ગુરુ હોવ કે ન હોવ પણ જો શિષ્ય પરિવાર કે તમારા ઘર, કુટુંબમાં શાંતિ અને સમાધિ ઈચ્છતાં હોવ તો સાહેબના અનુવર્તક ગુણનું અનુકરણ

કરવા જેવું છે.

હજી સવારે આયંબિલની ભાવનાથી સાહેબની રજા લીધી અને તન કરતાં મન વધારે ઢીલું પડી જતાં સાહેબ પાસે જ પચ્ચક્ખાણ પારવા હું ગયો ત્યારે સાહેબે એટલું જ કીધું : 'તપ યથાશક્તિ કરીશ તો ચાલશે પણ ત્યાગને પ્રધાન રાખજે !'

અને એક સીઝનનો ત્યાગ કરી લીધો.

છે ને સાહેબ પણ વાણિયા ! પછી મને ટ્યુબલાઇટ (!) થઈ કે આ તો આયંબિલના બદલમાં બેસણાની છૂટ આપી પણ એક દ્રવ્ય માટે કાયમ માટે મારું મોં બંધ થઈ ગયું !

એક સાધુથી મોટો અપરાધ થઈ ગયો. મનમાં તો તે પ્રાયશ્ચિત્તની કલ્પના કરીને જ ફફડી ગયા'તાં અને વાસ્તવમાં અપરાધના હિસાબે મોટા પ્રાયશ્ચિત્તની કલ્પના સાવ જ કાલ્પનિક ન લેખાય. તેમણે સાહેબ પાસે પ્રાયશ્ચિત્ત લીધું. આશ્ચર્ય થશે કે તપ વગેરે ન આપતાં 'કાયમ માટે ગુરુને સમર્પિત બનજે' ની તપસ્યા આપી. સમર્પિત થાય પછી કયો દોષ રહે?

ગુગલી બોલ નાખીને સાહેબે રાગ-દ્વેષ-મોહ એ ત્રિદોષના ત્રણેય દાંડિયા ઉડાવી દીધા !

**અને સાચ્ચે જ, અનુમાન પ્રમાણ નહિં કિન્તુ અનુભવ પ્રમાણથી કહું છું કે –**

**શિષ્યોની કે આશ્રિતોની નાની વાતને સ્વીકારતાં રહી મોટી મોટી વાતો પકડાવવાની સાહેબ પાસે અજબ-ગજબની માસ્ટરી છે.**

■

# (૫૨) પિતામુનિની સેવા અને સમાધિ

દુનિયામાં ૩ વ્યક્તિ દુષ્પ્રતિકાર્ય હોય છે. (૧) જન્મદાતા માતા-પિતા, (૨) વ્યવસાયદાતા સ્વામી અને (૩) ધર્મદાતા ધર્માચાર્ય ગુરુ.

ત્રણમાંય ત્રીજા નંબરે રહેલ ધર્માચાર્યના ઉપકારનો બદલો વાળવો માત્ર દુષ્કર નહિં, કિન્તુ સુદુષ્કરતર છે.

આ જ વાતના સંદર્ભમાં પ્રશમરતિ ગ્રન્થમાં વાચકમુખ્ય શ્રી 'ઉમાસ્વાતી' મ. લખે છે.

*'दुष्प्रतिकारौ मात-पितरौ,*
*स्वामी गुरुश्च लोकेऽस्मिन्'*

તેમાં ય જો પિતાએ જ ધર્માચાર્યનું સ્થાન નિભાવ્યું હોય તો ?

સાહેબના સંસારી સંબંધે પિતા અને સંયમી સંબંધે ગુરુ એવા મફતભાઈ એટલે કે મુનિ ધર્મઘોષ વિજય મહારાજ.

પોતાને સંયમ સ્વીકારની ઉત્કટ ભાવના તો હતી જ; સાથે પુત્રને ય તે માર્ગે વાળવાની પ્રબળ ઈચ્છા હતી.

તે ઈચ્છાપૂર્તિ માટે જ તો તેઓએ ધર્મપત્ની કાન્તાના અન્તિમ સંસ્કારની વેળાએ જ યાવજ્જીવ ચતુર્થવ્રતનો સ્વીકાર કર્યો.

સદ્‌ગુરુનો યોગ થતાં જ પુત્રની સાથે પોતાનું જીવન ગુરુના ચરણે સમર્પિત કરી દીધું.

પુત્ર જવાહર એટલે કે મુનિ જયઘોષ વિજય પોતાના શિષ્ય હોવા છતાં તેમને દાદાગુરુ પૂ. પ્રેમસૂરીશ્વરજી મ.ના અને ગુરુ પં.ભાનુ વિ.મ.ના આજ્ઞાકવચમાં સુરક્ષિત કરી દીધો.

તેઓએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું :

'જયઘોષ ! મારા હાથ, પગ ચાલે છે. મારું કામ હું જાતે કરી શકું છું. તારે માત્ર ગુરુની સેવા અને પોતાના સ્વાધ્યાયમાં એકધ્યાન થવાનું છે !

સઘળો હક્ક (!) પોતાનો હોવા છતાંય શિષ્યના હિતકાજે કેવી નિઃસ્વાર્થતા અને નિઃસ્પૃહતા !

વિ.સં. ૨૦૨૪ ની સાલમાં દાદાગુરુ પરમલોકને પામવા સંચર્યા તો વિ.સં. ૨૦૨૮ થી મુ. ધર્મઘોષ મ. ની તબિયત લથડી.

પિતા તરીકે અને ગુરુ તરીકે બે ય રીતે ડબલ ઉપકારી મુ. ધર્મઘોષ મ. ની સેવામાં સાહેબ રહ્યા.

આમેય વૃદ્ધની સેવા અને સમાધિમાં પહેલેથી રુચિ હતી તેમાં ઉપકારી પિતામુનિની સેવાનો અવસર હોય ત્યારે પુછવાનું શું ?

ઉપરાંત, આટલા વર્ષોમાં કાપ વિગેરેનો કોઈ વિશેષ લાભ પણ મળ્યો ન'તો. સાહેબ અમદાવાદ ખાતે રોકાયા.

ગોચરી-પાણી દ્વારા શારીરિક સ્વસ્થતાથી માંડીને સમાધિજનક શાસ્ત્ર વાક્યો દ્વારા ચિત્ત સ્વાસ્થ્ય સુધીની બધી જ સંભાળ સાહેબ ખૂબ જ ચીવટ પૂર્વક રાખતાં.

સાંજે ગોચરીમાં સાહેબ કઢી પણ લાવે અને દૂધ પણ લાવે. પિતા મ. ને તે સમયે રુચિ મુજબ જે અનુકુળ રહે તે વાપરે.

સાહેબને માટે દૂધ અત્યંત પ્રતિકુળ પુરવાર થાય છે. તેથી બને ત્યાં સુધી ક્યારેય તેઓ દૂધ વાપરતાં નહિં કિંતુ જ્યારે પિતા મ. કઢી વાપરે ત્યારે તેઓ પ્રતિકુળ દ્રવ્યને ય અમૃત માનીને વાપરી જતાં.

પાછળથી પિતા મ. ને ખ્યાલ પણ ન આવવા દે કે 'મુ. જયઘોષને દૂધ સ્વાસ્થ્ય હાનિ કરનાર બને છે !'

હમણાં જ એક અપર સમુદાયના મહાત્મા મળ્યા હતાં; જેઓ શરુઆતના દિવસોમાં સાહેબ સાથે ઘણું રહેલાં.

તેઓએ જે કહ્યું તે તેમનાં જ શબ્દોમાં :

**''તમારા ગુરુ મહારાજે તો મુ. ધર્મઘોષ મહારાજની જે સેવા કરી છે તેવી સેવા કરનાર સાધુ આજ દિ સુધી મેં જોયો નથી.''**

■

# સંયમદાતાને સમાધિદાન

## (૫૩)

જેમ દેશમાં વિવિધ રાજ્યોનો સમાવેશ થઈ જાય કિંતુ રાજ્યમાં દેશનો સમાવેશ ન થાય, જેમ સાગરમાં નદીઓ સમાવિષ્ટ થઈ જાય કિંતુ નદીઓમાં સાગર કદાપિ સમાવિષ્ટ ન થાય.

તેમ જ લોકોત્તર શાસનમાં લૌકિકતા અન્તર્ગત થાય કિંતુ લૌકિકતામાં લોકોત્તર શાસન ન દેખાય. લૌકિકતામાં એકાન્તતા છે તો લોકોત્તરમાં અનેકાન્તતા છે.

ષડ્દર્શન સમુચ્ચયમાં 'સર્વદર્શનો જૈનદર્શનમાં સમાયેલ છે.' તે વાતની સિદ્ધિ કરતાં પૂ.આ. હરિભદ્ર સૂ.મ. લખ્યું:

'જો 'એક-એક' જ નહીં હોય તો 'અનેક' બનશે શી રીતે ? અને અનેકના અભાવમાં= અનેકાન્તના વિરહમાં લોકોત્તર શાસન શેના આધારે ઉભું રહેશે?

**'સમ્યગ્ એકાન્ત એ જ અનેકાન્ત' ની સુંદર વ્યાખ્યા મુકીને સૂરિપુરંદરે સઘળા સંશયના પુરોને=નગરોને દારી=છેદી નાખ્યા.**

'સાધુ શરીર પ્રત્યે ય વિરાગી હોય તેથી ચિકિત્સા ન જ થાય, જો ચિકિત્સા કરે તો સંયમછેદ જ થાય' તેવો એકાન્ત પ્રભુ મહાવીરના અનેકાન્તવાદમાં ક્યાંથી હોય? નહિં તો, ઓઘનિર્યુક્તિમાં વૈદ્ય પાસે જવાની વિધિ શું કામ શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ જણાવી હોત ?

પૂ. ધર્મઘોષ મહારાજની તબિયત બગડી. અમુક ચોક્કસ પ્રકારનું ઈન્જેક્શન જોઈતું'તું, જે સામાન્યથી નાના કેમિસ્ટને ત્યાં ન મળે. ડોક્ટરની શંકા સાચી પડી.

પરંતુ, સાહેબે ઉપાશ્રયના માણસને દોડાવ્યો. હમણાં જ જેણે ઈન્જેકશન ન હોવાની વાત કરી તે જ કેમિસ્ટે ઉપાશ્રયના પરિચિત માણસને જોઈ તરત જ ઈન્જેક્શન આપ્યું.

સાથે જણાવ્યું કે 'જો વધારે જરૂરત હોય તો પહેલેથી કહી દેજો. જેથી મંગાવી રખાય.'

સાહેબે 'હા' પાડી એટલે લગભગ '૮' ઈન્જેક્સન આવી ગયા.

તે ઈન્જેક્સનનો મોટો દોષ એક જ હતો કે તેને (સાચવવા) ફ્રીઝમાં આઈસડોરમાં રાખવા પડે.

એક ઈન્જેકશન લીધા પછી હવે બીજાની જરૂરત ક્યારે પડે તે કેમ કહી શકાય ?

'આ ઈન્જેક્શનને રાખી ફોગટમાં દોષના ભાગી શા માટે થવું ? જેમ પહેલીવાર ઈન્જેક્સન મળી ગયું તેમ જ જો પુણ્યની પ્રબળતા અને આયુષ્યની બલવત્તા હશે તો બીજીવાર પણ ક્યાંકથી મળી જ જશે'. આ આશયે થાપણ

તરીકે કેમિસ્ટને ત્યાં મુકાયેલ ઈન્જેક્સન કેમિસ્ટને ભળાવી સાહેબ દોષની ભાગીદારીમાંથી છૂટા થઈ ગયા.

સાહેબે પછી કહ્યું કે 'પિતા મ. જીવ્યા ત્યાં સુધી એકે ય વાર તે ઈન્જેકશનની જરૂર ન પડી.'

અવસરજ્ઞતાથી માંડીને ઈંગિતાકારજ્ઞતા સુધીના ગુણ અને કળાવંત સાહેબે પિતામ.ને છેલ્લી ઘડીએ અદ્‌ભુત સમાધિ આપી/અપાવી હતી.

તેમનું ચોમાસું અમદાવાદ – ભગવાન નગરના ટેકરે હતું તો પૂ.આ. રામચંદ્ર સૂ.મ. નું ચાતુર્માસ દશાપોરવાડમાં હતું. સાંજના સમયે પિતામ.ની પરિસ્થિતિ કથળતી લાગતાં સાહેબે પૂ. રામચંદ્ર સૂ.મ.ને ચિઠ્ઠી લખી.

ચીઠ્ઠી મળતાં જ તે વડિલાચાર્ય દાંડો કામળી નાખીને નિકળવા ગયા ત્યાં જ ગોચરી આવી. 'સમાધિદાને મહાશૂરા' ની જેમ તેઓએ ગોચરી 'ટેકરે' લાવવાનું કહી દીધું.

'રાત પણ કેવી જશે કે કેમ ?' તેવી દ્વિધામાં સાહેબની વિનંતિને માન આપી આચાર્યશ્રી રાતના ત્યાં જ રોકાયા.

રાતના લગભગ બે વાગે સ્વયં નમસ્કાર મહામન્ત્ર ગણતાં ગણતાં પૂ. રામચન્દ્ર સૂ.મ. ના ખોળામાં મુ. ધર્મઘોષ મ. નશ્વરદેહ છોડ્યો.

■

# (૫૪) આત્મસાધનાની ઉત્કૃષ્ટતા

**કા**ર્તિક કૃષ્ણ દસમના દિવસે શાસનપતિ વર્ધમાનસ્વામી રાજપરિવાર, રાજદરબાર અને રાજનગરની મૂર્ચ્છા ઉતારી વીર એકાકી ચાલી નિકળ્યા જંગલની વાટે...

એક વાત આંખે ઉડીને વળગે એવી છે કે તેઓએ સાધના કાળમાં ક્યારેય પચ્ચક્ખાણ કર્યા નથી.

દરરોજ ભીક્ષાચર્યા માટે નિકળવું, સંગમ દ્વારા દરરોજ નિર્દોષ ભીક્ષામાં અવરોધ ઉભાં થાય અને 'મળે તો દેહપુષ્ટિ અન્યથા સંયમપુષ્ટિ' કરીને વીર જંગલમાં પુનઃ પધારી કાયોત્સર્ગમાં લાગી જાતાં.

જો બાળકની ભાષામાં કહીએ તો તેઓએ પચ્ચક્ખાણ કર્યાં નથી કિંતુ પચ્ચક્ખાણ થઈ ગયા છે !

**અભિગ્રહ અને પ્રત્યાખ્યાનનો ફર્ક એટલો છે કે પ્રત્યાખ્યાન કાલમર્યાદાને લઈને યાવત્ યાવજ્જીવ સુધીના હોઈ શકે છે. જ્યારે અભિગ્રહમાં ઈત્વર કે યાવત્ કોઈ જ ટાઈમ લીમિટ હોતી નથી.**

લીધેલો અભિગ્રહ અબ ઘડીએ પણ પૂરો થઈ શકે છે અને કદાચ જિંદગીના છેડા સુધી યે અપૂર્ણ જ રહે છે. જેમ કે પ્રભુવીરનો અભિગ્રહ પાંચ મહિના અને પચ્ચીસ દિવસે પુરો થયો.

'મહાજનો યેન ગતઃ સ પન્થા' ન્યાયે મહાપુરુષના આલંબને પ્રભુવીરની પરંપરામાં અભિગ્રહોની શૃંખલા ચાલી. જેના છેલ્લા મણકામાં પૂ. દાદાગુરુજી અને ગુરુજી પણ હતાં.

**એક વાર સાહેબે દ્રવ્ય અભિગ્રહ કર્યો. કેવો વિચિત્ર ? 'નાની છોકરી રડતાં રડતાં ચપ્પુથી શાક વહોરાવે તો જ શાક વાપરવું.'**

અભિગ્રહ કે પ્રત્યાખ્યાન માત્ર 'સ્વ' ને લાગુ પડે છે, 'પર' ને નહિં. ઉપવાસનું પચ્ચક્ખાણ હોય તો 'સ્વયં ન વાપરવું' તેટલું જ, 'બીજાને ય ન વપરાવવું' તે ન આવે.

સાહેબ દરરોજ ગોચરી નીકળે. શાક વહોરે ખરા, બીજા સાધુઓની ભક્તિ માટે, પણ વાપરે નહિં !

એક'દિ મધ્યાહ્નકાળે ગોચરીચર્યા કરતાં સાહેબ એક ગૃહસ્થને ઘરે જઈ 'ધર્મલાભ' આપી ઊભા રહ્યાં.

બેન અંદર કપડા ધોતાં હતાં. ઘરમાં માત્ર એક નાની છોકરી હતી. મમ્મીએ અંદરથી તેને બૂમ મારીને વહોરાવાનું કહ્યું.

પણ આ તો નાની બાળકી, મૂડમાં ન હોય તો માને એ બીજી !

આખરે મમ્મી કંઈક રોષ સાથે બહાર આવી અને સુપાત્રદાનના સંસ્કાર પાડવા છોકરીના હાથે વહોરાવાનું ચાલું કર્યું.

એમાં છોકરી પોતાના ધાર્યા વિરુદ્ધ થતાં ભેંકડો તાણીને રડવા લાગી. રોટલી વહોરાવ્યા પછી શાકનો વારો હતો. બાજુમાં ચમચો કે ચમચી કંઈ ન દેખાતાં મમ્મીએ બાજુમાં પડેલ ચપ્પાને ઉઠાવ્યું. અને છોકરીના હાથે શાક વહોરાવ્યું.

**બસ, પત્યું ! પ્રભુવીરનો અભિગ્રહ પાંચ મહિનાને પચ્ચીસ દિવસે પૂરો થયો. સાહેબનો અભિગ્રહ પૂરા છ મહિને પૂર્ણ થયો.**

■

# સંત અને સંતોષ : અભિમાની

## (૫૫)

**સ્પૃ**હા એ સંસારભ્રમણનું એક બીજ છે. એ ઈષ્ટપ્રાપ્તિની હોય તો અનિષ્ટવિયોગની પણ હોય.

જ્યારે સઘળી વસ્તુ પરથી સ્પૃહા ઉતરી જાય ત્યારે રાગ-દ્વેષના દ્વન્દ્વનો વળગાડ દૂર થતાં વાર નથી લાગતી.

**સંસારીની જિંદગી સાધન સ્પૃહાની પાછળ પૂરી થાય છે તો સંતની જિંદગી સાધના સ્પૃહાની પાછળ પૂરી થાય છે.**

**સંસારી પૂરી જિંદગી સાધનની પાછળ દોડીને આખરે લોભનો ખાડો વધારે છે તો સંત પૂરી જિંદગી**

**સાધનાની પાછળ દોડીને સંતોષના શિખરે આરોહણ કરે છે.**

શિખરની ટોચ પર આરૂઢ થયેલો સિદ્ધપુરૂષ સંત અન્તે સઘળી ઈચ્છાઓને, સ્પૃહાઓને શિખરેથી નીચે પટકી દે છે યાવત્ તેને મોક્ષપ્રાપ્તિની પણ સ્પૃહા રહેતી નથી.

માટે કહ્યું જ છે ને !

*'मोक्षे भवे च सर्वत्र, निस्पृहो मुनिसत्तमः'*

મુનિઓમાં શ્રેષ્ઠ મુનિ મોક્ષ કે સંસારમાં સર્વત્ર નિસ્પૃહ હોય છે. તેને ન તો સંસારમાં રહેવાની ઈચ્છા છે કે ન તો મોક્ષમાં વસવાટની ઈચ્છા છે.

સાધનાની ટોચ પર પ્રાપ્ત થતી ટોચની નિસ્પૃહતાના અંશો છૂટા છવાયા તળેટીથી માંડીને છેટ સુધી જોવા મળે છે.

**નિઃસ્પૃહતાના માપદંડથી શિખર સુધીની નિસરણીના કેટલા પગથિયા બાકી છે ? તે માપી શકાય છે.**

સાહેબજી, જેવા નિસ્પૃહ પદાર્થો પ્રત્યે છે. તેવા જ નિસ્પૃહ શિષ્ય પ્રત્યે ય છે.

પૂનાના ચાતુર્માસમાં એક છોકરાને દાદાગુરુજીએ સાહેબ પાસે ભણાવા મુક્યો.

ચારે ય મહિના સાહેબે તેને પાઠ આપ્યો. જીવવિચારથી માંડીને ભાષ્ય સુધીના પદાર્થો ચાર મહિનામાં કંઠસ્થ કરાવ્યા. વૈરાગ્યદાયી વચનાઓ પણ આપી.

આટલા બધા સાધુઓ હોવા છતાં સાહેબ પાસે જ તેને ભણાવા મૂકવાનું કારણ જણાવતાં એકવાર દાદાગુરુજીએ કહ્યું હતું 'જયઘોષ પાસે કોઈ હોય તો મારો હક્ક ઉભો રહે!

તે મુમુક્ષુની દીક્ષા થઈ. મુનિ જયસોમ વિજયજી તરીકે તેઓ મુનિ જયઘોષ

વિજયજીના પ્રથમ શિષ્યત્વને પામ્યા. જેની દીક્ષામાં સાહેબની હાજરી પણ ન'તી !!!

એ જ રીતે મુનિ જયસુંદર વિજયજીને વડીદીક્ષામાં દિગ્બંધનમાં ગુરુ 'જયઘોષ' વિજયનું નામ ઘોષિત થયું.

જ્યારે સાહેબની ત્યાં ઉપસ્થિતિ પણ ન'તી !!!

(બે ય દીક્ષા સંપન્ન થયા બાદ સાધુઓ દ્વારા સાહેબને ખબર પડી કે 'નૂતનદીક્ષિતને મારા નામે દીક્ષા અપાઈ છે !')

જે મુનિ હરિકાન્ત વિજયના નામે દીક્ષિત થયા તે મુમુક્ષુ હેમન્તને ગુરુજી ભાનુ વિ.મ. સાહેબજી પાસે તૈયાર થવા મોકલ્યા હતાં.

પહેલી મુલાકાતમાં જ સાહેબે મુમુક્ષુ પરિવારને કહ્યું:

'મારાથી વડિલ પૂ. ગુણાનંદ મ. વિદ્યમાન છે. જેમને શિષ્ય નથી. તમે તેમની પાસે રહો, તૈયાર થાવ. તે ય ઘણા વિદ્વાન અને સંયમી છે.'

'આ નિસ્પૃહતા આજના કાળમાં હોઈ શકે'. તે વાસ્તવિક છે કે મારું સ્વપ્નું ચાલે છે તે નક્કી કરવા એકવાર શરીર પર ચૂંટિયો ખણવાનું મન થઈ જાય!

■

# (૫૬) ચાલો : લોભથી 'ભલા' તરફ

**સં**તોષસુખી જીવને વસ્તુ ન મળે તો ખેદ ન થાય અને વસ્તુ સામેથી આવી પગે પડે તોય ઉઠાવી લેવાનું મન ન થાય.

સંતોષ પ્રાપ્ત કરવા બીજું કશું કરવાની જરૂર નથી. લોભનું શીર્ષાસન કરી દો એટલે સંતોષ આપોઆપ આવી મળશે!

લોભનું ઊંધુ 'ભલો' થાય. જ્યારે માણસ ભલો થઈ જાય ત્યારે ભલભલા પ્રલોભનો તેને લોભાવી કે ભોળવી શકતાં નથી !

લોભ એ મૂર્ચ્છાસ્વરૂપ પરિગ્રહનો પર્યાય જ છે. અને આ પરિગ્રહ સંજ્ઞા તો અનાદિની નિગોદથી પાછળ પડેલી છે.

પરિગ્રહસંજ્ઞા-લોભ સઘળા કષાયોનું મૂળ લેખી શકાય. કોઈ વસ્તુ પ્રાપ્તિનો લોભ જાગ્યા પછી જ્યારે તે વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યારે તેને માટે માયા-પ્રપંચો કરે. 'મારી આટલી મહેનત છતાંય વસ્તુ કેમ ન મળે ?' તેવો માન કષાય જાગ્યા પછી ક્રોધ ચાંડાળને આવતાં વાર નથી લાગતી.

સાહેબને શિષ્ય સંતોષ છે તો ભૌતિક સમૃદ્ધિનો લોભ નથી.

મધ્યપ્રદેશ આયડમાં પૂ.સ્વ. આચાર્યદેવશ્રી જિતેન્દ્રસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી નિર્મિત જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા સાહેબની નિશ્રામાં વિ.સં.૨૦૫૮માં ભવ્યમહોત્સવ પૂર્વક સંપન્ન થઈ.

પ્રભુના પવિત્ર પુણ્યે પ્રતિષ્ઠાદિનો ચઢાવો કેટલો ચઢ્યો ? તે જોવાનું હોય જ નહિં.

મહોત્સવ પતતાં તો સાહેબ ખાખી બંગાળીની જેમ, જેમ આવ્યા તેમ નિકળી ગયા. સાહેબનું તો નથી કોઈ ટ્રસ્ટ કે નથી કોઈ પ્રોજેક્ટ. સર્વથા નિઃસ્પૃહ વ્યક્તિત્વ !

રાકેશ ઝવેરી સાહેબની નિસ્પૃહતા જોઈને પ્રભાવિત થઈ ગયા. સાચા સાધુત્વની પ્રતીતિ તેમને સાહેબમાં થઈ.

અમેરિકામાં શ્વેતાંબર-દિગંબર સંયુક્ત ૨૪ તીર્થંકર જિનાલય નિર્માણ પામ્યું આજથી ૩ વર્ષ પહેલાં વિ.સં.૨૦૬૫ માં.

શ્વેતાંબર મૂર્તિની અંજનશલાકા ક્યા આચાર્ય પાસે કરાવવી? તે પ્રશ્ન થતાં સાહેબની નિઃસ્પૃહતા અને નિર્મળતાથી પ્રભાવિત થયેલ રાકેશભાઈએ

સાહેબનું નામ સૂચવ્યું અને આંખના પલકારાનો સમય લાગ્યા વિના સાહેબજીનું નામ ફાઈનલ થઈ ગયું !

એક સ્થાને સરસ વાક્ય વાંચવામાં આવેલું : ''સુખ માખી જેવું છે. તેની પાછળ પડશો તો કદી તમારા હાથમાં નહિ આવે, તેની ઉપેક્ષા કરશો સામેથી આવીને તમારા હાથ પર બેસશે !'

સુભાષિતની સત્યતા સિદ્ધ કરવા સાહેબને છોડીને બીજે ક્યાંય જવાની જરૂર છે ખરી ?

■

# વાતવાતમાં તત્ત્વબોધ

## (૫૭)

નિશ્ચિતસ્થળે, નિશ્ચિત સમયે છપાઈને નિશ્ચિત સ્થાનોમાં પહોંચતું જો કોઈ પત્ર હોય તો તે છે સમાચાર પત્ર.

દુનિયાના વહેતાં પ્રવાહોની દિશાને ઘરે ઘર સુધી જણાવાની જવાબદારી નિભાવતું પત્ર તે સમાચાર પત્ર.

એ વાત જુદી છે કે તેમાં આવતાં સાચા-ખોટા, સારા-નરસા સમાચાર વાંચીને લોકો ઊંધા પ્રવાહમાં દોરાઈ જાય છે !

તેવા જ પ્રસિદ્ધ સમાચાર પત્રમાં

એક હાસ્ય લેખકની 'વાતવાતમાં' કોલમ ચાલે છે.

હું (લેખક) હાસ્યરસનો વધારે રસિયો હોવાથી તે કોલમ પ્રત્યે વધારે આકર્ષણ રહે તે સ્વાભાવિક છે.

કિંતુ, જ્યાં લગી સહુથી વધુ ચિરંજીવી અને વિપાકમાં મધુર શાંતરસનો અનુભવ ન થાય ત્યાં લગી 'ઉજ્જડ દેશમાં એરંડિયો પ્રધાન' ની માફક બીજા,ત્રીજા રસોનું આકર્ષણ રહે તેમાં વરાક જીવોનો તેટલો દોષ ન લેખી શકાય.

શાંતરસમાં ઝીલવાનું એક સાધન તત્ત્વચિંતન પણ છે.

સાહેબ પહેલેથી તત્ત્વચિંતનના રસિયા છે. બીજા રસોની તેઓએ અનુભૂતિ કરી હશે કે કેમ ? તે પણ એક પ્રશ્ન છે.

સાહેબ શાંતરસના સાગર અને હું હાસ્યાદિરસનું ખાબોચિયું !

જરાક કોઈ વાહનનું પૈડું કે કોઈનો પગ પડે કે ખાબોચિયાની અંદરનું બધું જ હુડુહુડુ કરતું બહાર આવી જાય અને ખાબોચિયું ખાલીખમ !

અને સાગર ! તમે જલયાનમાં બેસો કે સ્વયં તરવાની હિંમત કરો તો ભવપાર ! અને કોઈને તારવાનો જશ ખાટે તે નફામાં !!!

કિંતુ ખાબોચિયું પણ જ્યારે સાગરમાં એકાત્મતા સાધી લે છે ત્યારે સાગર ખાબોચિયાને પોતાના જેવડું બનાવી લેતાં વાર નથી લગાડતો.

વિહાર દરમ્યાન એકવાર સાથે ચાલતાં સાધુને મેં જોક્ સંભળાવ્યો. આગળ જ વ્હિલચેરમાં બેઠેલાં સાહેબે તે સાંભળી લીધો !!!

તે જોક્ દ્વિઅર્થી હતો. ચેન-બેચેનના સંદર્ભમાં હતો. સાંભળીને તરત જ સાહેબે તેમાંથી તત્ત્વ કાઢ્યું : જ્યાં સુધી આપણો આત્મા કર્મોથી બંધાઈને સંસારમાં ભટકે છે ત્યાં સુધી તે બેચેન જ રહેવાનો છે. સાચું ચેન તો મોક્ષમાં

ગયા પછી જ પડવાનું છે !

એકવાર કોઈ સાધુએ સાહેબની શાતા પૂછી ત્યારે સાહેબની તબિયત થોડી અસ્વસ્થ હતી.

દેહની અશાતાને બાજુએ હડસેલતાં સાહેબે જવાબ આપ્યોઃ

**'જુઓ, દેહની શાતા વેદનીયકર્મના ક્ષયોપશમે થાય છે. આત્માની શાતા મોહનીય કર્મના ક્ષયોપશમે થાય છે. મારો આત્મા ઘણો જ સ્વસ્થ અને શાતામાં છે.'**

પેલા મનુ શેખચલ્લીના વાતવાતમાં નટખટ જોક્સની જેમ સાહેબને વાતવાતમાં તત્ત્વબોધની ટેવ પડી ગઈ છે કે ?

▮

# સ્વાધ્યાયં પરમં તપઃ

## (૫૮)

સાધુની દિનચર્યા એટલે અપ્રમત્ત આરાધના! દિવસ-રાતના મળીને ૮ પ્રહરમાંથી, ૨ પ્રહર નિદ્રાના, ૧ પ્રહર આહાર-નિહારાદિનો કાઢીને બાકીના ૫ પ્રહર સાધુએ સ્વાધ્યાય કરવાનો છે.

સ્વાધ્યાય એટલે એક નિસરણી.

પેલી વાર્તામાં આવતાં ભૂત, જેણે પ્રસન્ન થયા પછી સાધકને કહ્યુંઃ મને સતત કોઈ કામ બતાવતો રહેજે; નહિ તો તને જ પતાવી દઈશ. સાધકે સરસ વિકલ્પ કાઢ્યો. જ્યારે કામ પુરું થાય પછી ભૂતને કહી દેઃ ‘હવે બીજું કામ

ન બતાવું ત્યાં સુધી આ સીડી પર ચઢ-ઉતર કર્યા કર !'

આપણું મન એટલે ભૂત અને સ્વાધ્યાય એટલે સીડી. બીજા બધા જ યોગો અસપત્ન રીતે સધાઈ ગયા પછી આત્માએ મન-ભૂતને આદેશ આપી દેવાનો 'હવે બીજો યોગ ન આવે ત્યાં સુધી સ્વાધ્યાય કર્યા કર !'

જો આ મનભૂતને સ્વાધ્યાયના દાદરા પર ચઢ-ઉતરવાનું કામ નહિં આપો તો તે તમારા આત્માને જ ખાઈ જશે. તેના શુદ્ધ સ્વરૂપને ઓર હણી નાખશે!

સાધુભક્તિ જો સંયમ જીવનનો ખોરાક છે તો સ્વાધ્યાય સંયમજીવનનો પ્રાણવાયુ છે.

ખોરાક વગર દિવસો કાઢી શકાશે પ્રાણવાયુ વિના તો પ્રાણ જ નિકળી જશે !

માટે જ તો સ્વાધ્યાયને શ્રેષ્ઠ તપ કહ્યો છે.

*'सज्झायसमो तवो णत्थि'*

અનશન વગેરે બાહ્યતપમાં પાછળ દેખાતાં સાહેબ મોક્ષ પ્રત્યે અન્તરંગ કારણભૂત અભ્યન્તર તપમાં સૌથી આગળ છે. તેમાંય સ્વાધ્યાયતપમાં.

આ તપ સહુથી લાંબો અને સહુથી કઠણ ! સૌથી લાંબો એટલા માટે કે સંયમજીવનના પહેલાં જ શ્વાસથી માંડીને અંતિમ ક્ષણ સુધી તે હોય છે. અને કઠણ એટલા માટે કે મનને ગમતાં અનુકૂળ વિષયોમાંથી મુખ ફેરવીને ધીરજપૂર્વક કર્મની રજ ખેરવવાની છે. સાહેબનો અર્થસ્વાધ્યાય અને અનુપ્રેક્ષાસ્વાધ્યાય તો વિસ્મયકારી છે જ, કિન્તુ સૂત્રસ્વાધ્યાય પણ આશ્ચર્ય ઉપજાવનાર છે.

આજની તારિખે વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશનો સ્વાધ્યાય થાય પછી જ બીજા કામ હાથ ધરે. અરે ! મુલુંડના ચાતુર્માસ દરમ્યાન, ૧૨૨૪ સિદ્ધિતપના સમયમાં દિવસે સમય ન મળવાથી દરરોજ પોણા પાંચ વાગે

ઉઠતાં સાહેબે ચાર વાગે ઉઠવાનું ચાલું કર્યું. પ્રાણવાયુ સ્વાધ્યાયની રક્ષા માટે જ તો !

હમણાં આ ચાલું વર્ષની ચૈત્રીમાસની ઓળીની અસજ્ઝાય બેસે તેના આગલાં જ દિવસે સંપૂર્ણ દશવૈકાલિકની ૭૫૦ ગાથાનો મુખપાઠ સ્વાધ્યાય કર્યો.

અવારનવાર અઠવાડિયામાં એકાદ દિવસ સાહેબ દશવૈકાલિકનું ય વિસ્મરણ કરતાં નથી.

**શું પાંચમા આરાના છેડા સુધી ઉપસ્થિત રહેનાર આ આગમને સાહેબ પોતાના જીવનના ય છેડા સુધી ઉપસ્થિત રાખવા માંગે છે?**

■

# સિદ્ધાંતદિવાકર અને સિદ્ધિતપ

## (૫૮)

વૈશાખ સુદ-૧૧નો એ મંગલ દિન : જ્યારે પ્રભુ વીરે ૧૧ ગણધરોની સ્થાપના કરી. પ્રભુએ ત્રિપદી આપી અર્થથી. અને ગણધરોએ તેને ગુંથી લીધી સૂત્રથી. તે દિને ને તે ઘડીએ પ્રભુવીરનું શાસન પ્રવર્ત્યું.

કલ્પસૂત્રમાં આવે છે કે ગણધરો અગિયાર હતાં અને વાચના નવ હતી. અર્થાત્ બે ગણધરોની વાચના - સૂત્રરચના મળતી આવતી હતી.

શાસનની સ્થાપના થતાં વેંત જ ૧૧ ગણધરો = ગચ્છાધિપતિઓની નિમણુંક થઈ એટલે ૧૧ ગચ્છ થપાયાં!

ફર્ક ત્યારે અને આજે એટલો કે ત્યારે

વિધિભેદ હશે પણ મતભેદ ન'તો. આજે વિધિભેદ રહ્યો પણ મતભેદ અને મનભેદે જોર પકડ્યું છે.

આવા વિષમ કાળમાં, 'સાચું મારું' ને બદલે 'મારું સાચું' કરવાની ભાવના કે વિભાવનાની વચમાંય શ્રીસંઘમાં એકતા, સ્નેહવૃદ્ધિ, પરસ્પરની સહાયકતા કેમ વધે? કયા દોરડાથી બધી લાકડીઓને ભેગી કરી શકાય? કયા છત્ર હેઠળ સહુ આવીને નિરાંતે બેસે? તેવો વિચાર શ્રીસંઘ એકતાના દેહમાં પ્રાણ પૂરનાર પૂજ્ય સાહેબજીને આવ્યો ને સિદ્ધિતપનાં મંડાણ થયાં.

સહુ પ્રથમવાર આ આયોજન પૂનામાં કરવામાં આવ્યું. પૂના નગરના સકલ સંઘોને સિદ્ધિતપના માધ્યમે એક માંડવે ભેગા કર્યાં ને તેના ફળ સ્વરૂપેઃ બાહ્યફળ જુઓ તો ૨૫૧ સિદ્ધિતપ અને અભ્યંતર ફળ જુઓ તો સંઘોનો પરસ્પર મળતાવ!

સુરતના બધા જ સંઘોને એકઠા કરી ઐતિહાસિક ૩૫૧ માસક્ષમણના તપ ઉજમણાં થયા.

જ્યાં જ્યાં આ આયોજનો થતાં ગયાં ત્યાં ત્યાં પ્રત્યેક સ્થાને શ્રીસંઘોમાં સ્નેહવૃદ્ધિ, ટકરારનો અભાવ વગેરે ઉપસતું આવ્યું ને સાહેબના બધા જ ચાતુર્માસ એક નહીં, અનેક સંઘોના સહિયારે થવા માંડ્યા.

લગભગ દરેક સંઘોના ટ્રસ્ટીઓના સૂર આવા સાંભળ્યા છે :

''પૂ. ગચ્છા.ના ચાતુર્માસ પહેલાં અમારે પાડોશી સંઘ સાથે જાણે બોલવા, ચાલવાનો વ્યવહાર પણ ન હોય તેવું હતું પણ સિદ્ધિતપના માધ્યમે સંગઠિત થયેલાં અમે સહુ આજે વારે તહેવારે મળતાં અને ભળતાં થયા છીએ.

અરે! બાજુના સંઘના ટ્રસ્ટીઓ સાથેના નિકટના પરિચયમાં પૂ. ગચ્છા. પ્રેરિત સિદ્ધિતપનો જ પ્રભાવ છે.

જો કદાચ સિદ્ધિતપ જેવા આયોજનો એક જ માંડવે ન ગોઠવાયા હોત તો કદાચ એવું પણ થાત કે જીવનમાં અંત સુધી બાજુનાં સંઘ સાથે અમારા સંઘનો જરાય પરિચય પણ ન હોત!''

આ તો જોયું આપણે અપ્રસિદ્ધ અભ્યંતર ફળ, હવે જરા બાહ્યફળ જાણવા માટે આ સિદ્ધિતપની એક ચાર્ટશીપ તમેય વાંચી તો લ્યો :

| ઈ.સ. | સ્થળ | સિદ્ધિતપ | સંગઠિત સંઘો |
|---|---|---|---|
| ૧૯૯૮ | સૂરત | ૩૫૧ (માસખમણ) | સંપૂર્ણ સુરત |
| ૧૯૯૯ | પૂના | ૨૫૧ | સંપૂર્ણ પૂના |
| ૨૦૦૨ | વડોદરા | ૩૫૧ | સંપૂર્ણ વડોદરા |
| ૨૦૦૩ | ઘાટકોપર (નવરોજી લેન) | ૧૦૮ | ૧ |
| ૨૦૦૪ | ગોરેગાંવ | ૨૮૧ | સંપૂર્ણ ગોરેગાંવ |
| ૨૦૦૫ | પાર્લા | ૧૯૧ | સંપૂર્ણ પાર્લા |
| ૨૦૦૬ | કાંદિવલી | ૪૧૧ | સંપૂર્ણ કાંદિવલી |
| ૨૦૦૭ | માટુંગા | ૫૫૫ | મધ્ય મુંબઈના ૧૧ સંઘો |
| ૨૦૦૮ | ઘાટકોપર (૬૦ ફીટ રોડ) | ૪૧૧ | ૨ |
| ૨૦૦૯ | ભિવંડી | ૬૬૬ | સંપૂર્ણ ભિવંડી |
| **૨૦૧૦** | **મુલુંડ** (ઝવેર રોડ) | **૧૨૨૪** | **૧** |

સાહેબજી તો જાણે સિદ્ધિતપની ઉચ્ચ બ્રાંડ જ બની ગયા છે! જ્યાં ચાતુર્માસની જય બોલાય ત્યાં ચાતુર્માસ પ્રવેશ પહેલાં જ વગર પ્રેરણાએ સિદ્ધિતપનાં 'પાસ' ઉપડી જતાં!

ઘણા આરાધકો તો ચાતક નજરે રાહ જોઈને, ચાહ રાખીને જ બેઠા છે કે ક્યારે પૂ. ગચ્છાધિપતિશ્રીનું ચાતુર્માસ આપણા સંઘમાં થાય ને ક્યારે અમે તેઓશ્રીની નિશ્રામાં, દરરોજ તેઓશ્રીના મુખે જ પચ્ચક્ખાણ લઈ, તેઓશ્રીના હસ્તે જ વાસક્ષેપ નંખાવીને હસતાં-રમતાં સિદ્ધિતપની આરાધના કરીએ!

સાહેબના ચાતુર્માસનો સૂર્યોદય થાય તે પહેલાં સિદ્ધિતપની ભાવનાનો અરુણોદય થઈ જતો મેં નજરે નિહાળ્યો છે.

**સિદ્ધિગતિના સાધક સિદ્ધાન્ત દિવાકર સાહેબજીને સંઘ, શાસન, સમુદાય અને સિદ્ધિતપના 'સ'કાર સાથે ઘણું ગોઠતું લાગે છે!**

# (૬૦) નાભિથી નાભિ સુધી

‘‘કોઈ પણ વસ્તુ સારી કે નરસી હોતી નથી. તે વસ્તુમાં થતી હેય- ઉપાદેયપણાંની બુદ્ધિ જ વસ્તુને સારી-નરસી કહેવડાવે છે.

જે વસ્તુ સંયમીને અસાર દેખાય છે, સંસારીને તે વસ્તુમાં જ સાર દેખાય છે.

વસ્તુ તો અવસ્થિત પદાર્થ છે તે તો નથી સારો કે નથી નરસો.’’

આ પદાર્થને લઈને એકવાર સાહેબે વાચના આપી હતી.

સામી વ્યક્તિની નાભિ સુધી જો

કોઈ વાત પહોંચાડવી હોય તો તે વાત આચરણ દ્વારા તમારી પણ નાભિ સુધી પહોંચેલી હોવી જરૂરી છે.

જેમ લક્ષ્યવેધ કરવા તીરને દૂર પહોંચાડવું હોય તો ધનુષ્યની પ્રત્યંચા પાછળ ખેંચવી જરૂરી છે. તેમ સામી વ્યક્તિમાં આપણી વાત જેટલે સુધી અંદર ઉતારવી હોય તેટલી જ અંદર તે વાત આપણમાં ઉતરેલી હોવી જરૂરી છે.

હોઠથી નિકળેલાં શબ્દો સામી વ્યક્તિના હૈયા સુધી પહોંચતાં નથી, તે તો માત્ર કાનને અથડાઈને પાછા ફરી જાય છે.

આજના કાળમાં જે ટ્રસ્ટ, તીર્થ અને તકતીમાં મુગ્ધ કે બાળ જીવોને સારપણાંની બુદ્ધિ થાય છે સાહેબને તેમાં જ અસારતા દેખાય છે.

સાહેબને ન તો પોતાનું કોઈ તીર્થ છે કે ન તો કોઈ ટ્રસ્ટ છે કે ન તો તકતી-તકતામાં રસ છે. સાહેબ તો ***'वायुरिवाऽप्रतिबद्धः'*** પવનની જેમ ક્યાંય ખીલ્લો બાંધ્યા વિના અપ્રતિબદ્ધ વિહારી છે. તેથી જ તો કોઈ સંઘમાં સમષ્ટિગત કે વ્યક્તિગત દ્રવ્યપ્રેરણાની ભાંગફોડ હોતી જ નથી.

માટે જ તો પેલો દક્ષિણ ભારતનો 'નાક' ગણાતો સંઘ, જેણે નૂતન જિનાલય નિર્માણ સમયે ઠરાવ કર્યો કે 'નૂતન જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા કરવા જો પૂ.ગ. શ્રી જયઘોષ સૂ.મ. સ્વયં પધારે તો પ્રથમ નંબરે તેઓના વરદહસ્તે જ અંજન-પ્રતિષ્ઠા કરાવવી. નહિંતર....! (શ્રીસંઘની વારંવારની વિનંતિ હોવા છતાં શારીરિક પ્રતિકુળતાથી સાહેબ ત્યાં પધારી ન શક્યાં.)

અને પેલું જિનાજ્ઞા માસિક પણ કેવું સરસ ચાલે છે. તેમાં મજા તો એવી છે કે સાહેબના નામે ચાલતાં માસિકમાં શું છપાય છે તે તો માસિક છપાઈને

આવ્યા પછી સાહેબ વાંચે ત્યારે જ સાહેબને ખબર પડે !

પૂ.સ્વ. ગુરુદેવના અદકેરા શિષ્ય, સાહેબના ગુણરાગી અને સમુદાયના હિતકાંક્ષી (જિનાજ્ઞા માસિકના તંત્રી) કુમારપાળભાઈ વી. શાહ પર સાહેબનો કેવો વિશ્વાસ ! અને કુમારપાળભાઈને સાહેબનો કેવો આશ્વાસ !

શું કદાચ એટલે જ નાભિ સુધી પહોંચીને નિકળેલી સાહેબની વાચનાઓ કે હિતશિક્ષાએ સાધુઓના નાભિ સુધી ગળ્યા શિરાની માફક ઉતરી જતી હશે ?

# (૬૧)

# વચનસિદ્ધિ સાહેબની, કાર્યસિદ્ધિ આપણી !

**પુ**ણ્યપુરુષોનો જેમ દેહ દેવ-અધિષ્ઠિત હોય છે. તેમ તેઓનું વચન પણ દેવાધિષ્ઠિત હોય છે.

'પ્રાણ જાય પણ વચન ન જાય' તે વચન પર તો દેવો કંઈ પણ કરવા તૈયાર થઈ જતાં હોય છે.

પેલો ગોશાળો કંઈ પણ એલફેલ બોલી નાખે કે 'જો પ્રભુનો પ્રભાવ હોય તો આ શેરી બળી મરો...' અને પ્રભુના પ્રભાવને રાખવા કે દેખાડવા પેલા અધિષ્ઠાયક દેવો બધું જ ખાખ કરી દેતાં !!!

આમ જુઓ તો વચન કોઈ સિદ્ધ હોતું નથી, કિંતુ વચનની પાછળ ભંડારેયેલી શક્તિ જ વચનને સિદ્ધ કરવાની તાકાત ધરાવે છે.

એક જ વચન, જે રાજા બોલે તો સિદ્ધ થઈ જાય અને રાંક બોલે તો દંડો પડે !

**ગંભીરતા અને ગીતાર્થતાના દ્વિભેટે વચનમાં સિદ્ધતા ઉત્પન્ન થાય છે.** જે છીછરો હોય અને જેને જબાન પર લગામ ન હોય તેમનું વચન સિદ્ધ થતું નથી.

સાહેબ વિહાર કરતાં-કરતાં જલગાંવ, મહારાષ્ટ્રમાં પધાર્યા. સવારના સમયમાં એક બહેન આવીને સાહેબને કહે :

'મારો બાળક કેટલાક દિવસથી ખોવાઈ ગયો છે. તપાસ કરાવી પણ પત્તો લાગતો નથી.'

'ઘરે જઈ જાપ કરો, સારું થઈ જશે !' સાહેબે કોઈ મંતર-જંતરમાં પડ્યા વિના સીધો અને સચોટ જવાબ આપ્યો.

બપોર પડતાં તો બહેન ઉપાશ્રયમાં આવીને સમાચાર આપી ગયા કે ઘરે જઈને હાથમાં નવકારવાળી ફેરવવાનું હજી તો ચાલું કર્યું, ત્યાં જ ફોન રણક્યો. અને દિવસોથી ન મળતાં બાળકનો અવાજ આવ્યો !

પંડિત પારસભાઈએ સ્વાનુભવ જણાવતાં કહ્યું કે 'જ્યારે કંઈ નવું ભણવાનું કે ભણાવવાનું ચાલું કરું ત્યારે સાહેબને પુછી જાઉં : 'સાહેબ ! થશે તો ખરું ને ?'

પુછવાનું એકવાર સાહેબના મુખથી 'હા' કાઢવા માટે જ ! બસ, એકવાર સાહેબ 'હા' પાડે એટલે પત્યું, આપણું કાર્ય પુરું થયું જ સમજો !'

વાસી નહિં પણ તાજી જ વાત કરું તો ઈર્લા ખાતે સમુદાયના મિલન દરમ્યાન એક ૭૨ ની બોર્ડરે પહોંચેલાં વયોવૃદ્ધ મહાત્મા સાહેબ પાસે એક

ઉપવાસની રજા + પચ્ચક્ખાણ લેવા આવ્યા.

'કરવો તો એક ઉપવાસ શું, માસખમણ કરો' સાહેબના વચને પેલા મહાત્માએ સીધો જ અઠમ લઈ લીધો માસખમણની ભાવના સાથે.

જેમણે જિંદગીમાં અઠમ પણ સૂતાં સૂતાં કરેલો તે વયોવૃદ્ધ પૂ.મુ. કલ્પભૂષણ મ., સાહેબના વચનપુણ્યે તપમાં આગળ વધતાં ગયા. માસખમણથી ભાવના આગળ વધતાં ૩૬ ઉપવાસ કર્યા અને તે ય સંપૂર્ણ હરતાં, ફરતાં, દિવસે ન'તો સંથારો પાથરીને લાંબા થવાનું કે ન'તો ચાલતાં-ચઢતાં કોઈના હાથનો સાથ લેવાનો !

એક ચિંતકનું વાક્ય સાંભળેલું :

'ભગવાન માત્ર કષ્ટ જ નથી દેતો, તેની સાથે કષ્ટ સહેવાની શક્તિ પણ દે છે.'

જરાં ફેરવીને બોલવાનું મન થઈ જાયઃ

'સાહેબ માત્ર વચન જ નથી ઉચ્ચારતાં, તેની સાથે તે સિદ્ધ કરવાની તાકાત પણ આપે જ છે.'

# (૬૨) દર્શનશુદ્ધિનું દર્શન

ધર્મ બે પ્રકારે હોય :

(૧) બાહ્યક્રિયાત્મક,

(૨) અભ્યન્તરભાવાત્મક.

આન્તરભાવની પ્રાપ્તિ માટે બાહ્યક્રિયાત્મક ધર્મનું ઉપાદાન છે.

ચ્યવનથી જ 'મારું કેવલજ્ઞાન + નિર્વાણ નિશ્ચિત છે'. તે જાણવા છતાં ય પ્રત્યેક ભગવાન બાહ્યક્રિયાત્મક ચારિત્રલિંગનો સ્વીકાર કરે છે. નહિં તો ભગવાન જેવા પરમોત્કૃષ્ટ વ્યક્તિત્વને સીધી જ ભાવધર્મની પ્રાપ્તિ ક્યાં દુર્લભ કે દુ:શક્ય હતી ?

કુમાર વર્ધમાન ભાઈ નન્દિવર્ધનના

આગ્રહને વશ થઈ જે રીતે સાવદ્યવ્યાપાર ત્યાગ કરીને બે વર્ષ રાજમહેલમાં રહ્યા તે જ રીતે નિશ્ચયનયનું અવલંબન લઈને મહેલમાં જ કેમ મોક્ષ ન મેળવી શક્યા?

*'आयारो अंगाणं पढमं'* તીર્થની સ્થાપના થાય અને ત્રિપદી દ્વારા સૂત્રરચનાનો ગણધર ભગવંતો પ્રારંભ કરે ત્યારે સહુ પ્રથમ અંગ 'આચારાંગ' ની રચના કરે; બાદ બીજા અંગો અને પૂર્વોની રચના કરે.

સર્વઅંગોમાં પ્રથમ આચારાંગ જ કેમ ? તેનું કારણ આપ્યુંઃ 'અહિં જ મોક્ષનો ઉપાય, ચરણ-કરણનો બોધ થાય છે.' ઉપાયના જ્ઞાન વિના વરાક જીવડો ગતાનુગતિકથી કે અસદ્ આગ્રહથી સીધો જ ભાવ ધર્મમાં ચઢવા જાય તો ઉપેયની પ્રાપ્તિ થશે શી રીતે ?

*'आचारः प्रथमो धर्मः'* ચતુર્વિધ ધર્મમાં ય પ્રથમ ત્રણ ધર્મ તો આચારાત્મક જ છે ને !

સાહેબજીના જીવનમાં બધે જ પ્રથમતા આચારની જોવા મળે છે. વ્યાખ્યાન હોય કે વાચના હોય, આચાર નિરૂપણ વિના તો સાહેબ માટે બધું અધુરું જ હોય!

હા, આચાર નિરૂપણ કરીને ય તેમાં 'રૂચિ' નું પ્રતિપાદન = ભાવધર્મનેય અળગો નથી મૂકતાં.

સાહેબનું જીવન આચાર પ્રધાન છે. જ્ઞાનાચારમાં આજની તારિખનો અપૂર્વ અધ્યાય છે તો દર્શનાચારમાં નિઃશંકિતાદિ તો છે જ; કિંતુ આજના કાળમાં દુર્લભ પ્રાયઃ થઈ ગયેલ ઉપબૃંહણા અને સ્થિરીકરણ પણ છે, ચારિત્રાચારમાં તો ક્યાંય મન મનાવવા જેવું છે જ નહિં તો તપાચારમાં ય રસત્યાગ પરિણતિથી માંડીને અભ્યન્તર તપની ટોચ આપણા જ્ઞાનચક્ષુને ય અગોચર છે.

દરેક આચારરૂપી મોતીમાં પરોવાયેલ વીર્યાચાર રૂપી દોરો અળગો થોડો

રહી જાય ?

૭૫મું વર્ષ બેસી ગયું હોય અને મુલુંડ જેવા ક્ષેત્રમાં ૧૫૦૦ થી વધુ સિદ્ધિતપના મંડાણ થયા હોય. ત્યારે સ્વાભાવિક છે કે દરેક તપસ્વીની ભાવના હોય કે પચ્ચક્ખાણ અને વાસક્ષેપ તો સાહેબ પાસેથી જ મળે.

તે માટે વ્યવસ્થા કરેલી કે 'સવારે ૮.૦૦ થી ૮.૩૦ માં વાસક્ષેપ મળશે અને વ્યાખ્યાનમાં એક જ વાર એકસાથે પચ્ચક્ખાણ મળી જશે. સાહેબના સ્વાસ્થ્યને નજરમાં લઈ કોઈએ વ્યવસ્થાનો ભંગ ન કરવા વિનંતિ.'

૮ વાગ્યાથી તપસ્વીની લાઈન લાગે. પહેલાં માળના હોલથી લગાવીને છેક નીચે દાદરા અને વ્યાખ્યાન હોલ સુધી. એ કોઈ લાલબાગના ગણપતિના નહિં કિંતુ જિનશાસનના ગણપતિ-ગચ્છાધિપતિના વંદન, વાસક્ષેપ માટે.

૮.૩૦ સુધીમાં લાઈન પૂરી થાય જ નહિં. છેક વ્યાખ્યાનના સમય સુધી ચાલે. વ્યાખ્યાન બાદ પણ ઘણા તપસ્વી આવે અને સાહેબ પોતાની પરવા કર્યા વિના વાસક્ષેપ નાખતાં જાય, સાથે દરેક તપસ્વીને અલગ પચ્ચક્ખાણ કંટાળ્યા વિના આપતાં જ જાય.

માત્ર એક જ દિવસમાં સાહેબ એટલી બધી વાર સહુ તપસ્વીઓને અલગ-અલગ પચ્ચક્ખાણ આપતાં કે જો કોઈ બાજુમાં બેઠું હોય તો તેને વગર ગોખ્યે પચ્ચક્ખાણ ગોખાઈ જાય માત્ર સાંભળી સાંભળી ને જ !

આટલી ભીડ (!) જોવા માત્ર હું કંટાળી જઉં. એકવાર સાહેબને પુછ્યું: 'આપ કંટાળતાં કે થાકતાં નથી સતત વાસક્ષેપ-પચ્ચક્ખાણ આપીને ?

'બધા આપણા ભરોસે તપ કરે અને આપણે તેમને વાસક્ષેપ માટે ય કંટાળીએ ? શ્રીસંઘ પરથી આદરભાવ જશે તો દર્શનશુદ્ધિ કે દર્શનાચાર રહેશે ક્યાં ?' સાહેબના આ જવાબમાં દર્શનાચારનું દર્શન નથી થતું ?

■

# (૬૩) પ્રચંડ પુણ્યની પ્રતીતિ

**પુ**ણ્ય એક એવી ચીઝ છે કે જો તમને તેનો ટેકો હોય તો રેતીમાં ય તમારા વહાણ તરે અને જો તેનો ટેકો ન હોય તો ખાબોચિયામાં ડૂબી મારવાનું થાય !!!

ધર્મ પુણ્ય માટે નથી કરવાનો કિંતુ બાયપ્રોડેક્ટ તમને ધર્મથી પુણ્ય મળી જ રહે છે.

ખેડુત ઘાસ ઉગાડવા ખેતી નથી કરતો, કિંતુ ધાન ઉગાડતાં ઘાસ ઉગી જ નિકળે છે અને તેને નકારી ય શકાતું નથી.

કર્મ જો બેડી છે તો પુણ્યકર્મ સોને

મઢેલી બેડીથી વિશેષ નથી.

કરેલું કોઈ પણ કર્મ ભોગવવું જ પડે છે તે તિર્યંચનું હોય કે તીર્થંકરનું હોય !

જન્મથી જ શરું થઈ જતાં જન્માભિષેકાદિ કૃત્યોનો તીર્થંકરો ય નિષેધ કરી નથી શકતાં તો કેવલજ્ઞાન થઈ ગયા પછી યે સવાર-સાંજ એક-એક પ્રહર (૩-૩ કલાક) દેશના મુલત્વી રાખી શકતાં નથી તીર્થંકર નામકર્મના ભોગવટા માટે જ તો !

અષ્ટકપ્રકરણમાં શ્રી હરિભદ્ર સૂ.મ. લખે છે -

*'...ह्युत्तमं पुण्यं, इत्थमेव विपच्यते...'* ઉત્તમ પુણ્ય = તીર્થંકર નામકર્મનો વિપાક આ જ રીતે થાય છે.

બાહ્ય વ્યવહાર શુદ્ધિ અને આન્તરપરિણતિ વિશુદ્ધિથી ઉત્પન્ન થયેલ શુભ તે શુભ્ર કર્મનો વિપાક સાહેબ પણ કેમે કરીને વારી શકે ?

દીક્ષાના ૪૦-૪૦ વર્ષ સુધી જેઓએ માત્ર આત્મા અને આગમને જ જોયો, માણ્યો છે તેમને અચાનક જ પુણ્યવિસ્ફોટ થતાં બહારના બધાં જ વ્યવહારો સાચવવા પડે ત્યારે તે જલ્દી 'સેટ' ન થાય તે તો સમજ્યાં પણ સાહેબ તો હજી ય 'સેટ' નથી થયા !

પ્રસંગો પર પ્રસંગોની હારમાળા ચાલે ત્યારે સાહેબ ઘણીવાર બોલી ઉઠે:

'મોટા સ્થાને બેઠા એટલે બધા આપણો જ આગ્રહ રાખે. બધે જ વચ્ચે બેસવા આપણે જવું પડે, આમાં અન્તર્મુખતા જળવાય શી રીતે ?'

અરે, સાહેબ ! વચમાં બેસીને ય આપ સ્વાધ્યાય કે લેખનનું જ કામ કરતાં હોય છે ને ! ત્યાં વળી અન્તર્મુખતા સાચવવાની વાત ક્યાં આવી? એ તો સ્વભાવગત જ થઈ ગઈ છે ને !

**અને ૪૦-૪૦ વર્ષ સુધી ખુણામાં બેસીને કોઈને ય ખ્યાલ ન આવે**

**તેવી જે આપે કમાણી કરી છે. તે પ્રગટ થતાં હવે તેનો 'ઈન્કમટેક્ષ' પણ ચૂકવવો નહિં પડે ?**

બળજબરી (!) પૂર્વક પોતાના પુણ્યને ભોગવતાં નહિં પણ દબાવતાં સાહેબ પુણ્યકવચમાં કેવા સુરક્ષિત છે? તેવો પુણ્ય પ્રચંડતાની આંશિક પ્રતીતિ કરાવતો નજરોનજર જોયેલો એક જ પ્રસંગ કહી સમાપન કરી દઉં.

'કુંભોજગિરિ- જહાજમંદિરની અંજનશલાકા પ્રતિષ્ઠા કરી પાછા વળતાં વડગાંવ થઈ તંડુલવાડીમાં આવ્યા. વડગાંવથી તંદુલવાડીની ૧૩ કિ.મિ. નો વિહાર હતો. લગભગ ૮.૦૦ વાગતાં અમે તંડુલવાડી વિહાર ધામમાં પહોંચ્યા. સાહેબ વ્હિલચેરમાં હતાં.

વિહારધામ આવતાં સાહેબ જેવા વ્હિલચેરમાંથી ઉતર્યા કે તરત જ વ્હિલચેરનું ડાબી બાજુનું આગળનું પૈડું છુટું પડી ગયું અને વ્હિલચેર બેલેન્સ ગુમાવીને આડી પડી ગઈ !!!

ઘડી પહેલાં તો જેના પર ૧૩ કિ.મિ. નો વિહાર કર્યો તે પૈડું એક જ સેકંડમાં છુટું પડી જાય ? શું સાહેબના પુણ્યટેકે જ તે ટકી ગયું હશે ને !

'કૃષ્ણ રથમાં હતાં ત્યાં સુધી કંઈ જ ન થયું, રથમાંથી ઉતર્યા ને રથ ભસ્મીભૂત થઈ ગયો' તે મહાભારતના પ્રસંગ-કૃષ્ણની સાથે પ્રસ્તુત પ્રસંગની સરખામણી કરવાનું મન ન થઈ જાય !

# (૬૪) ગુણભંડાર V/s જડભંડાર

**મો**બાઈલ, એસ.એમ.એસ., ઈન્ટરનેટ અને ઈ-મેઈલના આજના જમાનામાં ટપાલો અને પોસ્ટકાર્ડો લખવાનું લગભગ બંધ થઈ ગયું છે.

અદ્યતન સાધનોના ઉપયોગ કરતાં ટપાલો લખવામાં એક એ ફાયદો ખરો કે સ્નેહીજનના અક્ષરો તમે સંગૃહીત કરીને રાખી શકો છો અને એ સંગ્રહેલ અક્ષરોમાં જ્યારે ચાહો ત્યારે સ્નેહીજનના મુખ-પ્રતિબિંબને માણી શકો છો.

આજે સવારે જ મને સાહેબને પત્ર લખવાનું મન થયું. કાયમ સાથે રહ્યા માટે ખોટ (!) એ પડી કે એમના મારા

પ્રત્યેના અક્ષરો હું મેળવી ન શક્યો કે ન તો હું અક્ષર દ્વારા તેમને પામી શક્યો !!!

મનમાં થયું કે આજે સાહેબ સાથે-સંયમજીવનની માઁ સાથે પત્રથી વાત કરવી છે. અને કલમ ઉપાડી. એક બાળક જે રીતે પોતાની માઁ પાસે કાલુઘેલુ બોલે બસ, તેવું જ આલેખ્યું છે બુદ્ધિની દાંડીને બાજુએ મૂકીને.

''ગુરુમાઁ ! આજે હું માનસયાત્રા કરતો કરતો સાગરકિનારે પહોંચી ગયો. મને તેની ચાલમાં અભિમાનના દર્શન થતાં હતાં. થોડું ધારીને જોયું તો ખબર પડી કે તેને પોતાની વિશાળતા, અગાધ જલ, ઉંડાઈ અને ગંભીરતાનું અભિમાન હતું. તે મદમસ્ત હતો, પેલી નાની નાની ટેકરીઓ સાથે પોતાની લહેર રૂપી હાથ મિલાવીને નાચતો-કૂદતો હતો.

તેને પોતાની વિશાળતાનું અભિમાન હતું ને માઁ ! પણ તે તારી કરુણા પાસે ક્ષુદ્ર પૂરવાર થયો !

તેને પોતાના અગાધ જલનું અભિમાન હતું ને માઁ ! પણ તે તારા મધથી ય મીઠા વાત્સલ્યના વહેણ પાસે ખારું સાબિત થયું !

તેને પોતાની ઉંડાઈનું અભિમાન હતું ને માઁ ! પણ તે તારી આગમ રહસ્યના ઐદમ્પર્યાર્થ સુધી પહોંચવાની પ્રજ્ઞા સામે છીછરો થઈ ગયો છીછરો !

અને છેલ્લે તેને પોતાની ગંભીરતાનું અભિમાન હતું. તેને પાક્કો વિશ્વાસ હતો કે મારી ગંભીરતાની સામે કોઈ આંગળી ચીંધી શકે તેમ નથી તો મને હંફાવાની તાકાત કોની ?

પણ માઁ ! શું વાત કહું ? શું વાત કરું? એ સાગરની ગંભીરતામાં પણ ઉચાપતો હતી, ભરતી ને ઓટ હતી. જ્યારે તારી ગંભીરતા સ્થિર, નિર્મળ અને સ્વચ્છ હતી.

આ વાત મેં જ્યારે સાગરને જણાવી ત્યારે તે પણ શરમાઈને તારા

ચરણોમાં ઝૂકી પડ્યો.

અને તે સાથે જ 'દુનિયાની સર્વશ્રેષ્ઠ 'માઁ' પામવાના સૌભાગ્યને મેં પહેલીવાર મહેસૂસ કર્યું.

સાગરની આ સફરમાં હું બીજું તો કંઈ પામ્યો કે ન પામ્યો તેની મને ખબર નથી પણ માઁ ! મારી પાસે શું છે ? તે તો હું જરૂર જાણી શક્યો છું.

લિ.

સતત તારી સમીપે અને સાન્નિધ્યે રહેલો

છતાં ય તને પિછાણી ન શકનારો અબુધ બાળ.

# માંડવામાં માતંગજો...

## (૬૫)

**અ**તીતના ઝરૂખેથી ઉભાં ઉભાં જ્યારે ઈતિહાસનું અવલોકન કરીએ ત્યારે જણાઈ આવે છે કે શ્રી શત્રુંજયતીર્થ જેવા તીર્થોમાં ઉજવાતી અંજનશલાકા પ્રતિષ્ઠામાં શ્રી આનંદ વિમલસૂરીશ્વરજી વગેરે જિનશાસનના માતંગજો એક મંડપે મળ્યા અને ભળ્યા હતાં.

પણ, શું તમને ક્યારેય એવો વિચાર આવ્યો કે એક નાનુ'શું મંદિર હોય, ૩૧'' ના પ્રતિમાજી હોય, તે ય માત્ર ત્રણ જ, પ્લોટના ગેરેજ વિભાગમાં પ્રભુ પ્રતિષ્ઠાની વેદિકા રચાઈ હોય તેવા

જિનાલયની પ્રતિષ્ઠામાં એકથી અધિક આચાર્યોની નિશ્રા પ્રાપ્ત થાય ?

હા, થઈ શકે છે જો સાહેબજી જેવા સંઘએકતાના સૂત્રધારો હાજર હોય તો.

આખરે, બધું જ અસંભવિતને સંભવિત કરવા તો સાહેબનું અવતરણ થયું છે ને !

ત્યારની આ વાત છે જ્યારે માટુંગાનો શ્રીસંઘ સાહેબની પાસે વિનંતિ માટે આવ્યો હતો શ્રી સુમતિનાથ વિ. ૩ જિનબિંબ પ્રતિષ્ઠાની.

એક ભવ્ય ઈતિહાસના એ સમયે બીજ વવાયા જ્યારે સાહેબે સહજ સ્વરે કહ્યું કે 'હું એકલો જ શું કામ ? મુંબઈમાં બિરાજમાન માત્ર અમારા સમુદાયના જ આચાર્યો નહિં; કિંતુ તપાગચ્છના તમામ આચાર્યોને વિનંતિ કરો' !!!

માટુંગાની અને સાહેબની ત્યારથી લેનાદેની ચાલું થઈ જ્યારથી સાહેબના સહજ ઉચ્ચારાયેલ વચનોને માટુંગા સંઘ ઝીલતો થયો.

મુંબઈનો સુપ્રતિષ્ઠિત તે શ્રીસંઘ પ્રતિષ્ઠા-નિશ્રાપ્રદાનની વિનંતિ માટે સેન્ટ્રલ-વેસ્ટન અને હાર્બર ત્રણેય લાઈનમાં ફરી વળ્યો.

જ્યાં જ્યાં 'આચાર્ય ભગવંત બિરાજમાન છે'. તેવા સમાચાર મળ્યા કે વિનંતિ માટે તે સંઘ તરત જ ઉપડી જતો ઉલ્લાસભેર. તેમાં ય 'જે આચાર્ય હોય તે બધાને વિનંતિ કરો; મારાથી મોટા હોય તો ય' તેવી સાહેબની ઈચ્છા હતી. પછી ઉલ્લાસ અને ઉત્સવમાં ઉણપ શું હોય ?

મુંબઈ માટે જ નહિં, કિંતુ ભારતવર્ષ માટે તે સુવર્ણ દિન ઉગ્યો જે દિવસે યાને વિ.સ.૨૦૫૫, વૈ.વ.૧૩, તા. ૧૩-૫-૧૯૯૯ ના દિવસે માટુંગા કિંગસર્કલ, જીવણ અબજી ઉપાશ્રયના ગેરેજ જેટલાં નાના જિનાલયે એક સાથે ૨૫-૨૫ આચાર્ય ભગવંતોની પધરામણી થઈ.

તે દૃશ્ય જોવાનો બડભાગી હું ન'તો, કિંતુ જ્યારે માનસ ચિત્ર રચાય

ત્યારે ય રોમાંચ ખડા થઈ જાય છે. વિચાર તો કરો તે દશ્ય કેવું તરલ અને વિરલ હશે ? તે દશ્યને માણનાર પણ કેવા વિરલા હશે !

કેમેરાના નાના રોલમાં કેદ કરાયેલ તે દશ્યને જ્યારે જોઈએ ત્યારે હૃદય સહજભાવે બોલવા લાગેઃ

*'ते धन्ना जेहिं दिट्ठोसि !'*

'ત્યારે તમોને જેમણે જોયા હશે તે ધન્ય છે'.

એક ઈતિહાસ પછી બીજો ઈતિહાસ રચાય ત્યારે ઈતિહાસની સર્જનની પરંપરા ચાલે છે.

૨૦૫૫ની સાલ એટલે એકતિથિ-બે તિથિનો ભેદ ! સંમિલિત અને સંગઠિત થયેલ ૨૫ આચાર્યોએ તિન થોયના આ. શ્રી જયન્તસેન સૂરીશ્વરજીને નિવેદન પત્ર મોકલ્યો.

'અમારા સહુ તરફથી નિવેદન છે કે આપ પણ અમારી સાથે સંવત્સરી પર્વની આરાધના કરો.'

(યાદ રાખવું કે તિન થોય પક્ષની સંવત્સરી એકતિથિ સંઘ કરતાં એક દિન વહેલી આવતી હતી !)

'નિવેદન' શબ્દ તો માત્ર લખવામાં હતો સૂરમાં તો 'વિનંતિ' જ હતી! જેને આ. જયન્તસેન સૂ. સાંભળી શક્યા હતાં ! ૨૫ આચાર્યોના નિવેદનને કેમ ઠકુરાવાય ? શ્રીસંઘને માન આપી પોતાના છપાયેલ પંચાંગોને રદ્દ કરી પૂ. આચાર્યશ્રીએ પોતાના અનુયાયીઓ સાથે એક દિવસે આરાધના કરી.

હવે ઈતિહાસની પરંપરા ચાલી...

સાહેબ તો *'ईतिहास पढाने नहीं, बनाने आये है !!!'*

■

# (૬૬) એક ઐતિહાસિક અંજનશલાકા

સામે દેખાતાં એક પાષાણના ખંડમાં કેટલાક જીવોને માત્ર પથ્થરની બુદ્ધિ થાય છે, કેટલાકને કંઈક વિશેષ પ્રતિમાની બુદ્ધિ થાય છે, તો કેટલાક વિરલા જીવોને તેમાં સાક્ષાત્ પરમાત્માની બુદ્ધિ થાય છે.

પત્થરની બુદ્ધિવાળો જીવ પાષાણને માત્ર ચર્મચક્ષુથી જુવે છે. પ્રતિમાની બુદ્ધિવાળો જીવ જ્ઞાનચક્ષુથી જુએ છે તો પરમાત્માની બુદ્ધિવાળો જીવ આત્મચક્ષુથી દર્શન કરે છે.

એક અનઘડ પત્થર ઉપર જ્યારે શિલ્પકાર પોતાની કળાને ખીલાવે છે ત્યારે તેમાંથી એક નયનરમ્ય પ્રતિમાજીનું સર્જન થાય છે.

અને એ પ્રતિમાજી પર સુવર્ણની સળી દ્વારા

મધ્યરાત્રિએ જ્યારે આચાર્ય ભગવંત આત્મભાવથી પરમાત્મા સાથે એકલયતા સાધીને અંજન કરે છે, શક્તિપાત કરે છે ત્યારે તે પ્રતિમા પરમાત્માસ્વરૂપ બને છે.

આમ તો સાહેબની નિશ્રામાં અંજનશલાકા ઘણે ઠેકાણે થઈ છે કિંતુ એક ઐતિહાસિક કહી શકાય તેવી અંજનશલાકાનો પ્રસંગ માણી લઈએ.

વૈશાખ મહિનાના દિવસો હતાં. લોનાવલા ગોલ્ડવેલી બંગલોઝમાં નવનિર્મિત શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયની અંજનશલાકાને હજી એક વર્ષ પુરું થયું હતું.

સ્વદ્રવ્યથી જિનાલય નિર્માણ કરનાર કફ પરેડ નિવાસી ગુરુભક્ત દિલીપભાઈનો ભાવદીપ પ્રજ્વલિત થતાં બાજુની જગા લઈ નૂતન ઉપાશ્રયનું નિર્માણ કર્યું.

ઉપાશ્રયના ઉદ્‌ઘાટનના ઉપલક્ષમાં સાહેબ અલ્કેશ દિનેશ મોદી સ્ટડી સર્કલથી વિહાર કરી લોનાવલા ગામમાં પધારી રહ્યા હતાં.

વચમાં ગ્રીનહેવન આવ્યું. ત્યાં પૂ.આ.શ્રી દોલત સાગર સૂ.મ. ની નિશ્રામાં સતીશભાઈ નિર્મિત જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠાનો મહોત્સવ ચાલું હતો.

જિનાલય હાઈ-વે ટચ હોવાથી સાહેબ સાથે અમો સહુ દર્શન કરવા ગયા. તત્રસ્થ આચાર્યશ્રીને સમાચાર મળતાં તેઓ ય (સાહેબથી વડીલ હોવા છતાં) સામે લેવા આવ્યા. આગ્રહ કરી બાજુના બંગલામાં લઈ ગયા.

અને સાહેબનો રસ્તો રોકતાં કહ્યું: ‘આજની રાત આપે અહીં જ મુકામ કરવો પડશે. અને અંજનશલાકા આપે જ કરવી પડશે. મધ્યરાત્રીનું આ સમયનું મુહુર્ત છે. તે મારી રાશિ પ્રમાણે છે. પં. હરિકાન્ત વિ. ને કહી આપની રાશિપ્રમાણે મુહૂર્ત કઢાવી લ્યો.’

સાહેબ કંઈ કહે તે પહેલાં તો માણસ મોકલીને સતીશભાઈને બોલાવી

લીધા. સતીશભાઈને સાહેબનો પરિચય તો હતો જ.

'જુઓ, આ મોટા ગચ્છાધિપતિ છે અને અંજનશલાકા તેઓ જ કરશે. બરાબર ને !' પૂ. આચાર્યશ્રીએ વિધાનાત્મક પ્રશ્ન પૂછીને સતીશભાઈને જવાબ આપવા માટે કંઈ બાકી જ ન રાખ્યું !

સતીશભાઈ આનંદમાં આવી ગયા. આ તો 'બગાસું ખાતા પતાસું મળ્યું' તેવી વાત થઈ.

સાચે જ, વિહાર રોકાઈ ગયો. આગળ ગયેલા મહાત્માને રિવર્સ કર્યા. આગળ મુકામે પહોંચેલો સામાન રિટર્ન થયો.

મધ્યરાત્રીના મંગલ મુહૂર્ત આવતાં સાહેબે પૂ. આચાર્યશ્રીને વિનંતિ કરતાં કહ્યું : ચાલો, આપ પણ પધારો. સાથે અંજન કરીએ.'

તે દશ્યના સાક્ષી બનેલ મેં સગે કાને જે ઉત્તર સાંભળ્યો તેઓના જ શબ્દોમાં :

'અંજન તો આપે જ કરવાનું હોય, માટે તો આપને રોકી રાખ્યા છે.' છેવટે બન્ને ય આચાર્યોએ સાથે અંજન કર્યું.

પ્રતિષ્ઠા માટે ય આગ્રહભરી વિનંતિ હોવા છતાં ગોલ્ડવેલીના ઉપાશ્રયનો ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ હોવાથી અમે રોકાઈ ન શક્યા. કિંતુ પ્રભુની પ્રતિષ્ઠા મંદિરમાં થાય તે પહેલાં મનભરીને પ્રભુના દર્શન કરી, હૃદયમાં પ્રભુની પ્રતિષ્ઠા કરી અમે વિહાર કર્યો.

**કદાચ ઈતિહાસમાં પહેલીવાર આવું બન્યું હશે કે પ્રતિમાના શિલાલેખ પર કોઈ બીજાનું નામ હોય અને અંજન કોઈક બીજા જ આચાર્યના હાથે થયું હોય !**

■

# (૬૭) શતાબ્દીની અનોખી ઉજાણી અને ઉજવણી !

**વિ.** સં.૨૦૬૭ ની સાલ એટલે અમારા સમુદાય માટે એક પરમાનંદની સાલ !

વિ.સ.૨૦૬૭ની સાલ એટલે ઉપકૃત શ્રાવક વર્ગ માટે એક પરમોત્સવની સાલ !

વિ.સ.૨૦૬૭ ની સાલ એટલે સકલ શ્રીસંઘ માટે એક પરમોલ્લાસની સાલ!

સહેજે તમને પુછવાનું મન થશે કે 'કેમ ?' જરા આંખ સતેજ કરજો તો 'શતાબ્દી' વંચાશે. જરા કાન સવળા કરશો તો 'શતાબ્દી' નો રણકર સંભળાશે અને જરા સ્પર્શ સતર્ક કરશો

તો 'શતાબ્દી' નો રોમાંચ ખડો થશે.

ટુંકમાં, ૨૦૬૭ નું વર્ષ એટલે પરમોપકારી, સંઘએકતાકારક, ન્યાયવિશારદ, ઈષ્ટફલસિદ્ધિવાદ વિજેતા, વર્ધમાન તપોનિધિ પરમારાધ્યપાદ ગુરુદેવશ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજાનું જન્મ શતાબ્દી વર્ષ...

નોખી, અનોખી રીતે શ્રી શ્રમણસંઘ અને શ્રાવકસંઘે આ વર્ષ ઉજવી રહ્યું છે.

એક શુભ આલંબનને લઈ શ્રમણ-શ્રમણી સંઘમાં તપ-જપ-સ્વાધ્યાય વૈયાવચ્ચ-અપ્રમત્તતાના યોગોમાં છોળો ઉછળી છે તો શ્રાવક-શ્રાવિકા સંઘમાં ય ૫૦૦-૨૫૦-૧૦૮ આયંબિલની આરાધના, ગુરુદેવના નામે વિહારધામો અને ઉપાશ્રયોના લાભો વગેરે દાન-શીલ-તપ ત્રણે ય ધર્મોનો ભાવ ઈન્ડેક્ષ આસમાને પહોંચ્યો છે.

શતાબ્દી પર ગુરુદેવના ચરણે કો'કે ફૂલ ચઢાવ્યું તો કો'કે ફૂલ નહિં તો ફૂલની પાંખડી ધરી.

**પરંતુ સાહેબે** ?

સાહેબે તો આખો ફૂલદસ્તો જ અર્પણ કર્યો !

શતાબ્દી નિમિત્તે કો'કે તપ કરી ઉત્સવ મનાવ્યો તો કો'કે જાપ-મૌન કરી ઉત્સવ મનાવ્યો. કો'કે કઠણ ગ્રન્થનો સરળ અનુવાદ કરી આનંદ માણ્યો તો કો'કે ગ્રન્થ સંશોધન-પ્રમાર્જન કરી આનંદ લૂટ્યો. કો'કે ગુરુદેવ વિષે લોકભોગ્ય પુસ્તકો લખી સંતોષ સ્વીકાર્યો તો કો'કે સંસ્કૃતમાં નવસર્જન કરી સંતોષનો શ્વાસ લીધો.

**પણ સાહેબ ?**

સાહેબ, ન તો તપ-જપ કર્યા કે ન અનુવાદ કે સંશોધન કર્યા કે ન તો પુસ્તક લેખન કે નવસર્જન કર્યું. સાહેબે તો શતાબ્દી સાથે પોતાના

જીવનવર્ષોને વણી લીધા !

શતાબ્દી મહોત્સવ કો'કે ત્રિદિવસીય કર્યો, કોકે પંચદિવસીય કર્યો તો કો'કે નવદિવસીય કર્યો.

**પણ સાહેબ ?**

સાહેબે તો જાણે કે ત્રિવર્ષીય મહોત્સવ ઉજવ્યો.

શી રીતે ?

પોતાના જીવનની યાદગાર જ્યુબિલીઓને અર્પણ કરીને !

કેવો દુર્લભ યોગાનુયોગ ! કેવો સુંદર ઋણાનુબંધ ! સ્વર્ગસ્થ ગુરુદેવશ્રીની જન્મશતાબ્દીની આસપાસ સાહેબના જીવનની ૩ જ્યુબિલીઓ સ્વાભાવિક ગોઠવાઈ ગઈ.

વિ.સં.૨૦૬૫નું વર્ષ એટલે આચાર્ય પદવીની સિલ્વર જ્યુબિલી.

વિ.સં.૨૦૬૬નું વર્ષ એટલે સંયમ સ્વીકારની ડાયમંડ જ્યુબિલી.

તો વિ.સં.૨૦૬૭ નું વર્ષ એટલે જન્મની પ્લેટીનમ જયુબિલી.

**જાણે કે પોતાના વ્યતીત થયેલાં ૭૫ વર્ષના જીવનની આરાધનાઓ,**

**૬૦ વર્ષનું નિર્મળ ઝળહળતું સંયમ, અને**

**૨૫ વર્ષની એક મહાન જૈનાચાર્ય તરીકેની શાસનસેવા જન્મ શતાબ્દી પર્વે સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણે ધર્યા !**

**સાહેબે શતાબ્દીમાં શિષ્યોમાં અને સંઘમાં લખલૂટ આરાધનાની ઉજાણી કરી તો સ્વયં ઉજવાણી પણ કરી !**

■

## (૬૮) દિવ્યજ્ઞાનમાં દિવ્ય સાહિત્ય

ત્રિષષ્ટી શલાકા પુરુષ મહાચરિત્ર ગ્રન્થના રચયિતા કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચન્દ્રાચાર્યજીના સંદર્ભમાં એમ સાંભળ્યું છે કે

'તેઓએ કોઈ દેવીની આરાધના કરી. એ આરાધનાથી પ્રસન્ન થયેલ દેવીએ ઈતિહાસ વિષયક દળદાર ગ્રન્થ આપ્યો માત્ર એક જ રાત્રી માટે. પટુધારણા શક્તિવાળા કલિકાલ સર્વજ્ઞશ્રીએ એ ગ્રન્થ એક રાતમાં, માત્ર વાંચ્યો જ નહિં, પણ ધારી લીધો.

જેની ફળશ્રુતિ એટલે ૬૩ શલાકાપુરુષના ચરિત્ર વર્ણન કરતો એકમાત્ર મહાગ્રન્થ એટલે

'ત્રિષષ્ટિ શલાકા પુરુષ.'

છ મહિના પહેલાં પુછેલાં પ્રશ્ન 'વાલ' ના

અનુસંધાનમાં છ મહિના પછી મળેલ ઉત્તર 'ગોળ'થી સુપ્રસન્ન થયેલ શાસનદેવીએ અર્પેલ ગ્રન્થના માત્ર પહેલાં શ્લોક પરથી નૂતન ગ્રન્થ રચનાની શકિત ધરાવનાર શ્રી મલ્લવાદીસૂરીશ્વર પ્રણીત ગ્રન્થ એટલે 'દ્વાદશાર નયચક્ર.'

બસ, આવી જ કો'ક પૂર્વકાલીન ગ્રન્થસર્જનની સ્મૃતિ ઢંઢોળતું વર્તમાનકાલીન સર્જન એટલે દિયાણા સાહિત્ય.

વિ.સં.૨૦૧૯ ની વાત છે. દિયાણા નામના તીર્થમાં થયેલ સંકેત મુજબ ત્રણ મહાત્માએ અઠ્ઠમનો તપ કર્યો અને આબંલીના પાણીથી પારણું કર્યું. દૈવ (ભાગ્ય) અને દેવની સહાયે તે ત્રણ મહાત્માઓના હાથે દિવ્યસાહિત્યનું સર્જન થયું. તેમાંના એક એટલે મુનિ જયઘોષ વિજય.

એક જ દિવસમાં ૫૦૦ શ્લોકની રચના થઈ. અને પછી દિવસો સુધી એ સર્જન યાત્રા ચાલી.

ચાલો, તે યાત્રાના આપણે ય મુસાફિર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીએ માત્ર એક એક પગલું માંડીને !

**(૧) પુણ્યપાપ અધ્યયન : (ટોટલ ગાથા ૫૬)**

*''पुण्णपावफलं नच्चा, णच्चा जीविअं दुल्लहं ।*
*धम्मसद्दहणं णिच्चं, कायव्वं बुद्धिमंतेहिं'' ॥१॥*

**(૨) મોક્ષમાર્ગસાધના અધ્યયન : (ટોટલ ગાથા ૨૫)**

*''मोक्खमग्गस्स परमोवायं सम्मत्तणाणचरणं य ।*
*णायव्वं संजुत्तं अक्खलियं विसेसओ भणिअं'' ॥२॥*

**(૩) બ્રહ્મચર્ય અધ્યયન : (ગાથા ૬૨)**

*''बंभसद्दनिरुत्ति निक्खेव णय-भेअ भावबंभं च ।*
*ताण अवाय सप्पभेआ, तह ताण वज्जणोवाय'' ॥१॥*

*(४) महातवविभत्ति अज्झयणं (गाथा ५६१)*
*''महातवो जेण य जायइ, पइक्खणं महाणिज्जरणं ।*
*सुचिक्कणकम्मखंधाण, खवइ खणमेत्तेण महापुंजं'' ।।३।।*

*(५) संजमस्स णं भंते किं सरुवं ? गोयमा ! तिगरणजोगेण छज्जीवनिकायपरिपालणं तयत्थमेव सेसमहव्वयाइपरिपालणं । छज्जीवनिकायपालणं तिविहं पन्नत्तं संघट्ट-परियावण - उद्दवणवज्जणं...* (૨૦૦૦ શ્લોકપ્રમાણ ટીકા)

**(૬) વિનય વિવેક સ્વરૂપ અધ્યયન :**

*विनय :-*
*विणायसरुवं तज्जणयकारणं तप्फलं विसेसओ सुहुमबुद्धिणा बोहव्वं।*
*अण्णहा जम्मजम्मेसु, विणयसंपत्ति ण पाविस्सं ।।१।।*
(૧૭૩ ગાથા)

*विवेक :*
*विणयसंपइ जुत्तो, जम्मजम्मेसु लद्धिं पाविति ।*
*लोइयफलं देवभवणं, लोउत्तरीयं तु मोक्खवहि'' ।।१।।*
(૧૭૪ થી ૩૦૧ ગાથા)

■

## (૬૯) આગમનીતિની અપેક્ષાએ રાજનીતિમાં !

**વિ**શેષાવશ્યકભાષ્ય નામના ગ્રન્થના પ્રારંભમાં જ જે મતિજ્ઞાન + શ્રુતજ્ઞાનની વિશદ ચર્ચા આવે છે, જો કોઈ શ્રુતરસિયો ન હોય તો તે વાંચતાં બોર થઈ ગયા વિના ન રહે.

પણ, શ્રુતરસિયાને તો તે બોરની ખટાશ ન લાગતાં આંબાની મધુરતા ભાવી જાય છે.

શ્રુતજ્ઞાન અને મતિજ્ઞાન જો જ્ઞાનના પેટાભેદ તરીકે ભિન્ન છે તો વળી દોરાની માફક એકબીજા સાથે વણાયેલાં ય છે. અનેકાન્તવાદમાં ભિન્નાભિન્ન હોય તેમાં દોષ શું ?

દુનિયાનો એકે ય જીવ એવો નહિં મળે, જેની પાસે મતિજ્ઞાન હશે પણ શ્રુતજ્ઞાન નહિં હોય, તો એકે ય જીવ એવો નહિં મળે, જેની પાસે શ્રુતજ્ઞાન હશે પણ મતિજ્ઞાન નહિં હોય.

કારણ ? બન્ને ય સહચારી, સહભાવી અને અવિનાભાવી છે.

ભલે રહ્યાં બે ય સાથે, કિંતુ ક્ષયોપશમના ભેદે બે ય જ્ઞાનનું પરસ્પર તારતમ્ય રહેતું હોય છે.

એવા કો'ક જોવા મળશે જે પોથીપંડિત હશે પણ વ્યવહારનો એક્કોય માંડતાં નહિ આવડતો હોય, તો એવા ય જોવા મળશે કે બુદ્ધિ ઘણી હશે પણ શાસ્ત્રની બાબતમાં પનો નાનો પડતો હશે !!!

સાહેબ પાસે શ્રુતજ્ઞાનની પ્રકૃષ્ટતા છે તો શ્રુતાનુસારી મતિજ્ઞાન કે અશ્રુતાનુસારી મતિજ્ઞાન પણ કંઈ ઉણું ઉતરતું નથી.

ભલભલાં પોલિટીશિયનોને જે બત્તી ન થાય તે વિચાર સાહેબને ઝબૂક્યો. જેના ફળસ્વરૂપે પ્રવચન પ્રભાવક પૂ.આ.શ્રી રત્નસુંદર સૂરિજી મહારાજના દિલ્હીમાં ચાર ચાતુર્માસ થયા.

**આશ્ચર્ય તો હવે થશે કે રણભૂમિ પર આચાર્યશ્રી ઉભાં હતાં પણ પથદર્શન મુંબઈથી સાહેબ કરી રહ્યા હતાં ! જેમને આપણી વ્યવહાર દૃષ્ટિથી કહીએ તો જે રસ્તે જેઓ ગયાં પણ નથી અને જે રસ્તો જેઓએ જોયો પણ નથી તેવી વ્યક્તિ દૂર બેઠાં બેઠાં ક્યા રસ્તેથી ક્યાં જઈ ક્યાં ટર્ન લેવો તેનું માર્ગદર્શન પૂરું પાડતી હતી !!!**

આચાર્યશ્રી દિલ્હી પહોંચ્યા ત્યારથી સાહેબનું સૂચન હતું કે સોનિયા ગાંધી સહિત મુખ્ય રાજનેતાઓ, ન્યાયાધીશો, વકીલો, સચીવો, અમદારો તથા અન્ય ધર્મના વડા ધર્મગુરુઓને મળી તેમની સાથે વાર્તાલાપ કરો અને સાચી વિચાર દિશા આપો.

ચાર વર્ષમાં ચાવીરૂપ આવી અનેક વ્યક્તિઓ સાથે મુલાકતો થઈ. ઘણા

પ્રયત્નને અંતે આચાર્યશ્રીની સોનિયા ગાંધી સાથે પણ મુલાકાત થઈ. જેની ફળશ્રુતિ માત્ર જૈનસંઘ નહિં, કો'ક સમાજ નહિં પરંતુ ભારતવર્ષ માણી રહ્યું છેઃ સેક્સ એજ્યુકેશન પરનો પ્રતિબંધ, ચેરીટેબલ ટ્રસ્ટમાં ગુપ્તદાન પર કર માફી વગેરે ....

એક અનુભવી શ્રાવક સાથેની મીટીંગ હતી. જેમાં વાત ચાલી રાજકારણમાં જૈનસંઘના વર્ચસ્વની.

'શક્તિશાળી અને સમર્પિત શ્રાવકોના વર્ગને રાજકીય પક્ષમાં મોકલવા. શ્રાવકોના સંગઠન માટે સાધુઓનું સંગઠન આવશ્યક.' શ્રાવકની આ વાતમાં ચાણક્ય જેવો ઉત્તર આપતાં સાહેબે કહ્યુંઃ

'રાજકારણમાં કામ એકતાથી નહિં, સત્તાથી થાય છે. રાજા કામ કરે તો ૯૮ સારા થાય અને ૨ ખોટા થાય. જ્યારે સમિતિ કામ કરે તો બે કામ સારા થાય ૧૨ ખોરવાઈ જાય અને બીજા તો થાય જ નહિં !'

**'છાપાઓ વાંચીએ તો જ કરંટ ટોપિકની ખબર પડે અને હવે કયા કદમ ભરવાં તે વિચારી શકાય' ના લોકવાયકાને, જિંદગીમાં છાપા કે ચોપાનિયાને હાથ પણ ન લગાડનાર સાહેબે અસત્ય સાબિત કરી દીધો !**

■

# અકથિત ભાવો

# (૭૦)

કેટલાક ભાવો એવા હોય છે જે અનુભવી શકાય છે પણ વર્ણવી શકતાં નથી. જ્યારે કેટલાક ભાવો વર્ણવી શકાય એવા હોય છતાંય બોલી શકાતાં નથી અત્યંત લાગણીભીનાં હોવાથી જ તો !

જ્યારે હૈયામાંથી વાચા નિકળે છે ત્યારે હોઠની વાચા હણાઈ જાય છે.

સાહેબની સાથે રહીને, અતિનિકટના પરિચયમાં આવીને મેં જે લાગણી અનુભવી છે; તે લાગણીને, મારી બધી જ વાતો સાહેબને કરવા છતાં આજ દિન સુધી હું પ્રગટ કરી શક્યો નથી. તે કેટલાટ ન કહેવાયેલાં ભાવોને, જે હું બોલીને કહેવા સમર્થ નથી; તે લખીને સાહેબને જણાવું છું.

– યાદ આવે છે તે કુંભોજગિરિનો છાપરાવાળો હોલ! જ્યાં જહાજમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગે આપણે રોકાયેલાં હતાં. મહા માસની કડકડતી ઠંડી, પતરાના હોલમાં ધાબળો ઓઢીને ય ન સૂઈ શકાય તેવી!

પાછળ નાનકડી સ્લેપવાળી એક રુમ ! જ્યાં દરરોજ રાતે આપણે સૂવા જતાં. ત્યાં જ્યારે મને તાવ આવ્યો ત્યારે મને પેલી રુમમાં જ સૂતો રાખીને આપ બહારના છાપરાવાળા હોલમાં જ સૂઈ જતાં.

– યાદ આવે છે તે મારો પ્રારંભિક અભ્યાસકાળ ! જ્યારે પાયાના પાઠ સ્વરૂપ મારે સંસ્કૃત-પ્રાકૃત-પ્રકરણાદિનો અભ્યાસ ચાલતો હતો, ઉંમર મારી નાની હતી ત્યારે પણ, પ્રસંગોની હારમાળા વચ્ચે ય મારા અભ્યાસની પૂરેપૂરી કાળજી તો લેતાં જ, સાથે સાથે 'બાલમુનિ'ના લેબલ હેઠળ ક્યાંય બાહ્યભાવમાં ન લેપાઈ જાઉં તેની ય પૂરેપૂરી તકેદારી રાખતાં.

– યાદ આવે છે પેલો કોલ્હાપુર શાહુપુરીનો ઉપાશ્રય ! જ્યારે અનુમાન ખંડ ભણતાં ભણતાં હું થાકી ગયો, નિરાશ અને હતાશ થઈ ગયો ત્યારે પૂ. આ. શ્રી અભયશેખર સૂ. મ. ને આપે જણાવી દીધું હતું કે હમણાં તમારા કામ અને પાઠ ગૌણ કરીને ય ગુજરીબજાર પ્રતિષ્ઠા મહોત્સવમાં ય સમય કાઢીને તમારે આને અનુમાનખંડ પૂરો કરાવવાનો છે.

– યાદ આવે છે પેલી ભિવંડીની વહેલી સવાર! જ્યારે જિનાલયથી આવ્યા બાદ ઉપાશ્રયમાં આંટા લગાવતાં મેં આપને પૂછ્યું હતું : 'ભુવનભાનુ ષટ્ત્રિંશિકા' ગ્રંથ લખું છું તે મારો ક્ષયોપશમ, ઉંમર અને દીક્ષાપર્યાય મુજબ બરાબર છે ને?

'આ તો ત્રીજી ચોપડી ભણનારો મેટ્રિકની પરીક્ષા આપે તેવું છે.' તેવા આપના પ્રશ્નની સામે જ્યારે મેં પૂછી લીધું કે : 'એમાં હું ૩૫ ટકા પાસ ખરો કે નહીં?'

'તું ૯૦ ટકા પાસ છે.' તે ઉત્તરે ને ગેલમાં લાવી દીધો હતો. મારી પ્રત્યેક ઉદાસીન પળોમાં આપે ઉત્સાહની ચેતનાનો સંચાર કર્યો છે.

– યાદ આવે છે પેલો ઈર્લાનો ઉપાશ્રય ! જ્યારે પંડિત પારસભાઈ પાસે વ્યાપ્તિપંચક વગેરે ન્યાયનો અભ્યાસ કરવાનો હતો ત્યારે આપે પંડિતજીને કહી દીધું હતું : 'ભલે લોકમાં કહેવાય કે 'તું ભણાવે છે' પરંતુ પાઠમાં તારે બેસવાનું જ. જાણે રત્નભાનુ તને ભણાવે (!) એ રીતે પાઠ કરવો. તેમાં જ્યાં એ ભૂલ કરે તેટલું જ તારે સમજાવવાનું. નહીં તો એ જાતે ભણતો ક્યારે થશે?'

– યાદ આવે છે તે મારી કષાયની પળ ! જ્યારે મને ઠંડો પાડતાં આપે સરસ સમજાવ્યું હતું કે ***'ज्ञानस्य फलं विरतिः'*** જો તારે જ્ઞાનનું ફળ મેળવવું હશે તો વિરતિ લાવવી જ પડશે.

મારા આલોકની સાથે પરલોકની ય ચિંતા!

મારા ઔદારિકદેહની સાથે આત્માની ય રક્ષા!

મારી વચનગુપ્તિની સાથે મનોગુપ્તિની ય કાળજી!

સાહેબ! આવી તો આપની કેટકેટલી લાગણીઓ વરસી છે કે જેનાથી હું પલળ્યો હોઈશ પણ જેનો મને ખ્યાલ સુદ્ધાં નહિ આવ્યો હોય !!!

સાહેબ !

**આખી જિંદગી આપે મારા મનને સાચવી રાખવાનું કાર્ય કર્યું છે હવે એવા આશિષ આપજો કે આપની આજ્ઞા હું જાળવી શકું !**

■

## (૭૧) તેહની આણ ન ઉત્થાપીએ....

જિનશાસન 'અહિંસા પરમો ધર્મઃ' માં નહિં કિંતુ 'જિનાજ્ઞા પરમો ધર્મઃ' ને 'ગુર્વાજ્ઞા પરમો ધર્મઃ' માં માને છે.

આત્મગગનમાં વિહરણ કરવાની ઈચ્છાવાળા વિહગે દેવ અને ગુરુની આંખ મેળવવી જરૂરી છે.

એ આંખ મુમુક્ષુને રસ્તો દેખાડશે તો મુમુક્ષુની પુરુષાર્થની પાંખ તેને ઈષ્ટ-લક્ષ્ય સ્થાને પહોંચાડ્યા વિના નહિ રાખે.

ભાવના માસખમણ કરવાની હોય પણ ગુરુ જો નવકારશી કરવાનું કહે તો

તે નવકારશીમાં મોક્ષ અપાવાની તાકાત ધરબાયેલ છે. ગુર્વાજ્ઞા વિરુદ્ધ કરેલું માસખમણ પણ મુક્તિપુરીના દ્વારે અર્ગલા બની જાય!

એમાં ય જ્યારે કદાચ ગુર્વાજ્ઞા શિષ્યને માટે શાપ રૂપ બની જાય ત્યારે 'લાતો કે ભૂત બાતો સે નહીં માનતે' તેવી વલે થઈ જતી હોય છે.

સાહેબની થતી સુનવણી પણ ચેતવણી હોય છે અને એ ચેતવણીથી આપણે ચેતી ન જઈએ તો તેમાંથી ચિનગારી નિકળતાં વાર નથી લાગતી.

બીજાની ક્યાં વાત માંડું ? મારો જ બનાવ જણાવી દઉં :

કુંભોજગિરિ જહાજમંદિર પ્રતિષ્ઠાના એ દિવસો. મહોત્સવના પ્રથમ દિવસે સવારે કાપ, પછી નવગ્રહ પાટલાપૂજન વગેરે થયા બાદ પડિલેહણાદિ ક્રિયા પતાવી બપોરે ૨.૦૦ વાગે કામળી-દાંડો લઈ સાહેબને મત્થએણ વંદામિ કરીને કહ્યું : 'ઉપર જગવલ્લભના દાદાની યાત્રા કરીને આવું?'

'પણ પહેલાં આરામ કરી લે તો ?'

'તો જાત્રા રહી જશે !'

'એક દિવસ ન થાય તો શું ફર્ક પડી જશે ?'

'મારી ઈચ્છા છે કે માત્ર ૧૪ દિવસ જ અહિં સ્થિરતા છે તો વગર બ્રેકે દરરોજ યાત્રા કરવી.'

સાહેબ ઉત્તરમાં બોલ્યા તો માત્ર 'સારું' જ. પણ તેની પાછળ રહેલું મારા આત્મહિતનું હું 'બુરું' જોઈ ન શક્યો. તેની પાછળની ચેતવણી સમજી ન શક્યો.

નિકળી ગયો યાત્રા કરવા. બે કલાક પછી જ્યારે યાત્રા કરીને નીચે ઉતરતો હતો ને તાવની કસર લાગવા માંડી. ઉપાશ્રય આવ્યો ત્યાં સુધીમાં તો તાવ ૨ ડીગ્રીએ પહોંચ્યો!

કુંભોજના નાના ગામડામાં પશુના ડોક્ટર સિવાય કશું મળે નહિં !

એક ડોક્ટર આવે, ગોળી નહિં પણ ગોળાઓ આપે, ઈન્જેકશન ઘુસાડે પણ ફેર કોઈ ન પડે.

મારી હાલત તો ત્યાં સુધી બગડી ગઈ કે સંથારામાંથી ઉભા થવાની પણ તાકાત ન રહી. ત્યાં યાત્રા કરવાની વાત જ ક્યાં?

જોત જોતામાં બારમો દિવસ - પ્રતિષ્ઠાનો દિવસ આવ્યો. સહુ ગયા જહાજમંદિરની પ્રતિષ્ઠામાં. ઉપાશ્રયમાં હું એકલો જ ! સાહેબની વાત ન માની તેના પરિણામે !

બીજે દિવસે દ્વારોદ્‌ઘાટન થઈ ગયું. સાંજે વિહાર, પણ પગમાં ચાલવાનું જોમ ક્યાં હતું ?

બેઠો વ્હીલચેરમાં, નીચેથી જ જગવલ્લભદાદાને મનોમન વંદન કરી લીધા. વ્હીલચેરમાં બેઠા-બેઠા જ જહાજમંદિરની નૂતનપ્રતિમાને વંદન કરી લીધા.

હવે પછતાવો થાય છે કે સાહેબનું સીધી રીતના માનીને જો તે દિવસની એક યાત્રા છોડી હોત તે બાકીની ૧૧ યાત્રા તો થઈ શકત !

પણ મારી પોતાની દોડાવા ગયો તેમાં એક યાત્રાના લાભે ૧૧ ખોવાનો વારો આવ્યો !!!

આ અનુભવ પરથી મારું આચરણ પેલા 'મા સાહસ' જેવું થઈ ગયું છે!

■

# (૭૨) નિર્મળતા, શીતળતા અને સમતાનું પ્રયાગતીર્થ !

જેમ કોઈ પણ વ્યક્તિ સર્વથા દોષ રહિત નથી હોતી તેમ તે પણ ખ્યાલમાં રાખવા જેવું છે કે કોઈ પણ વ્યક્તિ સર્વથા ગુણ રહિત પણ નથી હોતી.

જેમ ઉજ્જવલ વર્ણની વસ્તુમાં ઓછે અંશે ય કૃષ્ણવર્ણ તો રહેલો જ છે. તેમ કાળીભીંગ વસ્તુમાં ય થોડે અંશે ઉજ્જવલતા સમાયેલ છે. તે માન્યતાને માનનાર કયો સાધુ પુરુષ ચોરમાં ય ગુણ જોવાનું ચૂકી જાય !

ઘણીવાર એવું બનતું હોય છે કે જલ્દીથી આંખે ચઢી જતાં એક દોષને કારણે વસ્તુના ૯૯ ગુણો ઢંકાઈ જતાં

હોય છે !

પાણીની બાબતમાં આવું જ બન્યું છે. પાણીનો દોષ એટલો જ કે તેને ઢાળ મળે કે તરત જ નીચે ઉતરી જાય !

પણ એમ તો કઈ વસ્તુ ઢાળ મળતાં નીચે નથી સરકી જતી ? પેલા સાયક્લિસ્ટને ય ઢાળ ઉતરતાં બ્રેક નથી પકડી રાખવી પડતી ? તો શું તેમાં સાઈકલનો દોષ ?

જ્યારે સાહેબને જોઈએ તો પેલો નીચે સરકી જવાનો તો દોષ ભૂલાઈ જાય પણ સાથે પાણીના ઘણા ગુણો ઉજાગર થઈ જાય છે.

(૧) પાણી નિર્મળ છે. પાણીમાં નાખેલાં કચરાને પાણી ક્યારેય પકડી નથી રાખતું. કચરો બધો જ તળિયે નાખી દઈને સ્વયં નિર્મળ રહે છે.

સાહેબની પાસે નાખેલાં માન-સન્માન કે અપમાનના કચરાને સાહેબ ખંખેરી નાખીને સ્વયં નિર્મળ રહે છે. સાહેબ તો 'માન'ને ય કચરો જ માને છે ને !

(૨) પાણી શીતલ છે. પાણીનો સ્વભાવ જ ઠંડો રહેવાનો અને ઠંડક આપવાનો. પાણી ગમે એટલું ઉકાળો, તે સ્વયં બાષ્પ થઈ જશે પણ આગ તો નહિં જ ઓકે !

ઉકળેલું, નવસેકું પીધેલું પાણી પણ આખરે તો ઠંડક જ અર્પે છે. જ્યારે ઠંડો આઈસ જેવો કેરીનો રસ પણ ગરમ પડે છે. કારણ કે કેરીનો સ્વભાવ જ ગરમ છે !

સાહેબને તમે ગમે તેટલા ઉકાળો પણ ક્યારેય સાહેબમાંથી આગ નહિ નીકળે.

અને સાહેબની નવસેકી હિતશિક્ષા ય જો પી જઈએ તો આત્મઠંડકનો અનુભવ થયા વિના રહેતો નથી. કારણ ?

સ્વયં ઠંડા રહેવું અને ઠંડક આપવી તે તો સાહેબનો સ્વભાવ છે.

*'उवसमियव्वं, उवसमावियव्वं'* કલ્પસૂત્રનું વચન તો સાહેબ પૂર્વભવથી જ આરાધિને આવ્યા છે ને !

(૩) પાણીનો મુખ્યગુણ છે 'સમભાવ' નો !

ક્યારેય કોઈ તળાવ, નદી, સમુદ્રની સફરે ગયા હશો તો પાણીનો આ ગુણ જોયો હશે પણ માણ્યો નહિં હોય !

નીચેનું તલ ચાહે ગમે તેટલું વિષમ હોય પણ પાણીની સપાટી તો 'સમ' જ રહે છે.

**સમુદ્રના કિનારા પર પાણી જે સપાટીએ હોય છે, સમુદ્રની મધ્યભાગે પણ તે જ સપાટી હોય છે !**

**દ્રવ્ય, ક્ષેત્ર કે કાળની ગમે તેવી વિષમતા થાય, પરિસ્થિતિ ગમે તેવી પલટો મારે પણ સાહેબના ભાવની-મનના અધ્યવસાયની સપાટીમાં કોઈ જ ફર્ક નથી પડતો !**

કોઈ પ્રશંસા કરે કે કોઈ ગાળો ભાંડે, કોઈ સન્માન આપે કે કોઈ અપમાન કરે, કોઈનું વલણ ઉપકારનું હોય કે કોઈનું અપકારનું હોય સાહેબની ઉદાસીનભાવની, દષ્ટાભાવની સપાટી કાયમ 'સમ' જ રહી છે !

'વારિ' (=પાણી) ના આવા ગુણોને આત્મસાત્ કરનાર સાહેબ પર વારી જવાનું મન કેમ ન થાય?

■

# દેહની વિભાવના અને આત્માની ભાવના

## (૭૩)

જ્ઞાન મેળવવું અને પરિણમાવવું એ જેમ અલગ તેમ જ્ઞાનનું પુનરાવર્તન કરવું અને સંસ્કાર પાડવા તે ય અલગ!

હોઠ ફફડે અને હૈયે કશું જ ન અડે તે લુખ્ખું પુનરાવર્તન; જેમાં માત્ર બારાખડીના, કક્કાના માત્ર શબ્દો જ બોલવાના હોય !

સૂત્ર હોઠેથી નિકળે અને અર્થ હૈયાને સ્પર્શી જાય ત્યારે આત્મામાં વિશેષ સંસ્કાર પડે છે જે અનુપયોગ અવસ્થામાં, સૂષુપ્ત અવસ્થામાં ય જાગ્રત જ રહે છે.

**દેહની વિહ્વળતામાં ય મનની સ્વસ્થતા ટકાવી રાખે તે સંસ્કાર.**

સાહેબના શ્રીમુખે તો યોગવિષયક ગહન ઘણી જ વાચનાઓ સાંભળેલી અને વાંચેલી

પણ ખરી.

'ગહન'ને સાદી ભાષામાં કહું તો જો તમારી પાસે વિશેષ જ્ઞાન ન હોય તો બધું જ બમ્પર જાય અને બોર  લાગે !

ધર્મસાધન શરીરની સુખકારિતામાં તો આવું ચિંતન સ્ફુરે તે તો સમજ્યા પણ જ્યારે શરીર વાંકુ પડ્યું હોય, અર્ધ બેભાન હોય ત્યારે ય આવું ચિંતન સ્ફુરે અને શબ્દો રૂપે પ્રગટ થાય ત્યારે દેહ અને આત્માની ભિન્નતાનું કેટલું ભાવન હશે તે જણાઈ આવે છે.

એમ અમસ્તાં જ થોડા ઘાણીમાં પીલાતાં ૫૦૦ સાધુઓને કેવલજ્ઞાન થઈ ગયા ?

એમ અમસ્તી જ થોડી બાયપાસ સર્જરીના અડધા કલાક પહેલાં, ઘેનના ૨-૨ ઈન્જેક્શન અપાઈ ગયા પછી યે, આંખો પરાણે ખોલ્યા છતાં ય બિડાતી હોય અને બે હોઠો વચ્ચે પુરતી જગાના અભાવે શબ્દો ય અસ્પષ્ટ નિકળતાં હોય તેવા સમયે અડધો-પોણો કલાકની યોગવિષયક વાચના આપી શકાય?

ચાલો, તે યોગસાધક યોગીપુરુષની યોગવિષયક વાચનાના થોડા અંશોને મમળાવી લઈએ :

''પૂજ્ય મુનિશ્રીઓને તેમજ તમને સહુને તેમજ સુશ્રાવક કુમારપાળ. વિ. શાહ, પ્રકાશભાઈ ઝવેરી, કલ્પેશભાઈ, જયેશભાઈ, હર્ષદભાઈ આદિ 'સુશ્રાવકોને ઓપરેશન થીયેટર'માં જતાં પૂર્વે પૂજ્યશ્રીએ આપેલી વાચનાના અંશો...

★ જીવનમાં આગળ વધવું હોય તો ભૌતિકતાના પૂજારી ન બનવું અને અધ્યાત્મની પક્કડ રાખવી.

★ અપુનર્બંધક દશાથી જીવમાં ભગવત્તાનો અંશ આવે છે. જેમ જેમ જીવ આગળ વધે... માર્ગાનુસારીતા સમ્યગ્દ્રષ્ટિ, શ્રાવક અને સાધુપણું પ્રાપ્ત કરે તેમ તેમ તેની ભગવત્તાનો વિકાસ થતો જાય છે. અંતે જીવ ભગવાન બનીને રહે છે.

★ જૈનશાસનમાં વચન પાલનનો પણ એકાંતે આગ્રહ રાખવાનો નથી. બ્રહ્મદત્તચક્રવર્તીએ વચન પાલનનો આગ્રહ ન રાખ્યો હોત તો કદાચ એની દુર્ગતિ અટકી જાત.

★ ભગવાને કેવો સરસ નિયમ કર્યો હતો. જ્યાં અપ્રીતિ થાય ત્યાં ન રહેવું. આ નિયમથી પોતે અને સામેના જીવો કર્મબંધથી બચી ગયા. જ્યારે કુરુટ-ઉત્કુરુટે આ નિયમનું પાલન ન કર્યું તો સાતમી નરકમાં રવાના થઈ ગયા.

★ જે ક્રિયાનો ઉદ્દેશ સારો હોય જેનું પરિણામ સારું હોય તેવી ક્રિયા આપણે કરવી જોઈએ.

★ ઉત્સર્ગ એક હોય છે પણ એના અપવાહો હજારો, લાખો, કરોડો હોય છે.

★ જીવનમાં કેટલીક આરાધનાઓ સહજસાધ્ય હોય છે. તો કેટલીક આરાધનાઓ સ્મૃતિસાધ્ય હોય છે એટલે કે કોઈ યાદ કરાવે અને આપણે તે ક્રિયા કરીએ. જ્યારે કેટલીક અલ્પકષ્ટસાધ્ય હોય છે મતલબ, એ ક્રિયા કરવા માટે પ્રમાદને ખંખેરવો પડે છે. થોડો પુરુષાર્થ કરવો પડે છે. તો કેટલીક ક્રિયા તીવ્રકષ્ટસાધ્ય હોય છે અર્થાત્ એ ક્રિયા કરવા માટે આપણું મનોબળ મજબૂત બનાવવું પડે છે. આત્માએ ભારે પુરુષાર્થ કરવો પડે છે જ્યારે કેટલીક ક્રિયાઓ અસાધ્ય હોય છે એટલે કે તે ક્રિયા ભલે આપણે કરી ન શકીએ પણ એના પ્રત્યે હૈયામાં ભારે પક્ષપાત હોય.

**સંકલન : પૂજ્ય પંન્યાસશ્રી મહાબોધિ વિજયજી ગણિ**

*('જિનાજ્ઞા'માંથી સાભાર)*

ઓપરેશન થિયેટરમાં જતાં સમયે સાહેબ બોલ્યાં'તાં :

મારો આત્મા અત્યારે એટલો સ્વસ્થ અને ઉપયોગવંત છે જો ધારું તો ક્લોરોફલોમની અસર પણ ચેતનાને અશુદ્ધ કરી શકે તેમ નથી !!!

■

# (૭૪) જ્ઞાનકળા અને જનસેવા

જ્ઞાન અને સેવા એ બે ગુણ આમ જુવો તો વિરુદ્ધ ભાસે. કારણ ?

એક સ્વોત્કર્ષતાનું કારણ બની શકે છે તો બીજો સ્વાપકર્ષતાનું કારણ બને છે.

ક્યારેક જ્ઞાનીની ચાલ ગર્વિલી અને મદ્દિષ્ઠ જોવા મળશે પણ સેવા કરનારની ?

સમાજસેવકના નામે ચાર જગાનો ચેરમેન બનેલો માણસની ચાલ મદભરી દેખાશે પણ સાચી સમાજસેવા કરનાર સેવક ?

ચાર સ્થાનનો ચેરમેન પણ હોય અને તેટલી જ તેની સરળતા પણ હોય તે જેમ જવલ્લે જ જોવા મળે તેમ જ્ઞાનગુણ પણ પ્રકૃષ્ટ હોય અને સેવાગુણ પણ ઉત્કૃષ્ટ હોય તે વિરલ આત્મામાં જ જોવા મળે.

**સાહેબ પાસે કોઈ પણ વૃદ્ધને સાચવી જાણવાની ગ્લાનસેવા છે તો કોઈ પણ ગ્રન્થને સમજી લેવાની જ્ઞાનકળા પણ છે.**

આ જ્ઞાનકળા 'ઉજ્જડ દેશમાં એરંડો પ્રધાન' જેવી નથી કે ગમારની પાસે કાંઈ પણ બાફી મારવા જેવી નથી.

દાદાગુરુ પ્રેમ સૂ.મ. ની બાજુમાં બેસીને ભણેલાં વિદ્વાન ૫૦ સાધુઓની સમક્ષ ખંભાતમાં પ્રાકૃત ભાષામાં વગર પૂર્વ તૈયારીએ પોણો કલાક વાચના આપવી તે તો મીણના દાંતે લોઢાના ચણા ચાવવાને બહેતર કહેવડાવે તેવી વાત છે.

જિનાજ્ઞા માસિક અંકમાં ચાલતાં 'શંકા અને સમાધાન' ના મથાળા હેઠળ આવતી પ્રશ્નોતરીને-સાહેબના સમાધાનને વાંચવા સાધુઓ તો આજના સમયે આતુર રહેતાં જ હોય છે.

એક મહાત્મા સાહેબને ઘણા સમયે મળેલાં. ત્યારે તેઓ કહેતાં'તાં કે 'હું અગ્રલેખ પણ પછી વાંચું છું. જિનાજ્ઞા આવે એટલે પ્રથમ 'શંકા અને સમાધાન' વાંચી લેવાનું !'

અરે ! તમને અને અમને સાહેબના સમાધાન ગમી જાય તે તો સમજ્યા. આપણી તો સ્લેટ જ કોરી છે ! પણ પૂ. ગુરુદેવને ય (આ. ભુવનભાનુ સૂ. મ.)સાહેબના સમાધાનો ખૂબ જ ગમતાં. **જેને આપણે ૨૫૦ પુસ્તકના સફળ લેખક પૂ.આ.શ્રી રત્નસુંદર મ. લિખિત 'ઓક્સિજન' પુસ્તકના અવતરણ પરથી માની અને માણી લઈએ :**

જલગાંવના ચાતુર્માસ પૂર્વે વિહારમાં વિશેષાવશ્યક ભાષ્યનું અધ્યયન

ચાલી રહ્યું હતું તો સાથોસાથ સત્પદાદિ પ્રરૂપણાનો સ્વાધ્યાય પણ ચાલી રહ્યો હતો. એમાં અવારનવાર જાતજાતની શંકાઓ ઊઠતી હતી જેના સમાધાન માટે હું પૂ.પં.શ્રી જયઘોષ વિ.મ. (હાલ પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિજી મહારાજ) પર પત્રો લખતો રહેતો હતો. તેઓશ્રી તરફથી જે સુંદર સમાધાનો મળતાં હતાં એ હું તો વાંચતો જ હતો પણ ગુરુદેવ, આપ પણ વાંચતાં હતાં અને ભરપૂર પ્રસન્નતા અનુભવતાં હતાં.

આ સંદર્ભમાં જ આપે મને સૂચન કર્યું હતું કે 'રત્નસુંદર, જયઘોષ જે સમાધાનો આપે છે એ સમાધાનો એવાં અદ્ભુત હોય છે કે એ વાંચ્યા પછી એ પદાર્થ અંગે મનમાં કોઈ શંકા જ ઊભી રહેતી નથી. તું જયઘોષ સાથે આવો પત્રવ્યવહાર ચાલુ જ રાખજે. તારા બહાને મને ય નવા નવા શાસ્ત્રીય પદાર્થો જાણવા મળતાં રહેશે.

ગુરુદેવ,

રનભૂખ્યા બૅટ્સમૅનને અને પૈસાભૂખ્યા લોભીને ય શરમાઈ જવું પડે એવી આપની જિનવચનભૂખ હતી. એ વિના આવું સૂચન આપ મને કરી જ શી રીતે શક્યા હોત ? મારામાં ય આપ આવી જિનવચનભૂખ પ્રગટાવી દો ને?

# (૭૫) ઓલ પોઝીટીવ !

માત્ર શરીરની જ શક્તિ નહિં, કિંતુ દુનિયાની બધી જ શક્તિ કરતાં મનની શક્તિ વધુ તાકાતવાન છે. એક કવિતાની પંક્તિ યાદ આવે છે.

*'કદમ હો અસ્થિર*
*તેને રસ્તો જડતો નથી,*
*અડગ મનના માનવીને*
*હિમાલય નડતો નથી.'*

પોઝીટીવ થિંકીગ આ જ વાતને પુષ્ટિ કરનારું છે. તમે જે સારું કે બુરું વિચારો છો તે પ્રમાણે ઘટના ઘટે છે. તે વૈચારિક સિદ્ધાન્ત મનશક્તિની પ્રબળતાનું પ્રમાણપત્ર છે.

**સાહેબે સત્તારૂઢ થયા બાદ પણ આજ્ઞાશક્તિ કરતાં ઈચ્છાશક્તિનો, મનશક્તિનો ઉપયોગ વધારે કર્યો છે.**

કાયમ પોઝીટીવ જ વિચારતાં સાહેબનું એટલે જ કદાચ કોઈ જ બુરું નહિ કરી શક્યું હોય ને !

લાખ્ખોના સદ્વ્યયે ઠાઠથી નિકળનાર ૬૬૬ સિદ્ધિતપનો ભવ્ય વરઘોડો જ્યારે પરમિશન ન મળતાં રદ્દ થયો ત્યારે ટ્રસ્ટીવર્ગને સાહેબે એટલું જ કહ્યું:

''આ તો ૬૬૬ સિદ્ધિતપના ઉજ્જવળ યશને લાગેલું કાળું ટીલ્લું છે. કોઈની નજર ન લાગી જાય ને માટે જ !!!''

સાહેબના વિચાર પોઝીટીવ છે તો સાહેબનો આચાર પણ પોઝીટીવ છે.

આચાર પોઝીટીવીટી એટલે કોઈનું બુરું ન કરવું, સારું જ કરવું.

સાહેબનો પોઝીટીવ આચાર તો બીજાનું સારું કરવા જતાં જો પોતાનું બુરું થઈ જતું હોય તો પોતાનું ગૌણ કરીને ય બીજાનું સારું કરવું તે કક્ષાનો છે.

**સાહેબનું જીવન જ જાણે કે પરાર્થ માટે જ છે. સ્વાર્થનો પૂર્વભવથી જ સાધીને આવ્યા હશે ને !**

'આ વસ્તુ કોઈને ન આપવી' તેવી સશરતી કોઈ પણ વસ્તુ સાહેબ રાખી નથી શકતાં તો આત્મગુણો પણ સાહેબ કેવી રીતે ગુપ્ત રાખી શકે ?

ગુણોનો ખજાનો સાહેબે ખુલ્લો મૂકી દીધો છે. તમારી તાકાત હોય એટલી લૂંટ ચલાવો ધોળે દિવસે ય !

હા, લેવા માટે તમારો હાથ કેટલો મોટો છે તે તમારે માપવાનું છે !

સાહેબનો વિચાર પોઝીટીવ છે, આચાર પણ પોઝીટીવ છે.

આ પોઝીટીવીટી સાહેબમાં એટલી વણાઈ ગઈ છે કે સાહેબનું રક્ત પણ પોઝીટીવ છે !

સર્વજીવ પ્રત્યેની કરુણાથી તીર્થંકરનું લોહી દૂધ સહોદર હોય છે તો સર્વજીવો પ્રત્યે અમાપ વાત્સલ્ય અને કરુણાને ધારણ કરનાર સાહેબનું લોહી માત્ર પોઝીટીવ જ નહિ પરંતુ "O" પોઝીટીવ હોય તેમાં શું નવાઈ !

કોઈને ન આપી શકાય તેવી જો કોઈ વસ્તુ સાહેબ રાખતાં નથી તો કોઈને ન આપી શકાય તેવું લોહી પણ સાહેબ કેમ રાખે ? "O" પોઝીટીવ લોહી બધાને ચાલે !!!

સાહેબ જો સાધુઓના કોઈપણ ગ્રુપ સાથે ભળી જવાના સ્વભાવવાળા છે તો સાહેબનું રક્ત પણ કોઈપણ બ્લડગ્રુપ સાથે મળી જવાના સ્વભાવવાળું છે !

સાહેબના ગુણો અને રક્તના ગુણોનું કેવું સુંદરતમ સામ્ય !

એક પંક્તિ લલકારવાનું મન થઈ જાય :

*'न केवलं स्वार्थमुक्तं, वीतस्वार्थ ! मनस्तव... ।'*

સાહેબના વિચાર પોઝીટીવ, આચાર પોઝીટીવ, લોહી પણ "O" પોઝીટીવ અને સાહેબનું પોતાનું પોત 'ઓલ' પોઝીટીવ !

■

જેઓની દેહની સ્થૂલતા કરતાં મનની ઉદારતા અધિક છે.
બુદ્ધિની સૂક્ષ્મતા કરતાં અંતઃકરણની સંવેદનશીલતા વધારે છે.
દેખીતી બાહ્યસમૃદ્ધિ કરતાં અનુભવાતી
આન્તરગુણસૃષ્ટિ વિસ્તૃત છે.
જેમની આંખોમાં કરુણા, હૃદયમાં કોમળતા,
મતિમાં કુણાશતા, હાથમાં કલ્યાણદાયિતા અને
પગમાં વિહગચારિતા છે તેવા કચ્છપવૃત્તિ, પુણ્ય અને ગુણની
યુતિથી કમનીય પૂજ્યશ્રીના સ્વરૂપસુંદર સ્વરૂપને વંદન.

# ઐતિહાસિક પળો અને યાદો

| | |
|---|---|
| **જન્મ** | વિ.સં. ૧૯૯૨ અષાઢ વદ-૨ મુંબઈ - ભુલેશ્વર |
| **નામ** | જવાહર |
| **પિતા** | મફતભાઈ |
| **માતા** | કાંતાબેન |
| **દીક્ષા** | વિ.સં. ૨૦૦૬ વૈશાખ વદ-૬ મુંબઈ - ભાયખલા |
| **દીક્ષિત નામ** | મુનિ જયઘોષ વિજય |
| **વડીદીક્ષા** | વિ.સં. ૨૦૦૬ આસો વદ-૬ પાલીતાણા |
| **ગણિપદ** | વિ.સં. ૨૦૩૧ કારતક વદ-૧૦ અમદાવાદ- પંકજ |
| **પંન્યાસપદ** | વિ.સં. ૨૦૩૪ વૈશાખ સુદ-૫ અમદાવાદ- ગિરધરનગર |
| **આચાર્યપદ + સિદ્ધાંત દિવાકર પદવી** | વિ.સં. ૨૦૪૦ મહા સુદ-૧૩ જલગાંવ |
| **ગચ્છાધિપતિપદ** | વિ.સં. ૨૦૪૯ વૈશાખ વદ-૪ મુંબઈ- ગોરેગાંવ |
| **ગુરુ** | પિતામુનિરાજ શ્રી ધર્મઘોષ વિજય મહારાજ |
| **દાદાગુરુ** | પૂ. આચાર્ય શ્રી ભુવનભાનુસૂરિજી મહારાજ |
| **પ્રદાદાગુરુ** | પૂ. આચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ |
| **વતન** | પાટણ |

## પુનિત સંતના પાવન પગલે...

| વિ.સં. | સ્થળ |
| --- | --- |
| ૨૦૦૬ | પાલીતાણા |
| ૨૦૦૭ | મુંબઈ - ઈર્લા |
| ૨૦૦૮ | મુંબઈ - લાલબાગ |
| ૨૦૦૯ | મુંબઈ - ઈર્લા |
| ૨૦૧૦ | અહમદનગર |
| ૨૦૧૧ | પુના |
| ૨૦૧૨ | મુંબઈ - લાલબાગ |
| ૨૦૧૩ | અમદાવાદ-જ્ઞાનમંદિર |
| ૨૦૧૪ | અમદાવાદ-જ્ઞાનમંદિર |
| ૨૦૧૫ | સુરેન્દ્રનગર |
| ૨૦૧૬ | શિવગંજ |
| ૨૦૧૭ | પિંડવાડા |
| ૨૦૧૮ | પિંડવાડા |
| ૨૦૧૯ | જાવાલ |
| ૨૦૨૦ | પિંડવાડા |
| ૨૦૨૧ | પાટણ |
| ૨૦૨૨ | અમદાવાદ -દશા પોરવાડ |

| વિ.સં. | સ્થળ |
| --- | --- |
| ૨૦૨૩ | ખંભાત |
| ૨૦૨૪ | ખંભાત |
| ૨૦૨૫ | પિંડવાડા |
| ૨૦૨૬ | પિંડવાડા |
| ૨૦૨૭ | શિરોહી |
| ૨૦૨૮ | અમદાવાદ-જ્ઞાનમંદિર |
| ૨૦૨૯ | અમદાવાદ -દશા પોરવાડ |
| ૨૦૩૦ | અમદાવાદ -પંકજ |
| ૨૦૩૧ | અમદાવાદ -જૈન નગર |
| ૨૦૩૨ | અમદાવાદ -પગથીયે |
| ૨૦૩૩ | અમદાવાદ- કાળુશીની પોળ |
| ૨૦૩૪ | અમદાવાદ - ભગવાન નગરનો ટેકરો |
| ૨૦૩૫ | મુંબઈ - લાલબાગ |
| ૨૦૩૬ | મુંબઈ - ચંદનબાળા |
| ૨૦૩૭ | સુરત |

| વિ.સં. | સ્થળ |
|---|---|
| ૨૦૩૮ | પાલનપુર |
| ૨૦૩૯ | નવસારી |
| ૨૦૪૦ | પુના |
| ૨૦૪૧ | મુંબઈ - મલાડ (ઈ) |
| ૨૦૪૨ | મુંબઈ - ઈર્લા |
| ૨૦૪૩ | કોલ્હાપુર - ગુજરી |
| ૨૦૪૪ | હુબલી - કર્ણાટક |
| ૨૦૪૫ | મદ્રાસ - તામિલનાડુ |
| ૨૦૪૬ | કોઈમ્બતુર - તામિલનાડુ |
| ૨૦૪૭ | હુબલી - કર્ણાટક |
| ૨૦૪૮ | સુરત - ગોપીપુરા |
| ૨૦૪૯ | મુંબઈ - મલાડ (ઈ) |
| ૨૦૫૦ | મુંબઈ - ગોરેગાવ |
| ૨૦૫૧ | અમદાવાદ-ગિરધરનગર |
| ૨૦૫૨ | અમદાવાદ-સાબરમતી |
| ૨૦૫૩ | પિંડવાડા |

| વિ.સં. | સ્થળ |
|---|---|
| ૨૦૫૪ | સુરત - કૈલાસનગર |
| ૨૦૫૫ | પુના |
| ૨૦૫૬ | મુંબઈ - ગોવાલીયા ટેંક |
| ૨૦૫૭ | મુંબઈ - ઈર્લા |
| ૨૦૫૮ | સુભાનપુરા - વડોદરા |
| ૨૦૫૯ | મુંબઈ - ઘાટકોપર (નવરોજી લેન) |
| ૨૦૬૦ | મુંબઈ - ગોરેગાવ (જવાહર નગર) |
| ૨૦૬૧ | મુંબઈ - પાર્લા (ચિંતામણી) |
| ૨૦૬૨ | મુંબઈ - કાંદિવલી (અશોક નગર) |
| ૨૦૬૩ | મુંબઈ - માટુંગા |
| ૨૦૬૪ | મુંબઈ - ઘાટકોપર (૬૦ ફીટ રોડ) |
| ૨૦૬૫ | ભીવંડી |
| ૨૦૬૬ | મુંબઈ - મુલુંડ (ઝવેર રોડ) |
| ૨૦૬૭ | મુંબઈ - સાંતાક્રુઝ |

# પૂજ્યશ્રીનો શિષ્ય - પ્રશિષ્ય પરિવાર

પ.પૂ. આચાર્ય શ્રી જયસુંદર સૂરિ મ.

પ.પૂ. આચાર્ય શ્રી હરિકાંત સૂરિ મ.

પ.પૂ. પંન્યાસ શ્રી જયસોમ વિજય મ.

પ.પૂ. પંન્યાસ શ્રી સૂર્યકાંત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી રવિકાંત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી સત્યકાંત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી આદિત્યસોમ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી રમ્યઘોષ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી પ્રેમસુંદર વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી દિવ્યદર્શન વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી દયાસિંધુ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી લબ્ધિનિધાન વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી કૃપાબિંદુ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી હ્રિઁકારયશ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી સુધારસ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી ભામંડલ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી શિવશર્મ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી હર્ષિત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી પ્રિયદર્શી વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી જુગંધર વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી શત્રુંજય વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી ધનંજય વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી સુભાષિત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી વિકસ્વર વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી કરુણાદૃષ્ટિ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી નંદાવર્ત વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી મૈત્રીભાવ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી હસ્તગિરિ વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી જ્ઞાનોદય વિજય મ.

પ.પૂ. મુનિ શ્રી પરિમલ વિજય મ.